બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ




**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**જુન-૨૦૨૬**

ઝિલ્ હજ્જ - મુહર્રમુલ હરામ
હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૩, અંક : ૫, સળંગ અંક : ૨૬૯

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 ફક્ત સંપર્ક માટે નંબર

Web. :www.barkatekhwaja.net
anjuman2006new@gmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

**K લવાજમ K**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ અને ફતાવા લેખન | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | હદાઈકે બખ્શિશ (ભાગ-૨) | 12 |
| 04 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 16 |
| 05 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 20 |
| 06 | તઝકેરતુલ અવલિયા :હઝરત ઈબ્ને અતા رحمۃ اللہ علیہ | 23 |
| 07 | ઈસ્લામી અખ્લાકો આદાબ | 26 |
| 08 | અંબિયા علیہم السلام ના તસર્રુફાત (અખત્યારો) કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 29 |
| 09 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 33 |
| 10 | ઝર્બે હૈદરી | 37 |
| 11 | સિલએ રહમી (સગાં સાથે સારા સંબંધો)નુ વર્ણન | 41 |
| 12 | શું આશૂરાની દુઆ માટે કોઈ સનદ છે ખરી ? | 43 |
| 13 | ફઝાઈલે અહલે બૈત અને અમુક બનાવટી રિવાયતો | 45 |


## કલામુલ્ ઈમામ ઈમામુલ્ કલામ

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ

ચમને તયબહ મેં સુંબુલ જો સંવારે ગૈસૂ
હૂર બળહકર શિકને નાઝ પે વારે ગૈસૂ
કી જો બાલોં સે તેરે રૌઝેકી જારૂબ કશી
શબ કે શબનમ ને તબર્રુક કો હૈ ધારે ગૈસૂ
હમ સિયાહકારોં પે યા રબ તપીશે મેહશરમેં
સાયા અફગન હોં તેરે પ્યારકે પ્યારે ગૈસૂ
સૂખે ધાનોંપે હમારે ભી કરમ હો જાએ
છાએ રહમતકી ઘટા બન કે તુમ્હારે ગૈસૂ
સિલસિલા પા કે શફાઅતકા ઝુકે પળતે હૈં
સજદએ શુક્રકે કરતે હૈં ઈશારે ગૈસૂ
ભીની ખુશ્બૂસે મહેક જાતી હૈ ગલિયાં વલ્લાહ !
કૈસે ફૂલોં મેં બસાએ હૈં તુમ્હારે ગૈસૂ
શાને રહમત હૈ કે શાના ન જુદા હો દમ ભર
સીના ચાકોં પે કુછ ઈસ દરજા હૈ પ્યારે ગૈસૂ
તેલ કી બુંદેં ટપકતી નહીં બાલોંસે "રઝા"
સુબ્હે આરિઝ પે લૂટાતે હૈં સિતારે ગૈસૂ

(ઉર્સ : ૧૪ મુહર્રમ)

# હુઝૂર મુફ્તીએ આઝમ رحمۃ اللہ علیہ અને ફતાવા લેખક

તંત્રી લેખ

મુજદ્દિદ ઈબ્ને મુજદ્દિદ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા, શાહઝાદએ આ'લા હઝરત, મુસ્તફા રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની શખ્સિયત કોઈ ઓળખની મોહતાજ નથી. આપ ઈલ્મો અમલ, તકવા પરહેઝગારી, ફિક્હી મસાઈલના ઉચ્ચ નિષ્ણાત તથા તરીક્તના આસ્માનના ચમકતા સિતારા હતા, રૂહાનિયતના ગુલશનના મહેકતા ફૂલ, કરામતોના ખજાના ધરાવનાર, એલાને હક્કમાં અતિશય નીડર તથા અડગતાના પહાડ, મહાન શાનવાળા બુઝુર્ગ, પોતાના સમયના કુતુબ, આરિફ બિલ્લાહ થઈ ગયા. મજકૂર લેખમાં ખાસ કરીને આપની ફતવા નવેશી (ફતવા લેખન) સંબંધે ચર્ચા રજૂ કરીએ છીએ.

ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرَّہُ الْعَزِیْزએ પોતાના પિતા મુફતી નકી અલીખાં قُدِّسَ سِرَّہُ الْعَزِیْزના નકશે કદમ પર ચાલીને પોતાના બંને શાહઝાદાઓ હુજ્જતુલ ઈસ્લામ હામિદ રઝા અને મુફતીએ આ'ઝમને ઈલ્મના અલંકારોથી શણગારીને બાકાયદા ફત્વા નવેસીની ખાસ તાલીમો તર્બિયત આપી. જેમ કે ઈમામ અહમદ રઝા જ્યારે અંદર મકાનમાં ફત્વા તથા લેખન સંપાદનનું કામ કરતા તો કુતુબખાનાથી કિતાબો કાઢીને હવાલાની નિશાનદેહીની ખિદમત મોટા સાહબઝાદા હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝાખાં બરેલ્વી قُدِّسَ سِرَّہُ الْعَزِیْزને સુપરત હતી.

હિ.સ. ૧૩૩૬, ઈ.સ. ૧૯૦૮માં ઉસ્તાદે ઝમન મૌલાના હસન રઝાખાં બરેલ્વી قُدِّسَ سِرَّہُ الْعَزِیْزના વિસાલ બાદ "જામિઆ રઝવિય્યહ મન્ઝરે ઈસ્લામ–બરેલી"ની વ્યવસ્થા જ્યારે મોટા શહઝાદા હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝા બરેલ્વી قُدِّسَ سِرَّہُ الْعَزِیْزને સુપરત થઈ. તો હુજ્જતુલ ઈસ્લામની જગા નાના શહઝાદા મુફતીએ આ'ઝમ મૌલાના મુસ્તફા રઝા قُدِّسَ سِرَّہُ الْعَزِیْزને સુપરત થઈ કે દેશ વિદેશથી આવનારા સવાલોના જવાબોની તૈયારીમાં ઈમામ અહમદ રઝાના હવાલાના માટે કોઈ ઈબારત (લખાણ)ની જરૂરત હોય તો તે કિતાબ કાઢીને હવાલાની નિશાનદેહી કરે અને ઈમામ અહમદ રઝાની ખિદમતમાં પેશ કરે. હઝરત મુફતીયે આ'ઝમે કમાલની હુસ્નો ખૂબી સાથે આ ખિદમત અંજામ આપી.

## મુફતીએ આ'ઝમની ફતવા નવેસીની શરૂઆત

હિ.સ. ૧૩૨૮, ઈ.સ. ૧૯૧૦માં જ્યારે હુઝૂર મુફતીએ આ'ઝમની ઉમર શરીફ ૧૮ વરસની થઈ. આપ કોઈ કામ અર્થે રઝવી દારુલ ઈફતામાં પહોંચ્યા તો ત્યાં મલિકુલ ઉલમા મૌલાના ઝફરૂદ્દીન બિહારી ફતવા રઝવિય્યહથી શોધીને ફતવાનવેસીમાં મશગૂલ હતા. હઝરત મુફતીયે આ'ઝમે ફર્માવ્યું, મેં કહ્યું, શું ફતાવા રઝવિય્યહ જોઈને જવાબ લખો છો ?! મૌલાનાએ કહ્યું, અચ્છા ! તમે વગર જોયા લખી આપો તો જાણુ ! મેં તરત લખી આપ્યો. તે રઝાઅતનો મસ્અલો હતો. જ્યારે એ ફત્વો ઈસ્લાહના હેતુથી ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرَّہُ الْعَزِیْزની બારગાહમાં પેશ કરવામાં આવ્યો. તો ઈમામ અહમદ રઝાએ અક્ષરો ઓળખી લીધા. પૂછયું કે કોણે આપ્યો છે ? લઈ જનારે બતાવ્યું, છોટે મિયાએ. ઈમામ અહમદ રઝાએ બોલાવ્યા તો મુફતીયે આ'ઝમ ખિદમતમાં હાજર થયા.

જોયું કે આ'લા હઝરત બાગ બાગ છે, પેશાની મુબારકથી ખુશીભર્યા ચહેરાના કારણે કિરણો ફૂટી રહ્યાં છે. ફર્માવ્યું, આના પર દસ્તખત (સહી) કરો. સહી કરાવ્યા બાદ ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ صح الجواب بعون اللہ العزیز الوہاب લખીને પોતાના દસ્તખત કર્યા. આ રીતે જો એક તરફ હઝરત મુફતીએ આ'ઝમે દારુલ ઈફતાના મુફતીયાને કિરામ પર અગ્રતા લઈ ગયા, તો બીજી તરફ ઈમામ અહમદ રઝા બરેલ્વી مدظلہ العالی ની તરફથી ફતવાનવેસીની આપને બાકાયદા ઈજાઝત પણ મળી ગઈ.

ફતવા નવેસીની આ સરસ શરૂઆત પર ઈમામ અહમદ રઝા مدظلہ العالی એ પોતાના નાના શહઝાદા મુફતીએ આ'ઝમને પાંચ રૂપિયા ઈનામ રૂપે અતા કરીને ફર્માવ્યું, "તમારી મોહર બનાવી આપુ છું, હવે ફતાવા લખ્યા કરો. તમારું એક રજીસ્ટર બનાવી લો એમાં નકલ પણ કર્યા કરો." ઈમામ અહમદ રઝાએ પોતાના દસ્તે મુબારક વડે મોહરનો નકશો દોરી આપ્યો. નીચે મુજબ લખાણ લખ્યું : "અબુલ બરકાત મોહયુદ્દીન જીલાની આલે રહમાન ઉર્ફ મુહમ્મદ મુસ્તફા રઝા" અને મૌલાના હાફિઝ યકીનુદ્દીન રઝવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ના ભાઈના હવાલે કર્યું. જ્યારે મોહર બનીને આવી ગઈ તો શાહઝાદા મુફતીએ આ'ઝમને બોલાવીને અતા કરી. આ મોહર દીની સમજની સનદ હતી, અને અસાબતે ફિક્ર (ચિંતન વિચારમાં દુરુસ્તગી)નું એલાન હતી.

ફકીહે અસ્ર મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી શારેહે બુખારી શરીફ હઝરત મુફતીએ આ'ઝમ قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ના આ પ્રથમ ફત્વા વિશે લખે છે : આ અજબનો સંજોગ છે કે આ'લા હઝરત قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ પણ પ્રથમ ફત્વો રઝાઅતનો લખ્યો હતો. અને તેમના આઈનએ જમાલો કમાલ મુફતીયે આ'ઝમે પણ ફત્વો રઝાઅતના મસ્અલા પર જ લખ્યો. ખાસ વાત એ છે કે આ પહેલા ફત્વા પર ન એક શબ્દ ઘટાડયો ન એક શબ્દ વધાર્યો. કોઈ સુધારણા ન કરી. પ્રથમ ફત્વો જ હઝરત મુફતીએ આ'ઝમે એવો સહીહ તથા સંપૂર્ણ લખ્યો કે ક્યાંય તેમાં કોઈ આંગળી રાખવાની જગા ન હતી. (શેઅર) *આગાઝકા જબ યે આલમ હૈ, તો અંજામકા આલમ ક્યા હોગા !*

ઈમામ અહમદ રઝા مدظلہ العالی ને પોતાના નાના ફરઝંદ મુફતીએ આ'ઝમની ફકાહત તથા ષકાહત (દીનની ઊંડી સમજ તથા ભરોસામંદી) પર એ રીતનો ભરોસો હતો કે પોતાના અમુક ફતવાઓ પર તેમની સમર્થક તરીકેની સહી કરાવતા હતા.

ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ પોતાની પવિત્ર જિંદગીમાં સેંકડો મસાઈલ પોતાના નાના પુત્ર મુફતીએ આ'ઝમથી લખાવ્યા અને તેમની તસ્દીક તથા તસ્વીબ (સમર્થન) ફર્માવીને પોતાની દસ્તખત (સહી) કરી.

રજબ હિ.સ. ૧૩૩૯માં આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ અખંડ ભારતના માટે દારુલ કઝાએ શરઈ સ્થાપ્યું અને અમુક ઉલમાએ કિરામની મૌજૂદગીમાં હઝરત સદરુશ્શરીઅહ મૌલાના મુહમ્મદ અમજદ અલી રઝવી આ'ઝમીને પૂરા અખંડ ભારતના કાઝીએ શરઅ બનાવ્યા અને હઝરત મુફતીએ આ'ઝમ મૌલાના મુહમ્મદ મુસ્તફા રઝા નૂરી બરેલ્વી, હઝરત મુફતી મુહમ્મદ બુરહાનુલ હક્ક જબલપુરી رحمۃ اللہ علیہا ને દારુલ કઝાના મુફતી અને મુઈનુલ કઝાની હૈસિયતથી નિયુક્ત કર્યા અને એ પણ જાહેર કરી આપ્યું કે, "અલ્લાહ عَزَّوَجَلَّ અને તેના રસૂલ صلی اللہ علیہ وسلم એ જે અખત્યાર મને અતા કર્યો છે એના આધાર પર આ નિયુક્તી અમલમાં આવી છે."

## મૌલાના મુસ્તફા રઝાને મુફતીએ આ'ઝમનો ખિતાબ

૨૫ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૩૪૭, ઓગષ્ટ–૧૯૨૮ના ખાનકાહે આલિયા રઝવિય્યહ બરેલીના

અઝમુશ્શાન ઈજતેમામાં જેમાં હજારોની સંખ્યામાં મુસલમાનો શરીક હતા. સ્થાનિક ઉલમાએ કિરામ, અવલિયાએ એઝામ, કૌમની જાણીતી હસ્તીઓ ઉપરાંત લંકા, બંગાલ, પંજાબ, મુંબઈ, ગુજરાત, કાઠિયાવાડ, ગોંડલ, મદ્રસા, યુ.પી. રાજપૂતાના સરહદના જલીલુલ કદર ફાઝિલો તથા કૌમના પ્રતિષ્ઠાવાન લોકો તથા સરદારો પણ જલસામાં હાજર હતા. એ ઐતિહાસિક જલસામાં હઝરત મૌલાના મુહમ્મદ મુસ્તફા રઝા નૂરી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ને "મુફતીએ આ'ઝમ" અને "સદરુલ ઉલમા" ન કેવળ કહેવામાં આવ્યા બલ્કે શાહઝાદએ અકબર હુજ્જતુલ ઈસ્લામ મૌલાના મુહમ્મદ હામિદ રઝાખાં બરેલ્વી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ના હુકમથી એ ઈજલાસમાં જે તજવીઝો પસાર થઈ તેમાં તજવીઝ નં. ૩માં આપને સદરુલ ઉલમા અને મુફતીએ આ'ઝમ લખવામાં આવ્યા.

સદરુલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ ઈ.સ. ૧૯૪૬માં મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન મૌલાના સરદાર અહમદ રઝવી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ને સુન્ની કોન્ફરન્સ બનારસમાં શિર્કતનું જે દાવતનામુ મોકલવામાં આવ્યું હતું એમાં પણ હઝરતને હુઝૂર મુફતીએ આ'ઝમ દર્શાવ્યા.

ઈ.સ. ૧૯૪૬ અખંડ ભારતના હજારો ઉલમા તથા મશાઈખે ઓલ ઈન્ડિયા સુન્ની કોન્ફ્રન્સના ઈજલાસના મોકા પર અખંડ ભારતના માટે જે દારૂલ કુઝાતના અમુક મુફતીયાને કિરામના નામો પર એકમતી કરવામાં આવી એમનામાં હઝરત મુફતીએ આ'ઝમનું નામ નામી યાદીમાં પ્રથમ સ્થાને છે.

ઓલ ઈન્ડિયા સુન્ની કોન્ફ્રન્સ બનારસનો એક ઐતિહાસિક ઈજલાસ ૨૪થી ૨૭ જમાદીઉલ ઉલા હિ.સ. ૧૩૬૫, ૨૭ થી ૩૦ એપ્રિલ ઈ.સ. ૧૯૪૬ના ગોઠવાયો. એ ઈજલાસમાં પાંચસો મશાઈખે એઝામ. સાત હજાર ઉલમાએ કિરામ અને બે લાખ કરતાં અધિક અવામે અહલે સુન્નત શરીક થયા. એ ઈજલાસમાં હઝરત મુફતીએ આ'ઝમે મર્કઝી કિરદાર અદા કર્યો અને કોન્ફ્રન્સની તરફથી મુસલમાનોની ભલાઈ તથા બેહતરીના માટે જે વિવિધ કમીટીઓ નિયુક્ત થઈ એમનામાં અમુકની સરબરાહી હઝરત મુફતીએ આ'ઝમે કબૂલ કરી. જે મજલિસોમાં આપની પસંદગી થઈ તે આ પ્રમાણે છે : તાલીમ, પાકિસ્તાન, દારુલ કુઝાત, બંધારણીય કાનૂનો, જમીઅત આઈન સાઝ.

ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ના વિસાલ બાદ રઝવી દારુલ ઈફતામાં આવનારા હજારો મસાઈલના જવાબો લખનારા કેવળ બે હતા, એક હઝરત મુફતીએ આ'ઝમ અને બીજા હઝરત સદરુશ્શરીઅહ. હઝરત હુજ્જતુલ ઈસ્લામ જો કે હઝરત મુફતીયે આ'ઝમના ઉસ્તાદ હતા અને પોતે જબરદસ્ત મુફતી હતા પણ મસાઈલ એ બંને હઝરાતને ત્યાં મોકલી આપતા, ખૂબ જ ઓછો એવો સંજોગ બનતો કે ખુદ કોઈ ફત્વો લખતા. અને જ્યારે હઝરત સદરુશ્શરીઅહ અજમેર શરીફ ચાલ્યા ગયા તો એકલા મુફતીયે આ'ઝમ રઝવી દારુલ ઈફતામાં આવનારા તમામ મસાઈલને લખ્યા કરતા. એ જમાનામાં લોકો આજની સરખામણીમાં અધિક દીનદાર હતા. દરેક મામલામાં શરીઅતનો હુકમ પૂછતા હતા અને દીની મદરસાઓ તે પણ અહલે સુન્નતના ખૂબ જ ઓછા હતા. આજે અલ્લાહના ફઝ્લથી મદરસાઓ ખૂબ જ અધિક પ્રમાણમાં છે અને લગભગ દરેક મદ્રસામાં દારુલ ઈફતા છે. હવે અંદાઝો લગાડો કે હઝરત મુફતીએ આ'ઝમ કેટલા મસાઈલ લખતા રહ્યા હશે. વળી ફતવાની શાન એ હતી કે સૌમાં આ'લા હઝરતની તર્ઝ (ઢબ) મૌજૂદ છે. એ જ વર્ણન શૈલી, એ જ દલીલોનું જોર, એ જ ફિકહી જુઝઈય્યાની શહાદતોનો ઝખીરો. જાણવા મળે છે કે મુફતીયે આ'ઝમનો કલમ છે અને મઝમૂન (લખાણ) આ'લા હઝરતનું. એ

વખતે દેશમાં ચો તરફ ઘણા ઉલમા તથા ફકીહો હતા, કોઈને ત્યાં એ જામઈય્યત (સમૃધ્ધતા) જે મુફતીયે આ'ઝમના ફત્વામાં હતી એ નથી જોવા મળતી અને ન મળશે.

એ જ કારણે આ'લા હઝરત قُدِّسَ سِرُّهُ الْعَزِيز ના વિસાલ બાદ ઉલમા તથા ફકીહોને આપની ફતવાની અઝમતની ખૂબ જ જલ્દી ખાત્રી થઈ ગઈ અને થોડાક વરસોની અંદર જ મોટા મોટા ઉલમા આપને મુફતીએ આ'ઝમના લક઼બથી યાદ કરવા લાગ્યા જેની અમુક સાક્ષીઓ સન તથા તારીખ સાથે વર્ણન પામેલ છે.

આફતાબે શરીઅત, માહતાબે તરીકત હઝરત મુફતીએ આ'ઝમની ચમક કેવળ હિંદુસ્તાન સુધી જ સીમિત ન રહી બલ્કે સર્વ ઈસ્લામી જગત આપની ઈલ્મિયત તથા ફક઼ાહત અને તરીકતના નૂરથી ફયઝયાબ થયું.

હઝરત મુફતીયે આ'ઝમ જ્યારે હજ્જે બયતુલ્લાહના માટે તશરીફ લઈ ગયા તો હિજાઝ, મિસર, શામ, ઈરાક઼ અને તુર્કી વગેરેના ઉલમાએ આપને મસાઈલ પૂછયા. તદ્ઉપરાંત આપની પાસે અરબ, આફ્રિકા, મોરિશિયસ, ઈંગ્લેન્ડ, અમેરિકા, શ્રીલંકા, મલેશિયા, બંગ્લાદેશ, અને પાકિસ્તાનથી ઈસ્તિફતા (દીની સવાલો) આવ્યા અને આપે એમના જવાબો લખ્યા.

## હુકૂમતના ફર્માન વિરૂધ્ધ ફત્વો

હિ.સ. ૧૩૫૪ ઈ.સ. ૧૯૩૫માં શીખોએ અંગ્રેજ હાકિમોના પીઠબળ હેઠળ શહીદગંજ લાહોરની મસ્જિદને તોડી પાડી અને એ દાવો કર્યો આ ઈમારત તથા જગ્યા ગુરૂદ્વારાની છે અને મુસલમાનોએ પચાવી પાડેલી છે. મસ્જિદને તોડી નાખવા પર અખંડ ભારતના મુસલમાન તડપી ઉઠયા. મસ્જિદને પરત પામવા માટે જલસા જુલૂસોનો ક્રમ ચાલુ થઈ ગયો. બદકિસ્મતીથી મજલિસે અહરારે મુસલમાનોની સામૂહિક કોશિશમાં ન કેવળ ભાગ લીધો બલ્કે આ ખાલિસ ઈસ્લામી ચળવળનો વિરોધ કર્યો અને એવો દુષ્પ્રચાર કર્યો કે આ ચળવળમાં હિસ્સો લેવો જાઈઝ નથી. જે મુસલમાન આ ચળવળમાં જાનનું નઝરાણુ પેશ કરી રહ્યા છે એમની મૌત હરામ મૌત છે, તેઓ શહીદ નથી.

૨૭ રબીઉલ આખર હિ.સ. ૧૩૫૪, ઈ.સ. ૧૯૩૫ના મસ્જિદે શહીદગંજને પરત પામવા હેઠળ મૃત્યુ પામનારા અને ચળવળમાં હિસ્સો લેનારાઓની શરઈ હૈસિયત સંબંધે એક ફત્વો હઝરત મુફતીયે આ'ઝમની ખિદમતમાં આવ્યો. આપે ખૂબ જ વિગતવાર શરીઅતની દલીલોથી સાબિત કર્યું કે, મુસલમાનો પર ફર્ઝ છે કે આ ચળવળમાં હિસ્સો લઈને મસ્જિદને શીખોથી આઝાદ કરાવે, અને જે લોકો આ ચળવળમાં જાનનું નઝરાણુ પેશ કરી ચૂક્યા છે તેઓ શહીદ છે.

હિ.સ. ૧૩૯૬, ઈ.સ. ૧૯૭૬–૭૭નો દોર હિંદના મુસલમાનો માટે એક ભયાનક તોફાનનો દૌર હતો. હુકૂમતે નસબંદીના જાઈઝ હોવા માટે મુફતીઓને લાલચ સાથે તથા ડરાવીને ઝુકાવવાની કોશિશ કરી. કોંગ્રેસી મુફતીઓએ એના જાઈઝ હોવાનો ફત્વો બહાર પાડી દીધો. રેડિયો તથા વર્તમાન પત્રો થકી તેનો ખૂબ પ્રચાર કરવામાં આવ્યો. હિંદુસ્તાનનો મુસલમાન હવે એવા નાઝુક મોડ પર આવી ચૂક્યો હતો જ્યાં ચોતરફ અંધકાર જ અંધકાર હતો. પૂરી કોમ એવા અમીરે કારવાંની તલાશમાં હતી જે તેને સહારો આપે. ઈમાન તથા અક઼ીદાની ઉજડી રહેલી ખેતીને લાલાઝાર બનાવી દે. આ હાલાતમાં પાસબાને નામૂસે રિસાલત, મિલ્લતે ઈસ્લામિયાના મહાન મુજાહિદ, અહલે સુન્નતના તાજદાર, હઝરત મુફતીયે આ'ઝમ પોતના ઈલ્મી તથા રૂહાની વક઼ારથી જાબિર તથા જાલિમ હાકિમની સામે હક્ક વાત કહેવા ખડા થયા. આપે બેબાકી તથા હક્ક઼ગોઈથી કામ લેતાં ફત્વો જારી કર્યો : "નસબંદી હરામ છે ! હરામ છે ! હરામ છે !"

કેમ કે પ્રચાર માધ્યમો પર હુકૂમતના લોખંડી પંજાઓનો મજબૂત કબજો હતો જેથી તેમને પ્રચારનો ઝરીયો બનાવવું શક્ય ન હતું, જેથી આપે હુકૂમત વિરૂધ્ધ નસબંદી જાઈઝ ન હોવાના ફત્વાને સાઈકલો સ્ટાઈલ કરાવીને દેશના ખૂણે ખૂણે ફેલાવી દીધો. ફાયદા તથા નુકસાનના અંદેશાથી બેપરવા થઈને હઝરત મુફતીયે આ'ઝમનું હિંમતભર્યું પગલુ દીને મુસ્તફાની હિફાઝતનો ઝરીયો બની ગયું અને જાલિમો જાબિર હુકૂમત ઈમરજન્સીના દૌરમાં આપના ફત્વા સમક્ષ લાચાર બનીને રહી ગઈ. નસબંદી વિરૂધ્ધ ફત્વો બહાર પાડવા અને તેને પ્રસિધ્ધ કરવાના કારણે જિલ્લા કલેક્ટરે શસ્ત્ર સજ્જ ફોર્સની સાથે હઝરત મુફતીએ આ'ઝમની ધરપકડ માટે સખત ફર્માન બહાર પાડી દીધુ, પરંતું એક રાજ્ય કક્ષાના મંત્રી અને યુ.પી.ના માજી સ્પીકરે કેન્દ્રિય હુકૂમત સાથે સંપર્ક કરીને તેને વર્તમાન સ્થિતિથી માહિતગાર કરી, અને કહ્યું કે, જો હઝરત મુફતીયે આ'ઝમની ધરપકડ કરવામાં આવી તો પૂરા દેશમાં અજંપા તથા સખ્તીના બનાવો ઉપસ્થિત થશે. અન્ય માધ્યમોએ પણ કેન્દ્રિય હુકૂમતને એ જ ખબર આપી કે હઝરત મુફતીએ આ'ઝમની ગિરફતારીથી હાલાત વધુ ખરાબ થઈ જશે, એટલા માટે કે તે કોઈ હાલમાં પણ પોતાનો ફત્વા પરત નહીં લે. એના પર કેન્દ્રિય હુકૂમતે દખલગીરી કરી અને બરેલીના વ્યવસ્થા તંત્રને સૂચના આપી કે ગિરફતારીના હુકમોને રદ કરી દેવામાં આવે. કેટલાક દિવસો બાદ એ હુકૂમત જ આપોઆપ ખત્મ થઈ ગઈ !

હઝરત મુફતીએ આ'ઝમ قُدِّسَ سِرُّهُ الْعَزِیْز એ પોતાના વાલિદે માજિદ ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّهُ الْعَزِیْز ની જાહેરી હયાતમાં હિ.સ. ૧૩૨૮, ઈ.સ. ૧૯૧૦ થી હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૧૯૨૧, સુધી ફતવા લખ્યા. વાલિદે માજિદના વિસાલ બાદ હિ.સ. ૧૩૯૫ સુધી સતત ફત્વા નવેસી કરી. ત્યારબાદ કમજોરી તથા બીમારીના કારણે ફત્વા લેખનનું કામ ન થઈ શક્યું, તેમ છતાં અંતિમ શ્વાસ સુધી દીનના મુફતીઓની ઈલ્મી મુશ્કેલીઓને ઝબાની હલ કરતા રહ્યા. આ રીતે ૭૦ વરસોની લાંબી મુદત સુધી વિના પગારે ફતવા લખવાની ખિદમત અંજામ આપી. હઝરત મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ ના ફત્વા લાખોની સંખ્યામાં છે.

મૌલાના ડોક્ટર ફયઝાન અલી રઝવી અને હાજી કુર્બાન અલી એંજિનિયર (મૌલાના ઈરફાન અલી બીસલપુરીના ફરઝંદો)એ કેવળ હિ.સ. ૧૩૪૯થી ૧૩૫૯ સુધી દસ અગીયાર વરસોના ફતવાની નકલ અસલ રજીસ્ટરથી કરીને તેને છપાવ્યા જેની ત્રણ જિલ્દો "ફતાવા મુસ્તફવિયા"ના નામથી મન્ઝરે આમ પર આવી ચૂકી છે. પ્રથમ જિલ્દમાં કિતાબુલ ઈમાન, અને બીજી જિલ્દમાં કિતાબુત્તહારત, કિતાબુસ્સલાત, અહકામે મસ્જિદ રજૂ થયેલ છે, અને ત્રીજીમાં અન્ય મસાઈલ છે. *(હવાલો : જહાને મુફતીએ આ'ઝમ, હઝરત મૌલાના સૈયદ શાહિદ અલી રઝવી રામપુરીના લેખના આધારે)*

**અણમોલ કિતાબ મંગાવો**

**❀❀ કાનૂને શરીઅત ❀❀**

(ભાગ-૧ તથા ભાગ-૨) (કુલ-૭૪૦ પેજીસ)

:: લેખક ::

અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા**

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.

وَ وٰعَدْنَا مُوْسٰى ثَلٰثِیْنَ لَیْلَةً وَّ اَتْمَمْنٰهَا بِعَشْرٍ فَتَمَّ مِیْقَاتُ
رَبِّهٖۤ اَرْبَعِیْنَ لَیْلَةًۚ وَ قَالَ مُوْسٰى لِاَخِیْهِ هٰرُوْنَ اخْلُفْنِیْ فِیْ
قَوْمِیْ وَ اَصْلِحْ وَ لَا تَتَّبِعْ سَبِیْلَ الْمُفْسِدِیْنَ ﴿١٤٢﴾ وَ لَمَّا جَآءَ
مُوْسٰى لِمِیْقَاتِنَا وَ كَلَّمَهٗ رَبُّهٗۙ قَالَ رَبِّ اَرِنِیْۤ اَنْظُرْ اِلَیْكَؕ قَالَ
لَنْ تَرٰىنِیْ وَ لٰكِنِ انْظُرْ اِلَى الْجَبَلِ فَاِنِ اسْتَقَرَّ مَكَانَهٗ فَسَوْفَ
تَرٰىنِیْۚ فَلَمَّا تَجَلّٰى رَبُّهٗ لِلْجَبَلِ جَعَلَهٗ دَكًّا وَّ خَرَّ مُوْسٰى صَعِقًاۚ
فَلَمَّاۤ اَفَاقَ قَالَ سُبْحٰنَكَ تُبْتُ اِلَیْكَ وَ اَنَا اَوَّلُ الْمُؤْمِنِیْنَ ﴿١٤٣﴾
قَالَ یٰمُوْسٰۤى اِنِّی اصْطَفَیْتُكَ عَلَى النَّاسِ بِرِسٰلٰتِیْ وَ بِكَلَامِیْ
فَخُذْ مَاۤ اٰتَیْتُكَ وَ كُنْ مِّنَ الشّٰكِرِیْنَ ﴿١٤٤﴾ وَ كَتَبْنَا لَهٗ فِی
الْاَلْوَاحِ مِنْ كُلِّ شَیْءٍ مَّوْعِظَةً وَّ تَفْصِیْلًا لِّكُلِّ شَیْءٍۚ فَخُذْهَا
بِقُوَّةٍ وَّ اْمُرْ قَوْمَكَ یَاْخُذُوْا بِاَحْسَنِهَاؕ سَاُورِیْكُمْ دَارَ
الْفٰسِقِیْنَ ﴿١٤٥﴾ سَاَصْرِفُ عَنْ اٰیٰتِیَ الَّذِیْنَ یَتَكَبَّرُوْنَ فِی
الْاَرْضِ بِغَیْرِ الْحَقِّؕ وَ اِنْ یَّرَوْا كُلَّ اٰیَةٍ لَّا یُؤْمِنُوْا بِهَاۚ وَ اِنْ
یَّرَوْا سَبِیْلَ الرُّشْدِ لَا یَتَّخِذُوْهُ سَبِیْلًاۚ وَ اِنْ یَّرَوْا سَبِیْلَ
الْغَیِّ یَتَّخِذُوْهُ سَبِیْلًاؕ ذٰلِكَ بِاَنَّهُمْ كَذَّبُوْا بِاٰیٰتِنَا وَ كَانُوْا عَنْهَا
غٰفِلِیْنَ ﴿١٤٦﴾ وَ الَّذِیْنَ كَذَّبُوْا بِاٰیٰتِنَا وَ لِقَآءِ الْاٰخِرَةِ حَبِطَتْ
اَعْمَالُهُمْؕ هَلْ یُجْزَوْنَ اِلَّا مَا كَانُوْا یَعْمَلُوْنَ ﴿١٤٧﴾ وَ اتَّخَذَ قَوْمُ
مُوْسٰى مِنْۢ بَعْدِهٖ مِنْ حُلِیِّهِمْ عِجْلًا جَسَدًا لَّهٗ خُوَارٌؕ اَلَمْ
یَرَوْا اَنَّهٗ لَا یُكَلِّمُهُمْ وَ لَا یَهْدِیْهِمْ سَبِیْلًاۘ اِتَّخَذُوْهُ وَ كَانُوْا
ظٰلِمِیْنَ ﴿١٤٨﴾ وَ لَمَّا سُقِطَ فِیْۤ اَیْدِیْهِمْ وَ رَاَوْا اَنَّهُمْ قَدْ ضَلُّوْاۙ قَالُوْا
لَىٕنْ لَّمْ یَرْحَمْنَا رَبُّنَا وَ یَغْفِرْ لَنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِیْنَ ﴿١٤٩﴾

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

અને અમે મૂસાને[૯૨] ત્રીસ રાતોનો વાયદો આપ્યો અને તેમાં[૯૩] દસ ઉમેરીને સંપૂર્ણ કર્યું. તો તેના રબનો વાયદો પૂરી ચાલીસ રાતોનો થયો[૯૪] અને મૂસાએ[૯૫] હારૂનને કહ્યું, ''મારા નાયબ તરીકે રહે મારી કૌમમાં. અને સુધારણા કરજે, અને ફસાદીઓના માર્ગને પ્રવેશ ન આપીશ (૧૪૨) અને જ્યારે મૂસા અમારા વાયદા પર હાજર થયો, અને તેની સાથે તેના ખુદાએ વાત કરી,[૯૬] (ત્યારે તેણે) વિનંતી કરી, ''હે મારા રબ ! મને તારા દર્શન કરાવ કે હું તને જોઉં. (અલ્લાહે) ફર્માવ્યું, તું મને કદાપિ જોઈ ન શકે.[૯૭] હા ! પેલા પહાડ તરફ જો. તે જો પોતાની જગ્યાએ જમેલો રહ્યો તો તરત થોડીવારમાં જ તું મને જોઈ શકીશ[૯૮] પછી જ્યારે તેના પરવરદિગારે પહાડ પર પોતાનું નૂર ચમકાવ્યું (ત્યારે) તેના ટુકડા ટુકડા કરી નાખ્યા, અને મૂસા બેહોશ થઈને પડયા. પછી જ્યારે હોશ આવ્યા ત્યારે બોલ્યા, તને પવિત્રતા છે, હું તારા પ્રતિ કેન્દ્રિત થયો, અને હું સર્વ પ્રથમ મુસલમાન છું[૯૯] (૧૪૩) (અલ્લાહે) ફર્માવ્યું, ''હે મૂસા ! મેં તને લોકોમાંથી ચૂંટી કાઢયો મારી રિસાલતો અને મારા કલામ વડે. તો લઈ લે જે મેં તને આપ્યું. અને આભાર માનનારાઓમાં થા

*(૧૪૪) અને અમે તને પાટીઓમાં[૧૦૦] લખી આપી દરેક વસ્તુની નસીહત અને દરેક વસ્તુની વિગત. અને કહ્યું, "હે મૂસા ! આને મજબૂતીથી ધારણ કર અને તારી કૌમને હુકમ આપ કે એની સારી વાતો ગ્રહણ કરે.[૧૦૧] નજીકમાં જ હું તમને હુકમનો અનાદર કરનારાઓનું ઘર દેખાડીશ.[૧૦૨] (૧૪૫) અને હું તેમને મારી આયતોથી ફેરવી આપીશ જેઓ ધરતીમાં નાહક પોતાની વડાઈ ઈચ્છે છે.[૧૦૩] અને જો બધી નિશાનીઓ જુએ (તો પણ) તેમના પર ઈમાન ન લાવે અને જો હિદાયતનો માર્ગ જુએ (તો પણ) તેમાં ચાલવાનું પસંદ કરે નહીં.[૧૦૪] અને ગુમરાહીનો રસ્તો દેખાય તો તેમાં ચાલવા હાજર થઈ જાય. આ એટલા માટે કે તેમણે અમારી આયતો જૂઠાડીને તેનાથી બેખબર બન્યા (૧૪૬) અને જેમણે જૂઠાડયું અમારી આયતો અને આખિરતના દરબારને, તેમનું બધું કર્યું કરાવ્યું નકામું ગયું. તેમને શું બદલો મળશે ? પણ તેજ જે કરતા હતા (૧૪૭) અને મૂસાની પાછળ[૧૦૫] તેની કૌમ પોતાના ઘરેણામાંથી[૧૦૬] એક વાછરડું બનાવી બેઠી. પ્રાણ વગરનું ધડ,[૧૦૭] ગાયની જેમ અવાજ કાઢતું. શું જોયું નહીં કે તે ન એમની સાથે વાત કરે છે ન તેમને કંઈ રસ્તો બતાવે.[૧૦૮] તેને (અપનાવી) લીધું. અને (સાચે જ) તેઓ જાલિમ હતા[૧૦૯] (૧૪૮) અને જ્યારે પસ્તાયા અને સમજયા કે આપણે ભૂલા પડયા (ત્યારે) બોલ્યા, "જો અમારો રબ અમારા પર કૃપા ન કરે અને આપણને માફ ન કરે તો આપણે તબાહ થયા (૧૪૯)*

## :: સમજૂતી ::

**૯૨** : તૌરાત આપવા માટે. **૯૩** : ઝીલહજ્જની. **૯૪** : હઝરત મૂસા علیہ السلام નો બની ઈસરાઈલને વાયદો હતો કે જ્યારે અલ્લાહ તેમના દુશ્મન ફિરઔનનો નાશ કરશે ત્યારે તેઓ તેમના માટે અલ્લાહ તરફથી એક કિતાબ લાવશે જેમાં હલાલ અને હરામનું વર્ણન હશે. જ્યારે અલ્લાહે ફિરઔનનો નાશ કર્યો ત્યારે હઝરત મૂસાએ પોતાના રબને તે કિતાબ ઉતારવા વિનંતિ કરી. હુકમ થયો કે ત્રીસ રોઝા રાખો. જ્યારે તેમણે તે પૂરા કર્યા ત્યારે તેમને પોતાના મોઢામાં એક પ્રકારની ગંધ લાગી, તેથી તેમણે મિસ્વક કર્યું, ફરિશ્તાઓએ કહ્યું કે અમને તમારા મોઢામાંથી ઘણી પ્રિય ગંધ આવતી હતી, તમે મિસ્વાક કરીને તેને કાઢી નાખી. ત્યારે અલ્લાહે હુકમ કર્યો કે ઝીલહજ્જ મહિનામાં બીજા દસ રોઝા રાખો, અને કહ્યું, "હે મૂસા શું તમે જાણતા નથી કે રોઝાદારના મોઢાની વાસ મને કસ્તૂરીની સુગંધ કરતાં પણ વધુ સારી લાગે છે.

**૯૫** : પહાડ પર મુનાજાત (દુઆ અથવા વાતચીત) માટે જતી વખતે. **૯૬** : આયતથી સાબિત થયું કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلام સાથે વાત કરી, એના પર આપણુ ઈમાન છે. અને વાતચીતની હકીકત વિશે ચર્ચા કરવાની આપણી હેસિયત જ શું છે ? રિવાયતોમાં આવ્યું છે કે જ્યારે હઝરત મૂસા علیہ السلام વાત સાંભળવા હાજર થયા ત્યારે તેઓ સારી રીતે સ્વચ્છ થયા અને પાક સાફ કપડાં પહેર્યાં અને રોઝો રાખીને સીના (મેદાનનું નામ)માં હાજર થયા. અલ્લાહ તઆલાએ એક વાદળ મોકલ્યું જેણે પહાડને ચારે બાજુથી ચાર ચાર ફલાંગ સુધી ઢાંકી લીધો. શૈતાનો, જમીનના જાનવરો, અને સાથે રહેનાર ફરિશ્તાઓ સુદ્ધાં ત્યાંથી અલગ કરી દેવામાં આવ્યા. અને એમના માટે આકાશ ખોલી નાખવામાં આવ્યું તો એમણે ફરિશ્તાઓને જોયા કે હવામાં ઉભા છે, અને અલ્લાહના અર્શને પણ સ્પષ્ટ રીતે જોયો. ત્યાં સુધી કે અલ્વાહ (તખ્તીઓ જેની ઉપર કિસ્મત લખાય છે) પર કલમો ચાલવાનો અવાજ સાંભળ્યો. અને અલ્લાહ તઆલાએ આપની સાથે વાત કરી. આપે તેની

બારગાહમાં પોતાની વિનંતિઓ રજૂ કરી. તેણે પોતાની બરકતવંતી વાત સંભળાવવાની કૃપા કરી. હઝરત જિબ્રઈલ علیہ السلام આપની સાથે હતા, પણ જે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને કહ્યું તેમણે કશું સાંભળ્યું નહીં. હઝરત મૂસા علیہ السلامને અલ્લાહની વાતની લિજ્જતે તેના દીદારના ખ્વાહેશમંદ બનાવ્યા. *(ખાઝિન વગેરે)*

૯૭ : આ આંખોથી, માગણી કરીને, બલ્કે અલ્લાહનો દીદાર માગ્યા વગર માત્ર તેની કૃપા અને ખુશીથી થશે. તે પણ આ નાશવંત આંખોથી નહીં, પણ કાયમ રહેનાર આંખોથી. અર્થાત કોઈ માનવી મને દુનિયામાં જોવાની શક્તિ ધરાવતો નથી, અલ્લાહ તઆલાએ એવું ન કહ્યું કે, મને જોવું શક્ય નથી, એનાથી સાબિત થયું કે અલ્લાહનો દીદાર શક્ય છે, ભલે દુનિયામાં ન થાય. કારણ કે સહીહ હદીષોમાં છે કે કયામતના દિવસે મુઅમિનોને પોતાના પરવરદિગારના દીદારથી ફૈઝયાબ કરવામાં આવશે. એ સિવાય હઝરત મૂસા علیہ السلام આરિફ બિલ્લાહ (અલ્લાહની ઓળખ ધરાવનાર) છે. જો અલ્લાહનો દીદાર શક્ય ન હોત તો આપ કદી માગણી કરત નહીં.

૯૮ : અને પહાડનું પોતાને સ્થાને જામેલું રહેવું શક્ય વાત છે. કારણ કે તેના માટે ફર્માવ્યું, "જઅલહૂ દક્ક" તેને ટુકડે ટુકડે કરી નાખ્યા તો જે વસ્તુ અલ્લાહ તઆલાની બનાવેલી હોય અને જેને તે હાજર કરે, શક્ય છે કે તે હાજર ન થાય જો તે તેને હાજર ન કરે, કારણ કે તે પોતાના કામનો મુખત્યાર છે. એનાથી સાબિત થયું કે પહાડનું જામેલું રહેવું શક્ય વાત છે. અને જે વસ્તુ શક્ય બાબત પર નિર્ભર કરવામાં આવે તે પણ શક્ય હોય છે, અશક્ય નહીં. માટે અલ્લાહનો દીદાર જેનો દારોમદાર પહાડના જામેલા રહેવા પર રાખવામાં આવ્યો તે પણ શક્ય થયો. તો તેમનું કથન સત્ય નથી જેઓ અલ્લાહ દીદારને અશક્ય કહે છે. **૯૯** : બની ઈસ્રાઈલમાંથી. **૧૦૦** : તવરાતની જે સાત અથવા દસ હતી. ઝબરજદ અથવા ઝમર્રૂદ (કિંમતી પથ્થરો)ની. **૧૦૧** : તેના હુકમો મુજબ અમલ કરે. **૧૦૨** : જે આખેરતમાં એમનું સ્થાન છે. હસન અને અતાએ કહ્યું છે કે હુકમનો અનાદર કરનારાઓનું ઘર એટલે જહન્નમ. કતાદાએ કહ્યું, અર્થ એ છે કે હું તમને સિરીયામાં પ્રવેશ કરાવીશ અને ગુજરી ગયેલી ઉમ્મતોના ઠેકાણાં બતાવીશ જેમણે અલ્લાહનો વિરોધ કર્યો જેથી તમને એનાથી બોધ મળે. અતય્યા ઔફીનું કથન છે કે એનાથી ફિરઔન અને તેની કૌમના ઘરોનો અર્થ લેવાયો છે જે મિસરમાં છે. સુદીનું કહેવું છે કે એનાથી કાફિરોના ઠેકાણાં ધારવામાં આવ્યાં છે. કલબીએ કહ્યું છે કે આદ, ષમૂદ અને નાશ પામેલી ઉમ્મતોના સ્થાનો મુરાદ છે, જેનાથી અમુક અરબ લોકો પોતાની સફરોમાં પસાર થતા હતા. **૧૦૩** : ઝુન્નૂન કુદસ સિર્રહૂએ કહ્યું, અલ્લાહ તઆલા કુર્આનના રહસ્યો દ્વારા અસત્ય આચારનારના હૃદયોને પાવન કરતો નથી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું છે કે, મતલબ એ છે કે જે લોકો મારા બંદાઓ પર જોર જુલમ કરે છે અને મારા અવલિયા સાથે લડાઈ કરે છે તેમને મારી આયતોના સ્વીકાર અને સત્ય સમજવાથી ફેરવી દઈશ જેથી તેઓ મારા પર ઈમાન લાવે નહીં. આ તેમની શત્રુતાની સજા છે કે તેમને હિદાયતથી વંચિત કરવામાં આવ્યા. **૧૦૪** : તકબ્બુરનું એ જ ફળ અને ઘમંડીનું એ જ પરિણામ છે. **૧૦૫** : તૂર પર પોતાના રબ સાથે વાત કરવા ગયા ત્યારે. **૧૦૬** : જે તેમને ફિરઔનની કૌમ પાસેથી પોતાની ઈદ પર પહેરવા માગીને લીધાં હતાં. **૧૦૭** : અને તેના મોઢામાં હઝરત જિબ્રઈલ علیہ السلامના ઘોડાના પગલાની માટી નાખી જેના લીધે તે, **૧૦૮** : અપૂર્ણ છે, લાચાર છે. જડ છે અથવા જાનવર છે, કોઈ પણ રીતે પૂજનીય હોવાનો લાયક નથી. **૧૦૯** : કારણ કે તેમણે અલ્લાહ તઆલાની ઈબાદત છોડી દીધી અને આવા લાચાર અને અપૂર્ણ વાછરડાને પૂજ્યું.

# શરહે હ઼દાઈક઼ે બખ઼્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## (નઅત શરીફ : ૮૧)

**ઝમીનો ઝમાં તુમ્હારે લિયે મકીનો મકાં તુમ્હારે લિયે**
**ચુનીનો ચુનાન તુમ્હારે લિયે બને દો જહાં તુમ્હારે લિયે**

*(ઝમાં = સમય. મકીન = મકાન, જગા. ચુનીનો ચુનાં = આવું તેવું એટલે દરેક ચીજ)*

**અર્થાત :** હબીબી સૈયદી યા રસૂલલ્લાહ ! ﷺ આ સર્વ જમીન આપના માટે બનાવવામાં આવી છે અને સર્વ જમાનો પણ આપનો જ છે. આ મકાન (આબાદીઓ) પણ આપના માટે છે અને એમાં રહેનારી મખ્લૂક઼ પણ આપના જ માટે છે. આ દુનિયાની સર્વ રંગીનીઓ આપના દમ ક઼દમથી છે. બલ્કે બંનેવ જહાન જ આપના માટે છે, કેમ કે આપ કાઈનાતના અસ્તિત્વનો સબબ છે. જ્યારે ખુદા આપનો છે તો સર્વ ખુદાઈ પણ આપની છે.

*ઉન્કી ખાતિર હી બનાઈ હૈ ખુદાને દુન્યા—ઉન્કે દમસે હૈ ઝમાનેમેં ઉજાલા દેખો*
*દુશ્મનોંકે લિયે ચાદર ભી બિછા દેતે હૈં—ઉન્કા હર કામ ઝમાનેસે નિરાલા હૈ*

**સૃષ્ટિના સર્જનનો સબબ :** આ શેઅરના ભાવાર્થના સમર્થનમાં ખૂબ જ અધિક પ્રમાણમાં હદીષો છે. દા.ત. لولاك لما خلقت الافلاك۔ ولولاك لما خلقت النيا والجنة والنار

મૌલાના નૂરુલ્લાહ હૈદ્રાબાદી ખલીફાએ મજાઝ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہએ એ હદીષોનું સમર્થન કરતાં લખ્યું છે કે, "આજકાલ લોકોએ શોર મચાવી રાખ્યો છે કે આ હદીષો ઝઈફ છે. જો એને માની પણ લેવામાં આવે કે હદીષોના શબ્દો અથવા હદીષોની અસ્નાદમાં ખામી છે તો પણ એહલે જિરહ (પકડ કરનારાઓને)ને કોઈ ફાયદો થશે નહીં, કેમ કે આ ભાવાર્થવાળી કેટલીયે હદીષોને કેટલાય ઈમામોએ કેટલીયે કિતાબોમાં લખી છે. દા.ત. હાકિમ, દયલમી, સુબકી, બિલ્કીસીએ રિવાયત કરી છે. એ હદીષને કે, "જન્નત તથા દોઝખને હુઝૂર ﷺના કારણે અસ્તિત્વ મળ્યું છે." ઈબ્ને સબઅ તથા ગરફીએ "જમીન તથા દરિયાનું પેદા થવું હુઝૂર ﷺના તુફૈલવાળી હદીષ બયાન કરી." "દુનિયા હુઝૂર ﷺના સદક઼ામાં બની." એને ઈબ્ને અસાકિરે રિવાયત કરી. "આદમ ના સર્જનનો સબબ પણ નૂરે મુસ્તફા હતો" વાળી હદીષને તિબ્રાની હાકિમ, બયહકી, ઈબ્ને અસાકિરે લખી છે. ખસાઈસમાં સિયૂતીએ નકલ કર્યું :–

احرج الحاكم والبيهقى والطبرانى فى الصغيروابو نعيم وابن عسا كر عن عمر رضى اللّٰه عنه بن الخطاب قٓل قال رسول اللّٰه صلى اللّٰه عليه وسلم لما اقتر ف ادم الخطيئة قال يارب اسئلك بحق محمد صلى اللّٰه عليه وسلم لما غفرت لى قال كيف عرفت محمد صلى اللّٰه عليه وسلم قال لا نك لما خلقتنى بيدك ونفخت فى من روحك رفعت راسى فرايت على قوائم العرش مكتوب لا اله الااللّٰه محمد رسول اللّٰه فعلمت انك لم تصنف الى اسمك الا احب الخلق اليك قال صدقت يا ادم ولو لا محمد صلى اللّٰه عليه وسلم ما خلقتك۔

આ હદીષમાં આદમ علیہ السلامની તૌબાના ક઼બૂલ થવાનો બનાવ થઈ રહ્યો છે જેને હાકિમ, બયહક઼ી, તિબ્રાનીએ સગીરમાં અને અબૂ નુઐમ તથા ઈબ્ને અસાકિરે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જ્યારે આદમ علیہ السلامથી લગ્ઝિશ થઈ તો તેમણે હુઝૂર صلی اللہ علیہ وسلمના વસીલાથી અલ્લાહની બારગાહમાં દુઆ કરી તો અલ્લાહે પૂછયું, હે આદમ ! તેં મારા હબીબને કેવી રીતે ઓળખ્યો ?! હઝરત આદમ علیہ السلامએ અર્ઝ કરી, હે અલ્લાહ ! જ્યારે તેં મને તારા હાથથી પૈદા કર્યો અને મારી અંદર તારી રૂહ ફૂંકી તો મેં જ્યારે માથુ ઉઠાવીને જોયું તો અર્શના પાયાઓ પર તારા નામની સાથે મુહમ્મદ નામ લખેલ જોયું. જેનાથી હું સમજી ગયો કે આ કોઈ અલ્લાહનો ઘણો જ પ્યારો હશે કે જેના નામને અલ્લાહે પોતાના નામની સાથે મિલાવીને લખેલું છે. અલ્લાહે ફર્માવ્યું, હે આદમ ! તેં સાચુ કહ્યું ! જો મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) ન હોત તો હું તને પણ પેદા ન કરત.

દેવબંદી મોલ્વી ક઼ાસિમ નાનોત્વીએ પણ લખ્યું કે :–

*જો તૂ ઉસે ન બનાતા તો સારે આલમકો–નસીબ હોતી ન દૌલત વજૂદકી ઝિનહાર*
*જહાં કે સારે કમાલ એક તુઝમેં હૈં–તેરે કમાલ કિસીમેં નહીં મગર દો ચાર*

**દહનમેં ઝબાં તુમ્હારે લિયે બદનમેં હૈ જાં તુમ્હારે લિયે**
**હમ આએ યહાં તુમ્હારે લિયે ઉઠે ભી વહાં તુમ્હારે લિયે**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! صلی اللہ علیہ وسلم મોઢામાં ઝબાન પણ આપની તારીફના માટે છે અને શરીરમાં જાન પણ આપના જ માટે છે. અમે આ જહાનમાં આવ્યા પણ આપની ઈતાઅત તથા મહોબ્બતના માટે છે અને ખુદા કરે કે ક઼બરોએથી ઉઠીએ તો એ ઉઠવું પણ આપના જ લીધે હોય.

*દી ઝબાં હક્ક઼ને ષનાએ મુસ્તફાકે વાસ્તે–દિલ દિયા હુબ્બે હબીબે કિબ્રિયાકે વાસ્તે*

**ફરિશ્તે ખદમે રસૂલે હશમ તમામ ઉમમ ગુલામે કરમ**
**વજૂદો અદમ, હદૂષો ક઼દમ જહાંમેં અયાં તુમ્હારે લિયે**

*(ખદમ = ખિદમતગાહ. હશમ = નોકર, ઉમમ = ઉમ્મત. વજૂદો અદમ = હોવું ન હોવું. હદૂષો ક઼દમ = નવુ જૂનુ)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ ફરિશ્તા આપના ખિદમતગાર છે (બદરના મેદાન તથા અન્ય સ્થળો પર હુઝૂર ﷺની ખિદમતના માટે ફરિશ્તા ઉતર્યા) અંબિયાએ કિરામ તથા રુસુલે એઝામ علیہم السلام આપના ખૈરખ્વાહ છે (જેવું કે આયતે મીષાકથી જાહેર છે : لتنومنن بہ ولتنصرنہ "તમે જરૂર જરૂર મારા નબી પર ઈમાન લાવજો અને એમની મદદ કરજો." સર્વ ઉમ્મતો આપના કરમની ભિખારી તથા નોકર છે અસ્તિત્વ હોય કે અન અસ્તિત્વ, અદમે હુદૂષ હોય કે ક઼દમ (જિંદગી તથા મૌત, નવુ પૂરાણુ, રાત દિવસ) એ સર્વનું હોવું આપની ઝાતે બાબરકતના તુફૈલ છે.

**કલીમો નજી મસીહો સફી ખલીલો રઝી રસૂલો નબી**
**અતીક઼ો વસી ગનીઓ અલી ષનાકી ઝબાં તુમ્હારે લિયે**

**અર્થાત :** મૂસા કલીમુલ્લાહ હોય કે નૂહ નજીયુલ્લાહ હોય, આદમ સફીયુલ્લાહ હોય કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ હોય. હઝરત ઈસ્માઈલ હોય કે કોઈ પણ નબી તથા રસૂલ علیہ السلام હોય. અને હા ! હા ! સિદીક઼ે અકબર હોય કે ફારૂક઼ે આ'ઝમ હોય, ઉષ્માને ગની હોય કે અલીયે મુર્તઝા શેરે ખુદા رضوان اللہ تعالیٰ علیہم اجمعین હોય, દરેક આપની જ પ્રશંસામાં વ્યસ્ત જોવા મળે છે. દરેક નબી પોતાની ઉમ્મતની સામે આપની શાનનો ખુત્બો પઢતો જોવા મળે છે, આપના આગમન વિશે પોતાની ઉમ્મતને ખબરદાર કરી રહ્યો છે અને આપના પર ઈમાન લાવવાનો વાયદો લઈ રહ્યો છે. (ومبشرا برسول یاتی من بعدی اسمہ احمد۔ الصف)

*આમદ તેરી અય અબરે કરમ રોનકે આલમ—તેરે હી લિયે ગુલશને હસ્તી યહ બના હૈ*
*ફિરદોસો જહન્નમ તેરી તખ્લીક઼સે ક઼ાઈમ—યહ ફર્ક઼ બદો નેક તેરે દમસે હુવા હૈ*

اوحی اللہ تعالیٰ الی بنی اسرائیل انہ من لم یلقنی باحمد ادخلتہ النار અલ્લાહે બની ઈસ્રાઈલને સ્પષ્ટ શબ્દોમાં ફર્માવી દીધું, જુઓ ભલે فضلتکم علی العلمین ની શાન મેં તમને અતા કરી છે, પરંતુ જો તમે મારા મહબૂબ પર ઈમાન ન લાવશો તો સીધા દોઝખમાં જશો. *(ઈમામ અબૂ નુઐમ અન અનસ )*

*યહ ઈબાદત રાત દિનકી મુઝકો નામંઝૂર હૈ – દૂર હૈ જો મેરે અહમદસે વો મુઝસે દૂર હૈ*

**અસાલતે કુલ, ઈમામતે કુલ, સયાદતે કુલ, અમારતે કુલ**
**હુકૂમતે કુલ, વિલાયતે કુલ, ખુદાકે યહાં તુમ્હારે લિયે**

**અર્થાત :** આપ અસ્લે કુલ (સૃષ્ટિના સર્જનના સબબ), ઈમામે કુલ (સર્વ કાઈનાતના ઈમામ તથા પેશવા انا قائدھم اذا وفدوا۔ تحت لوائی آدم ومن سواہ સૈયદે કુલ (સૌના સરદાર انا سید ولد آدم) છે. બંનેવ જહાનની સરદારી, હુકૂમત સત્તા તથા વિલાયત (વાલી પણુ) અલ્લાહે આપને જ અતા કરેલ છે. ((اعطیت مفاتیح خزائن الارض انا سید الناس یوم القیمہ))

*કોઈ ન થા ઝમાનો મકાં, જબ તો આપ થે—યૂં મારવાએ ક઼ૈદ ઝમાનો મક઼ાં હૈ આપ*
*દુન્યાકી ફિક્ર ક્યા ? ગમે ઉક઼બાકા ઝિક્ર ક્યા ?—રહમત કુનાં યહાં હૈં તો શાફેઅ વહાં હૈં આપ*

**તુમ્હારી ચમક તુમ્હારી દમક, તુમ્હારી ઝલક, તુમ્હારી મહક**
**ઝમીનો ફલક સિમાકો સમક મેં સિક્કા નિશાં તુમ્હારે લિયે**

*(સિમાક = તારો, ચાંદની. સમક = માછલી)*

**અર્થાત :** હે મારા નૂરવાળા આક઼ા ! આપની નૂરાનિયત (જેનાથી દરોદીવાર જગમગી ઉઠી) આપની રોશની (કે સૂરજ તથા ચાંદ પણ એનો મુક઼ાબલો ન કરી શકે) આપની એક ઝલક (જેને જોવાની તાબ નથી આલમને) અને આપના રોશન શરીરથી ફૂટનારી જન્નતની ખુશ્બુ કે :–

كان رسول الله اذا امر فى طريق من طرق المدينة وجدوا منه رائحة الطيب وقالو امر رسول الله صلى الله عليه وسلم من هذا الطريق

"સરકાર ﷺ મદીના પાકની જે ગલીથી પસાર થતા ત્યાં ખુશ્બુઓ ફેલાઈ જતી જેને સુંઘીને સહાબા કહેતા સરકાર આ રસ્તેથી પસાર થયા છે." *(ઝુર્કાની, ૪/૨૨૪, દલાઈલુન્નબુવ્વત, પેજ–૩૮૦, ખસાઈસુલ કુબરા, ૧/૬૭)*

જમીન હોય કે આસ્માન, ઊંચાઈ હોય કે નીચાણ, આબાદી હોય કે વેરાની દરેક તરફ આપનો જ સિક્કો ચાલી રહ્યો છે અને આપની અઝમતના ડંકા વાગી રહ્યા છે.(શેઅર) : કાન જિધર લગાઈયે તેરી હી દાસ્તાન હૈ.

**વો કન્ઝે નિહાં યહ નૂરે ફશાં વો કુનસે અયાં યહ બઝ્મે ફકાં**
**યહ હર તનો જાં યહ બાગે જિનાં યહ સારા સમાં તુમ્હારે લિયે**

*(કન્ઝે નિહાં = ગયબી ખજાનો. ફશાં = નૂર વિખેરનાર. કુન = થઈ જા. ફકાં = મખ્લૂક઼. જિનાં = જન્નત)*

**અર્થાત :** ગુપ્ત ખજાનાઓ હોય કે જાહેર નૂરની જલ્વાગરીઓ હોય, આલમે કુન ફકાં (આલમે વજૂદમાં આવનારી સર્વ ચીજો) હોય કે કોઈના શરીરમાં જાન, જન્નતના બાગો હોય કે આલમે સમાવાત (આકાશી જગત) આ સર્વ મન્ઝરો આપના જ માટે છે.

*વો ન હોતે તો કુછ ભી ન હોતા–યહાં ઉનકે હોનેસે સબકો હૈ નામો નિશાં*
*યહ ઝમીં આસ્માં યહ મકાં લામકાં–સારે ઉનકે મકાં વો કહાં હમ કહાં*

**ઝહૂરે નિહાં ક઼યામે જહાં રુકૂએ મહાં સજૂદે શહાં**
**નિયાઝેં યહાં નમાઝેં વહાં યહ કિસકે લિયે ? તુમ્હારે લિયે**

**અર્થાત :** અસ્તિત્વમાં આવનાર આલમમાં આવનારી સર્વ ચીજો દુનિયાનું ક઼ાયમ થવું અને ક઼ાયમ રહેવું, સરદારોના રુકૂઅ અને બાદશાહોના સજદા (જે એમની બારગાહોમાં થાય છે અથવા આજીજી ઈન્કેસારી મુરાદ છે) અહીંની નિયાઝમંદીઓ હોય અથવા ત્યાંની નમાઝો, મને બતાવો, હે અઝમતે રિસાલત મઆબ ﷺના મુન્કિરો ! આ બધુ કોનો સદક઼ો છે અને અલ્લાહે આ સિલસિલા કોની શાન તથા અઝમતને જાહેર કરવા માટે બનાવ્યા છે ?! આ સર્વ કાંઈ મારા આક઼ા ﷺના માટે છે.

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **દયાદરા :** ખાતે ઈબ્રાહીમભાઈ ગરાસીયા (સિકંદર ગરાસીયાના પિતા)નો તા. ૨૬–૪–૨૦૨૬ રવિવારના રોજ ઈન્તેકાલ થયો.
- **પ્રેસ્ટન (યુ.કે.) :** ખાતે બરકાતે ખ્વાજા મંથલીના વાંચક ચાહક જનાબ હાજી ઉમરજી અરગામાવાળાનો ૧–ઝીલ ક઼અદ હિ.સ. ૧૪૪૭ તા. ૧૯–૪–૨૦૨૬ રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, સગાઓને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-બીજો

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### (અઢારમી મજલિસ)

### ★ યાસીન શરીફની બરકત ★

એક જ વરસે માહે ઝીલ કઅદાની સાતમી તારીખે સોમવારે કદમબોસીની દોલત મયસ્સર થઈ. ઈમામ નાસિર رحمۃ اللہ علیہની તફસીર સામે હતી. એના અનુસંધાનમાં તફસીરના કર્તાના બારામાં ફર્માવ્યું કે એકવાર આ ઈમામ બીમાર પડયા. અને એ બીમારીથી તેમને બેહોશી છવાઈ ગઈ. સગાસંબંધીઓ તથા દોસ્તો સમજ્યા કે ઈન્તેકાલ કરી ગયા, જેથી તેમને કબરમાં દફન કરી આપ્યા. જ્યારે રાત થઈ તો તેમને હોશ આવી ગયો અને ખબર પડી કે તેમને કબરમાં દફનાવી દેવામાં આવ્યા છે. એ જ હેરત તથા લાચારીમાં તેમને યાદ આવ્યું કે **જે શખ્સ પરેશાનીમાં ચાલીસ વાર સૂરએ યાસીન પઢે છે તેને અલ્લાહ તઆલા તંગીમાં રાહત અતા કરે છે અને માર્ગ પેદા કરી આપે છે.** એ જ વખતે યાસીન પઢવાનુ શરૂ કરી આપ્યું. જ્યારે ઓગણપચાસ વાર પઢી ચૂક્યા તો છૂટકારાના અણસાર પેદા થયા. અને એવું થયું કે કોઈ કફન ચોર કફનની લાલચમાં આવ્યો અને તેણે કબર ખોલી. ઈમામ સમજી ગયા કે આ કફન ચોર છે. ચાલીસમી વાર યાસીન પઢી તો ધીમે ધીમેથી પઢી જેથી તે ન સાંભળે અને કબરને મરજી મુજબ ખોલે. સારાંશ કે જ્યારે ચાલીસવાર યાસીન પૂર્ણ થઈ ગઈ તો ઈમામ નાસિર ધીમેથી કબરની બહાર આવ્યા. કફનચોરે જ્યારે આ જોયું તો એના પર એવો ભય છવાય ગયો કે તેનું પિત્તુ ફાટી ગયું અને એ જ વખતે મરી ગયો. ઈમામને એના મરવાનો ખૂબ જ અફસોસ થયો અને પોતે પોતાને કહ્યું કે મારે ચૂપચાપ પડેલા રહેવાનુ હતું જેથી તે કફન ઉતારી લેત અને પછી હું ચૂપકેથી બહાર આવી જાત. ખૈર, બહાર આવીને પોતાની ઉતાવળ પર પસ્તાવો થયો અને કબરથી નીકળીને વિચારવા લાગ્યો કે જ્યારે લોકો મને એકદમ જોશે તો ડરી જશે અને દરેક આશ્ચર્યમાં ડૂબી જશે. જેથી રાતે જ તે ધીરે ધીરે શહેરમાં આવ્યા અને પોકાર કર્યો કે હું ફલાણો શખ્સ છું અને મને બહેશીના કારણે ગલતફહમીમાં દફન કરી દેવામાં આવ્યો હતો. એવું કહેતા કહેતા આવ્યા જેથી લોકો એકદમ ચર્ચબામાં ન પડી જાય. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિન ખૈરે ફર્માવ્યું કે તફસીર તેમણે આ બનાવ પછી લખી.

### ★ અલ્લાહવાળાઓ દરેક કામ રબના ખાતર જ કરે છે ★

પછી એ મર્દોની ચર્ચા ચાલી જેઓ હમેશાં યાદે

ઈલાહીમાં ચૂર રહે છે અને તેમને પોતાનું ખાવાનુ સૂવાનુ પણ યાદ નથી રહેતું. જે કાંઈ કરે છે તે અલ્લાહને ખાતર કરે છે. ફર્માવ્યું કે એક ઘણા જ બુઝુર્ગ પીર હતા જે પાણીના કિનારે રહેતા હતા. તેમણે થોડુક ખાણુ ભેગુ કર્યુ અને પોતાની પત્નીને કહ્યું કે આ ખાણુ માથા પર રાખો અને પાણી પાર કરો. ઘાટ પર એક દુરવેશ બેઠા છે તેમની સામે આ ખાણુ રાખો જેથી તે ખાય લે. સ્ત્રી બોલી કે પાણી ઘણુ જ છે જેથી પાર ઉતરવું મુશ્કેલ છે. શયખે ફર્માવ્યું કે પાણીના કિનારે જાવ અને પાણીને સંબોધીને કહો, હે પાણી ! એ વાતની હુર્મતથી કે મારા પતિએ કદી મારી સાથે સોહબત નથી કરી, મને રસ્તો આપ ! એ સ્ત્રીને ઘણુ આશ્ચર્ય થયું અને પોતે મનમાં બોલી કે આ પુરૂષથી મારા આટલા પુત્રો છે તો હું એ વાત કેવી રીતે કહું ?! સારાંશ તેણે પતિના હુકમનુ પાલન કર્યુ. પાણીના કિનારે જઈને વર્ણવેલ શબ્દો કહ્યા તો એ જ વખતે પાણીમાં છેદ પડી ગયો અને પાણી બે ભાગમાં વહેંચાય ગયું અને વચ્ચે સૂકો રસ્તો નીકળી આવ્યો. સ્ત્રી ખૈરિયતથી પાર થઈ ગઈ. જ્યારે તે દુરવેશની પાસે પહોંચી તો તેની સામે ખાણુ રાખ્યું. દુરવેશે ખાણુ ખાય લીધુ અને સ્ત્રીને કહ્યું, તમે પરત જાવ. સ્ત્રીએ કહ્યું કે હું આપની પાસે આ રીતે આવી હતી કે મારા પતિએ એક વાત કહી હતી, મેં તે વાત પાણીને કહી તો પાણીએ રસ્તો આપી દીધો. હવે કઈ તદબીરથી પાછી જાઉં ? દુરવેશે પૂછયું કે તમારા પતિએ કઈ વાત કહી હતી ? સ્ત્રીએ તે વાત દોહરાવી. દુરવેશે કહ્યું કે જાવ ! પાણીના કિનારે જઈને પાણીને એ વાત કહો કે, એ દુરવેશની હુર્મતથી જેણે ત્રીસ વરસની મુદ્દતમાં કદી પણ ખાણુ નથી ખાધુ, મને રસ્તો આપ ! એ વાતથી સ્ત્રીને ઔર અધિક આશ્ચર્ય થયું. પોતે મનમાં બોલી કે એક અશક્ય વાત તો એ હતી જે મારા પતિએ કહી હતી અને બીજી અશક્ય વાત આ છે જે આ શખ્સ કહે છે ! તેણે હમણા હમણા મારી સામે ખાણુ ખાધુ છે, હું એ વાત કેવી રીતે કહું ? સારાંશ એ દુરવેશના કહેવા પ્રમાણે પાણીના કિનારે પહોંચી અને કહ્યું કે હે પાણી ! એ વાતની હુર્મતથી કે આ દુરવેશે ત્રીસ વરસની મુદ્દતમાં એકવાર પણ ખાવા નથી ખાધુ, મને રસ્તો આપ ! તો એ જ વખતે પાણીમાં છેદ પડી ગયો અને બે ભાગમાં વહેંચાય ગયું અને વચ્ચે સૂકો રસ્તો નીકળી આવ્યો. સ્ત્રી ખૈરો આફિયતથી પસાર થઈ ગઈ. જ્યારે પોતાના પતિ પાસે આવી તો તેના પગો પકડીને બોલી કે મને આ બંને વાતોનો ભેદ બતાવો કે શું હતું ?! તમે પણ મારી સાથે આટલી વાર સોહબત કરી, અને એ દુરવેશે પણ મારી સામે ખાવા ખાધુ, આ બંને જૂઠ હું પાણીને બોલી અને (છતાં) પાણીએ મને રસ્તો આપી દીધો ! આ શું હિકમત હતી ? શયખે કહ્યું કે સમજી લો અને યાદ રાખો કે, ''મેં તમારી સાથે કદાપિ મારા નફસની ખ્વાહિશ પૂરી કરવા માટે સોહબત નથી કરી, જે સોહબત પણ તમારી સાથે કરી તે તમારો હક્ક઼ અદા કરવા માટે કરી, ન કે નફસાની ખ્વાહિશાત અને નફસના શોખના માટે કરી. જેથી એ લેહાઝથી મેં જાણે તમારી સાથે કદી સોહબત કરી જ નથી. અને તે શખ્સે એ ત્રીસ વરસોમાં કોઈ ખાણુ નફસના શોખ ખાતર ખાધુ ન લિજ્જત હાંસલ કરવા ખાધુ, જ્યારે પણ ખાધુ ઈબાદતની શક્તિ હાંસલ કરવા માટે ખાધુ. આ હતી રૂહાનિયત (બાતિની કૈફિયત) એ બંનેવ વાતોની. એટલે મર્દાને ખુદા જે કાંઈ પણ કરે છે તે ખુદાને ખાતર કરે છે, એમની નિય્યત હમેશાં અલ્લાહના માટે હોય છે.

### ★ આવો હાલ હોય છે વલીઓનો ખુદાની યાદમાં ! ★

અહીંથી કુદવતુલ અવલિયા શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہનો ઉલ્લેખ આવ્યો. ફર્માવ્યું કે તેમના બે જોડીયા સાહબઝાદા હતા તેમનામાંથી

એકનું મૃત્યુ તો બચપનમાં જ થઈ ગયું હતું. બીજા મોટા થયા પણ તે જરા પણ શયખ પર ન હતા. તેમના અહવાલ અને શયખના અહવાલમાં કોઈ મળતાપણુ ન હતું. આ હિકાયત દરમિયાન ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે શયખ કુત્બુદ્દીનના ફરઝંદ શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન નૂરુલ્લાહ મર્કદહુમા હતા. સારાંશ કે હઝરતે ફર્માવ્યું કે જ્યારે શયખના નાના બાળકે વફાત પામી અને હઝરત તેને દફન કરીને પરત આવ્યા અને ઘરે પહોંચ્યા તો કદાચ હઝરતનાં બીબી સાહેબા પુત્રના મરવા પર રડતા હતાં. જ્યારે એમના રડવાનો અવાજ શયખ કુત્બુદ્દીન قُدِّسَ سِرَّهُ الْعَزِيْز ને પહોંચ્યો તો હઝરત હાથ ઘસવા લાગ્યા. શયખ બદરૂદ્દીન ગઝનવી رحمۃ اللہ علیہ હાજર હતા, તે આદાબ બજાવી લાવ્યા અને પૂછયું કે આ અફસોસ શાનો ? શયખે જણાવ્યું કે અત્યારે મને યાદ આવ્યું કે મેં હક્ક તઆલાથી બાળ કની જિંદગી કેમ ન માગી ? જો હું માગત તો તે અતા કરી આપત. ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરે ફર્માવ્યું કે પુત્રના મૃત્યુ તથા જિંદગીનું પણ યાદ ન આવ્યું.

### ★ દુઆ કઈ રીતે માગવી જોઈએ ? ★

પછી દુઆની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે દુઆના સમયે બંદાએ જોઈએ કે ન તો જે ગુનાહ કરી ચૂક્યો હોય તેનો દિલમાં ખયાલ લાવે અને કોઈ તાઅત (ફર્માબરદારી) તથા ઈબાદતનો, કેમ કે જો તેનો ખયાલ દિલમાં લાવશે તો એ ઘમંડ થશે, અને ઘમંડીની દુઆ કબૂલ નથી થતી. અને જો ગુનાહનું ધ્યાન દિલમાં થશે તો દુઆના યકીનમાં સુસ્તી આવશે. વળી દુઆ વખતે નજર ખાસ રહમતે હક્ક તઆલા પર રાખવી જોઈએ અને એ યકીન હોવું જોઈએ કે આ દુઆ જરૂર કબૂલ થશે, જો ખુદા ચાહે. વધુમાં ફર્માવ્યું કે **દુઆના સમયે બંને હાથ એકબીજા સાથે મળેલા હોય અને છાતીની સામે હોય. અને એ પણ આવ્યું છે કે બંને હાથ એકબીજા સાથે મળેલા રાખવા જોઈએ અને ખાસા ઊંચા રાખવા જોઈએ. અને એવો ચહેરો બનાવવો જોઈએ કે જાણે એ જ વખતે કોઈ ચીજ તેના હાથમાં રાખવામાં આવશે.** એ દરમિયાનમાં એ અર્થ પણ વર્ણવ્યો કે દુઆ દિલની તસ્કીન (સાંત્વન)ના માટે છે (નહીં તો) ખુદા તઆલા ﷻ સારી રીતે જાણે છે કે શું કરવું જોઈએ.

### ★ મુરીદોના યકીન વિશે ★

પછી મુરીદોના અકીદાઓનો ઉલ્લેખ નીકળ્યો. ઈર્શાદ થયો કે અરસા પહેલાં શહેરમાં મુહમ્મદ નામના મારા એક પડોશી હતા જે દર વર્ષે નારુની (એક બીમારી)માં સપડાતા હતા અને ઘણી તકલીફ ઉઠાવતા હતા. જ્યારે મેં શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہ ની ઝિયારતનો ઈરાદો કર્યો તો એ પડોશીએ મને કહ્યું કે જ્યારે શયખની ખિદમતમાં હાજર થાવ તો મારો હાલ કહેજો અને મારા માટે તાવીઝ માગીને લેતા આવજો. સારાંશ હું જ્યારે શયખની ખિદમતમાં હાજર થયો તો એ શખ્સનો હાલ કહ્યો અને તાવીઝની દરખાસ્ત કરી. શયખે મને ફર્માવ્યું કે તમે જ લખો ! ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરે ફર્માવ્યું કે મેં તાવીઝ લખ્યું અને શયખના દસ્તે મુબારકમાં આપ્યું. શયખે એને જોયું અને પછી મને આપી દીધું અને ફર્માવ્યું કે એને પહોંચાડી દેજો. જ્યારે હું શહેર આવ્યો તો એ તાવીઝ એને આપી દીધું તો બાકીની ઉમરમાં એને એ બીમારી કદી ન થઈ. હાજરજનોમાંથી કોઈએ પૂછયું કે હુઝૂરે એ તાવીઝમાં શું લખ્યું હતું ? ખ્વાજા ઝિકુલ્લાહ બિલ્ખૈરે ફર્માવ્યું اللہ الشافی اللہ الکافی، اللہ المعافی "અલ્લાહ શાફી—અલ્લાહ કાફી અલ્લાહ આફી" એક બે શબ્દો એના બાદ જે મારા દિમાગથી ઉતરી ગયા.

મુરીદોના અકીદાઓના હેઠળ જ ફર્માવ્યું કે એક દિવસ હું શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہ ની

ખિદમતમાં બેઠો હતો. એક બાલ હઝરતની દાઢી મુબારકથી છૂટો પડયો અને શયખના ખોળામાં પડી ગયો. મેં અર્ઝ કરી કે મારી એક દરખાસ્ત છે જો હઝરત શયખ એને મંઝૂર ફર્માવે. ફર્માવ્યું કે શું દરખાસ્ત છે ? મેં અર્ઝ કરી, એક બાલ આપની મુબારક દાઢીથી અલગ થઈ ગયો છે, જો હુકમ હોય તો હું એને તાવીઝ રૂપે મારી પાસે રાખું. ફર્માવ્યું કે, એવું જ કરી લો. મેં તે બાલ ખૂબ જ ઈજ્જત તથા સમ્માન સાથે લીધો અને કપડામાં લપેટયો અને મારી સાથે શહેર લઈ આવ્યો. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈર આ હિકાયત દરમિયાન આંખોમાં આંસુ ભરી લાવ્યા અને ફર્માવ્યું કે, એ એક બાલમાં શું શું અસરો મેં જોઈ. જે પણ બીમાર તથા દર્દમંદ મારી પાસે આવતો અને મારી પાસે તાવીઝ માગતો તો હું તેને તે બાલ મુબારક આપી દેતો. તે એને લઈ જતો અને કેટલોક સમય પોતાની પાસે રાખતો અને તેનું દુઃખ, બીમારી દૂર થઈ જતાં તે તંદુરસ્તી બાદ પરત મારી પાસે લઈ આવતો.

જેમ કે મારા એક દોસ્ત તાજુદ્દીન મીનાઈ નામના હતા. તેમનો એક નાનો બાળક હતો. એ બીમાર થયો તો મીનાઈ મારી પાસે આવ્યા અને મારી પાસે તાવીઝ માગ્યું. મેં તાવીઝ એક તાખલામાં મૂકેલુ હતું ખૂબ જ શોધ્યું પરંતું મળ્યુ નહીં. એ તાખલા સિવાય બીજા તાખલાઓમાં પણ શોધ કરી કે કદાચ ભૂલથી ક્યાંક બીજે રાખી દીધુ હોય, પરંતું તે ન દેખાયું, અને મારા દોસ્ત નિરાશ વદને પરત થયા. તેમનો બાળક એ જ બીમારીમાં મરી ગયો. એના કેટલાક અરસા બાદ કોઈ બીજુ આવ્યું અને કોઈ જરૂરત માટે એ તાવીઝ માગ્યું. જ્યારે મેં જોયું તો એ જ તાખલામાં જોવા મળ્યું જ્યાં હું હમેશાં રાખતો હતો. ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈરે ફર્માવ્યું, કેમ કે એ દોસ્તોનો બાળક મૃત્યુ પામવાનો હતો એ સબબથી તાવીઝ ગાયબ થઈ ગયું. *–(ક્રમશઃ)*

પેજ 28 નું ચાલુ..

**હદીષ–૬૨** : બયહકીએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે શરમની ચાદર નાખી દીધી તેના માટે ગીબત નથી એટલે કે આવા લોકોની બુરાઈ કરવી ગીબત નથી ગણાતી.

**હદીષ–૬૩** : તિબ્રાનીએ મુઆવિયહ બિન હયદહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ફાસિકની ગીબત નથી.

**હદીષ–૬૪** : સહીહ મુસ્લિમમાં મિકદાદ બિન અસ્વદ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુબાલગા (અતિશ્યોક્તિ)ની સાથે પ્રશંસા કરનારને જ્યારે તમે જોવો જુઓ તેમના મોઢાંમાં માટી નાખો. **હદીષ–૬૫** : સહીહ બુખારીમાં અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી મરવી કે નબીએ કરીમ ﷺએ એક શખ્સને સાંભળ્યો કે તે બીજાની પ્રશંસા કરતો હતો અને પ્રશંસામાં અતિશયોક્તિ કરતો. ઈર્શાદ ફર્માવ્યું, તેં એને બરબાદ કરી નાખ્યો અને તેની પીઠ તોડી નાખી. **હદીષ–૬૬** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂબક્ર رضی اللہ عنہથી મરવી, કહે છે કે નબીએ કરીમ ﷺની સમક્ષ એક શખ્સે બીજા શખ્સની પ્રશંસા કરી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તું બરબાદ થાય ! તેં પોતાના ભાઈના ગળાને કાપી નાખ્યું ! એને ત્રણ વાર ફર્માવ્યું. જે શખ્સને કોઈને પ્રશંસા જ કરવી હોય તો એવું કહે કે મારા વિચારથી ફલાણો માણસ આવો છે તો જો એની જાણકારીમાં એવો હોય કે તે એવો છે તો અલ્લાહ તેને ખૂબ જાણે છે અને અલ્લાહ પર કોઈની તઝકિય્યા ન કરે એટલે દ્રઢતા અને યકીનની સાથે કોઈની પ્રશંસા ન કરે. **હદીષ–૬૭** : બયહક્રીએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે ફાસિકની પ્રશંસા કરવામાં આવે છે ત્યારે રબ તઆલા ગુસ્સો ફર્માવે છે અને અર્શે ઈલાહી ધ્રુજવા લાગે છે.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

**મસ્અલા** : જે અવયવો તરફ નજર કરવી જાઈઝ નથી તે અવયવો જો શરીરથી અલગ થઈ ગયા હોય તો પણ તેના તરફ નજર કરવી નાજાઈઝ જ રહેશે. દા.ત. પેઢાના વાળા કે જેને જુદા કર્યા પછી પણ બીજો પુરૂષ જોઈ નથી શકતો. ઓરતના માથાના વાળ યા એના પગ યા કાંડાનુ હાડકુ એના મરી ગયા પછી પણ અજનબી માણસ એને જોઈ શકતો નથી. ઔરતના પગના નખને પણ અજનબી માણસ જોઈ શકતો નથી પરંતુ હાથના નખને જોઈ શકે છે. *(દુર્રે મુખ્તાર)*

મોટાભાગે એવું જોવામાં આવે છે કે કેટલાક લોકો દૂંટીની નીચેના ભાગના વાળને ગુસ્લખાનામાં યા પાખાનામાં (જાજરૂમાં) મૂંડીને ત્યાં જ છોડી દે છે એવું કરવું દુરસ્ત નથી. બલ્કે એને એવી જગ્યાએ નાંખી દે જ્યાં બીજા કોઈની નજર ન પડે યા જમીનમાં દફન કરી દેવા. ઓરતો માટે પણ જરૂરી છે કે માથુ ઓઢતી વેળા કે માથુ ધોતી વેળા જે વાળ ખરે તેને એવી જગ્યાએ છુપાવવા કે જેના પર અજનબીની નજર ન પડે.

**મસ્અલા** : ઓરતને દાઢી કે મૂછના બાલ નીકળી (ઉગી) આવે તો એને ઉખેડવા જાઈઝ બલ્કે મુસ્તહબ છે. કેમ કે એના શોહરને એનાથી નફરત ન પેદા થાય (થવા પામે). *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : મેહરમની સાથે એકાંત જાઈઝ છે એટલે કે બંને એક મકાનમાં એકલાં હોય શકે છે પરંતુ રજાઈ બહેન અને સાસુ સાથે એકાંત જાઈઝ નથી જયારે કે એ જુવાન હોય. એ જ હુકમ ઔરતની જુવાન છોકરી માટે છે જે બીજા પતિથી પેદા થઈ હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

## મકાનમાં દાખલ થવા માટેની ઈજાઝત (રજા) લેવા બાબત

**મસ્અલા** : જ્યારે કોઈ માણસ બીજાના ઘેર જાય તો પ્રથમ અંદર જવાની ઈજાઝત મેળવે અને પછીથી અંદર દાખલ થાય તો સલામ કરે, ત્યાર બાદ વાતચીત શરૂ કરે અને જેની પાસે ગયો હોય તે બહાર જ છે તો રજા લેવાની જરૂરત નથી, સલામ કરે પછીથી વાતચીત શરૂ કરે. *(ખાનિયા)*

## 3 "કોણ ?"ના જવાબમાં "હું" "હું" ન કહો !#3

**મસ્અલા** : કોઈના દરવાજા પર જઈને બુમ પાડી. એણે કહયું કે કોણ છે ? એના જવાબમાં એવું ન કહે કે "હું !" જેમ કે ઘણા લોકો "હું" કહીને જવાબ આપે છે. આવા જવાબને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નાપસંદ ફર્માવ્યો છે. બલ્કે જવાબમાં પોતાનું નામ જણાવવું. કેમ કે "હું" શબ્દનો ઉપયોગ દરેક માણસ પોતાને માટે કરી શકે છે એટલે એ જવાબ ક્યાં થયો ?

**મસ્અલા** : જો તમે રજા માંગી અને મકાન માલિકે તમને રજા ન આપી તો એનાથી નારાજ ન થવું. દિલમાં મેલ પેદા ન કરવો. ખુશીની સાથે ત્યાંથી પાછા ફરો. બની શકે છે કે તે વખતે તમને મળવા માટેનો સમય તેની પાસે ન હોય, કોઈ જરૂરી કામમાં મશ્ગૂલ હોય.

### 3 ખાલી મકાનમાં જાવ તો શું કહેશો ? 3

**મસ્અલા** : જો કોઈ એવા મકાનમાં દાખલ થવાનું હોય કે જેમાં કોઈ જ નથી તો એમ કહો કે : السلام علینا وعلی عباداللہ الصالحین- ફરિશ્તાઓ આ સવાલનો જવાબ આપશે. *(રદ્દુલ મુહ્તાર)* અથવા એમ કહે કે : السلام علیك ایها النبی- કેમ કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહ મુબારક મુસલમાનોના ઘરોમાં તશરીફ ફર્મા હોય છે.

**મસ્અલા** : આવતી વખતે પણ સલામ કરે અને જતી વેળા પણ સલામ કરે. એટલે સુધી કે બંનેની વચમાં જો કોઈ દિવાલ કે ઝાડ આવી જાય તો પણ સલામ કરે. *(રદ્દુલ મુહ્તાર)*

## સલામનું બયાન

### 3 મુસલમાનના મુસલમાન પર છ હક્ક 3

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એક મો'મિનના બીજા મો'મિન પર છ હક્કો છે : **(૧)** જ્યારે તે બીમાર પડે તો અયાદત (બીમારપુર્સી) કરે. **(૨)** જ્યારે મૃત્યુ પામે તો એના જનાઝામાં શરીક થાય. **(૩)** જ્યારે તે બોલાવે તો હાજર થઈ જાય **(૪)** અને જ્યારે તેનાથી મળે તો સલામ કરે. **(૫)** છીંક ખાય તો જવાબ આપે **(૬)** તેની હાજરી કે ગેરહાજરીમાં તેની ભલાઈ કરે. *(નિસાઈ)*

અને ફર્માવ્યું કે જે માણસ પહેલો સલામ કરશે તે રહમતે ઈલાહીનો વધુ હકદાર છે. *(ઈમામ અહમદ વ તિર્મિઝી)*

અને ફર્માવ્યું કે કોઈ માણસ પોતાના ભાઈને મળે તો એને સલામ કરે. પછીથી એ બંનેની વચમાં ઝાડ કે દિવાલ કે પથ્થર આડમાં આવી જાય અને ફરીથી મુલાકાત થાય તો ફરીવાર સલામ કરે. *(અબૂ દાઊદ)*

અને ફર્માવ્યું કે સવારી પર બેઠેલાએ પગે ચાલનારને સલામ કરવી અને ચાલનારે બેઠેલાને સલામ કરવી અને થોડા માણસોએ વધારે માણસોને સલામ કરવી. એટલે કે એક બાજુ થોડા માણસો છે અને બીજી બાજુ વધારે માણસો છે, તો જે ઓછા લોકો છે તેમણે વધુ માણસોને સલામ કરવી. એક રિવાયતમાં આવ્યું છે કે નાનાએ મોટાને સલામ કરવી અને ચાલનારે બેઠેલાને સલામ કરવી તથા થોડાએ વધારેને સલામ કરે. *(બુખારી, મુસ્લિમ)* હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم બાળકો પાસેથી પસાર થયા તો બાળકોને સલામ કરી. *(બુખારી, મુસ્લિમ)*

### 3 રસ્તામાં બેસનારાઓનાં આઠ કામો 3

અને ફર્માવ્યું કે રસ્તામાં બેસવાથી બચો. લોકોએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમારો રસ્તામાં બેસવા (સિવાય બીજો) કોઈ ચારો નથી. અમે ત્યાં બેસીને અરસ પરસ વાતો કરીએ છીએ. તો ફર્માવ્યું કે જ્યારે તમે નથી માનતા અને બેસવા જ ઈચ્છો છો તો રસ્તાનો હક્ક અદા કરો. લોકોએ અર્ઝ કરી કે રસ્તાનો શું હક્ક છે ? ફર્માવ્યું : **(૧)** નજર નીચી રાખવી **(૨)** બીજાને તકલીફ આપવાથી દૂર રહેવું **(૩)** સલામનો જવાબ આપવો **(૪)** સારી વાતનો હુકમ કરવો **(૫)** ખરાબ (બુરી) વાતોથી મના કરવું. અને એક રિવાયતમાં છે કે : **(૬)** રસ્તો બતાવવો. બીજી એક રિવાયતમાં છે : **(૭)** ફરિયાદ કરનારની ફરિયાદ સાંભળો **(૮)** ભૂલેલાને હિદાયત કરો. *(બુખારી, મુસ્લિમ)* અને ફર્માવ્યું કે જે માણસ અમારા દુશ્મનોની જેમ કરે તે અમારામાંથી નથી. યહૂદ તથા નસારાઓ જોડે મળતાપણુ ન કરો. યહૂદીઓની સલામ આંગળીઓના

ઈશારાથી છે અને નસારાઓની સલામ હથેળીઓના ઈશારાથી છે. *(તિર્મિઝી)*

## 3 સલામ કરવામાં શું નિય્યત હોય ?3

**મસ્અલા :** સલામ કરવામાં એવી નિય્યત હોય કે એની ઈજ્જત, આબરૂ અને માલ એ સઘળું એની હિફાઝતમાં છે એ ચીજોને રોકવી હરામ છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** ફક્ત તે માણસને સલામ ન કરે જેને ઓળખતા હોય બલ્કે દરેક મુસલમાનને સલામ કરે (ભલે) ઓળખતા હોય કે ન ઓળખતા હોય. બલ્કે કેટલાક સહાબાએ કિરામ તો એવી નિય્યતથી બજારમાં જતા હતા કે ઘણા લોકો મળશે અને વધારે સલામ કરવાનો મોકો મળશે.

**મસ્અલા :** સલામનો જવાબ તરત આપવો વાજિબ છે. કારણ વગર મોડું કર્યું તો ગુનેહગાર થયો અને ગુનોહ જવાબ દેવાથી મટી નહીં જાય બલ્કે તૌબા કરવી પડશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા :** એક જમાઅત બીજી જમાઅત પાસે આવી અને બંનેમાંથી કોઈએ પણ સલામ ન કરી તો બધાંએ સુન્નત તર્ક કરી. બધા કસૂરવાર ગણાશે અને જો એ બધામાંથી કોઈ એકે સલામ કરી તો બધાનો છૂટકારો થઈ જશે. અફઝલ એ છે કે બધા સલામ કરે. એ રીતે એ બધામાંથી કોઈ એકે પણ જવાબ ન આપ્યો તો તમામ ગુનેહગાર થયા અને જો એ કે જવાબ આપ્યો તો બધા છૂટી ગયા અને અફઝલ એ છે કે બધા જવાબ આપે. *(આલમગીરી)*

**મસ્અલા :** સવાલીએ (સવાલ કરનારે) દરવાજા પર આવીને સલામ કરી તો એનો જવાબ દેવો વાજિબ નથી. કચેરીમાં કાઝી જ્યારે એમની જગ્યા પર બેઠા હોય તેમને સલામ કરવામાં આવી તો કાઝી પર જવાબ દેવો વાજિબ નથી.

## 3 કોણ કોને સલામ કરે ? 3

**મસ્અલા :** એક માણસ શહેરથી આવી રહ્યો છે અને બીજો ગામડામાંથી આવી રહ્યો છે તો એ બેમાંથી કોણ સલામ કરે ? કેટલાકનું કહેવું છે કે શહેરી ગામડિયાને સલામ કરે અને કેટલાક આલિમ ફર્માવે છે કે ગામડિયો શહેરીને સલામ કરે. એક માણસ બેઠેલો છે ત્યાંથી બીજો માણસ પસાર થયો (પગપાળા) તો એ પગપાળા જનારો બેઠેલાને સલામ કરે અને નાનો મોટાને સલામ કરે અને સવાર પગે ચાલનારને સલામ કરે અને થોડા (માણસો) વધારે માણસોને સલામ કરે. એક માણસ પાછળથી આવ્યો એ આગળનાને (આગળ આવેલાને) સલામ કરે. *(બઝાઝિયા, આલમગીરી)*

**મસ્અલા :** મર્દ અને ઓરતની મુલાકાત થાય તો મર્દ ઓરતને સલામ કરે અને જો અજનબી ઓરતે મર્દને સલામ કરી તો જો એ ઓરત ઘરડી હોય એવી રીતનો જવાબ આપે કે તે સાંભળે (તેણી સાંભળે તેટલા અવાજે જવાબ આપે) અને જો તે જુવાન હોય તો એવી રીતનો જવાબ આપવો કે તે ન સાંભળી શકે. *(ખાનિયા)*

**મસ્અલા :** જ્યારે તમારા પોતાના ઘરમાં જાઓ તો ઘરવાળાંઓને સલામ કરો. બાળકો સામેથી પસાર થાઓ તો તે બાળકોને સલામ કરો. *(આલમગીરી)*

**મસ્અલા :** કાફિરોને સલામ ન કરો અને જો તે સલામ કરે તો જવાબ દઈ શકે છે પરંતુ જવાબમાં ફક્ત **અલૈકુમ** કહે. જો એવી જગ્યાએથી પસાર થવાનો પ્રસંગ આવે કે મુસ્લિમ અને કાફિર બંને હોય તો **અસ્સલામુ અલૈકુમ** કહે અને મુસલમાનને સલામ કરવાનો ઈરાદો કરે અને એવું પણ થઈ શકે છે કે **અસ્સલામુ અલા મનિત્તબઅલ હુદા** કહે. *(આલમગીરી) –(ક્રમશઃ)*

તઝકેરતુલ અવલિયા

# હઝરત ઈબ્ને અતા رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ :** આપ ઘણા જ મહાન મશાઈખોમાંથી થયા છે અને આપની ઘણી ખૂબીઓ હઝરત અબૂ સઈદ ખઝ્ઝાઝે વર્ણવેલ છે, ત્યાં સુધી કે તે આપની સરખામણીમાં કોઈ બીજાને સૂફી જ ગણતા ન હતા.

**હાલાત :** એકવાર આપને ગિર્યાઓ ઝારી (રબની બારગાહમાં રૂદન તથા આજીજી) કરતા જોઈ લોકોએ સબબ પૂછયો તો ફર્માવ્યું કે નાની વયે મેં એક શખ્સનુ કબૂતર પકડી લીધુ હતું અને તેના બદલામાં આજ સુધી તેના માલિકને એક હજાર દીનાર આપી ચૂક્યો છું તેમ છતાં એ ખયાલ છે કે ખબર નહીં મને શું સજા આપવામાં આવશે. પછી કોઈએ સવાલ કર્યો કે આપ કુર્આનની દરરોજ કેટલી તિલાવત કરો છો ? ફર્માવ્યું કે ચૌદ વરસ પહેલાં તો દરરોજ એક કુર્આન ખત્મ કરી આપતો હતો પરંતું હવે ચૌદ વરસથી જે મેં કુર્આન શરૂ કર્યું છે તો અત્યાર સુધી કેવળ સૂરએ અન્ફાલ સુધી પહોંચ્યો છું.

આપને દસ પુત્રો હતા અને એકવાર સફર દરમિયાન ડાકૂઓએ તેમને પકડીને એક એક કરીને નવ પુત્રોને આપની સામે કત્લ કરી આપ્યા, પરંતું આપ આસ્માનની તરફ નજરો ઉઠાવેલા રહી સ્મિત કરતા રહ્યા, અને જ્યારે દસમા પુત્રનો નંબર આવ્યો તો તેણે કહ્યું કે કેટલા પ્રમાણમાં અફસોસની વાત છે કે આપ બાપ થઈને કાંઈક રોક થામ કરવાને બદલે ઉભા ઉભા સ્મિત કરી રહ્યા છો ?! આપે ફર્માવ્યું કે દરેક કામનો હકીકી કર્તા અલ્લાહ તઆલા છે અને તે પોતાની મસ્લેહતથી જે કાંઈ પણ કરે છે એમાં બંદાને દમ મારવાની ઈજાઝત નથી. આ સાંભળીને ડાકૂઓ પર અજબ પ્રકારની કૈફિયત છવાઈ ગઈ અને તેમણે અર્ઝ કર્યું કે જો આ વાત આપ પહેલાં કહી આપતા તો સર્વ પુત્રો કત્લ થવાથી બચી જાત.

એકવાર આપે હઝરત જુનેદ رحمۃ اللہ علیہને ફર્માવ્યું કે માલદારોનો ફકીરો કરતાં અધિક મર્તબો છે, કેમ કે કયામતના દિવસે જ્યારે તેમની પૂછતાછ થશે તો, એક પૂછતાછ અમલો વિશે થશે અને બીજી પૂછતાછ દોલત વિશેની અધિક થશે. પરંતું હઝરત જુનેદ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે ફકીરોનો મર્તબો માલદારો કરતાં એટલા માટે વધુ છે કે જ્યારે માલદાર કયામતમાં ફકીરોથી માફી માગશે તેમની એ માફી માગવું તેમની પૂછતાછ કરતાં અધિક હશે.

જ્યારે આપનાથી કોઈએ એ સવાલ કર્યો કે સૂફિયાએ કિરામ વાતચીત દરમિયાન એવા શબ્દો શા માટે વાપરે છે જેને અન્ય લોકો સમજવાથી વંચિત અને આશ્ચર્યમય થઈ જાય છે ? ફર્માવ્યું કે સૂફીઓ ચાહે છે કે એમની વાત સૂફી સિવાય કોઈને સમજમાં ન આવે, એટલા માટે સામાન્ય બોલીથી હટીને વાતચીત કરે છે.

**આપના ઈર્શાદો :** આપ ફર્માવ્યા કરતા હતા કે બેહતર ઈલ્મ તથા અમલ એ જ હતો જે પાછલા લોકોએ હાંસલ કર્યો અને તેના પર અમલ કરતા રહ્યા. ફર્માવ્યું કે રાઝોને અમલના મેદાનમાં શોધો, પછી હિકમતના મેદાનમાં, પછી તૌહીદના મેદાનમાં. અને જો ક્યાંય ન મળે તો ઉમ્મીદોને કટ કરી લો. ફર્માવ્યું કે સિફાત (ખૂબીઓ) પર અમલ કરવો રુજૂઅ કરવા કરતાં બેહતર છે. ફર્માવ્યું કે દરેક ઈલ્મ માટે એક બયાન છે, દરેક બયાનના માટે એક ઝબાન અને દરેક ઝબાનના માટે એક ઈબાદત છે. દરેક ઈબાદતના માટે એક તરીકો છે અને દરેક તરીકા માટે એક ગિરોહનું હોવું જરૂરી છે. અને જે શખ્સ આ ચીજોમાં ફરક ન

■ **અઝ :** *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ■ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી*

કરી શકે તેણે મોં ખોલવું (બોલવું) યોગ્ય નથી. પછી ફર્માવ્યું કે સુન્નતની પયરવી કરનારાઓને મઅરેફતનું નૂર હાંસલ થાય છે. ફર્માવ્યું કે મુસલમાનના લાભ ખાતર કોશિશ કરનાર મુનાફિક પણ સાઈઠ વરસના આબિદ કરતાં અધિક સવાબ હાંસલ કરે છે. ફર્માવ્યું કે કુર્આન તથા હદીષથી બુલંદ કોઈ મક઼ામ નથી. ફર્માવ્યું કે ખુદાની ઈબાદત ન કરવી અત્યંત કક્ષાની ગફલત છે. પછી ફર્માવ્યું કે ખુદા સિવાય જો કોઈ શખ્સ કોઈ બીજાથી સુકૂન હાંસલ કરે છે તો છેવટે એ જ ચીજ તેની તબાહીનો સબબ બની જાય છે. ફર્માવ્યું કે ઉમદા ગુનોહ તે જ છે જેમાં તૌબાની તૌફીક઼ નસીબ થાય, અને બદતરીન છે તે ઈતાઅત (ફર્માબરદારી) જેમાં પોતાની બડાઈ જાહેર થાય. ફર્માવ્યું કે માધ્યમો પર ભરોસો કરવાથી ઘમંડ જન્મ લે છે. ....... ફર્માવ્યું કે દુનિયા અમુક લોકો માટે તો મુસાફરખાનુ છે, અમુક લોકો માટે વેપારની જગા, અમુકના માટે ખ્યાતિ તથા ઈજ્જત હાંસલ કરવાની જગા, અમુકના માટે બોધગ્રહણ કરવાની જગા અને અમુકના માટે એશ આરામની જગા છે, જેથી દરેક વ્યક્તિ પોતાના જ ખયાલોના એતબારથી દુનિયાથી દિલચસ્પી રાખે છે. શહવતે ક઼લ્બ (દિલની ખ્વાહિશ, આકર્ષણ) કોઈ ચીજનું પરીક્ષણ છે અને નફસની શહવત દુનિયવી એશ આરામ અને કાયમ અહીં રહેવાનુ છે. ફર્માવ્યું, કેમ કે નફસની ફિત્રતમાં બેઅદબી નિર્મિત છે એટલા માટે નફસને દરેક પળે અદબવાળા રહેવાનો હુકમ આપવામાં આવ્યો છે. અને નફસની ખ્વાહિશ અને ઈબાદતના બદલાની તમન્ના બંદાને ખુદાનો દુશ્મન બનાવી દે છે. ફર્માવ્યું કે મોમિનની ગિઝા (ખોરાક) ખુદાની ઈબાદત છે અને મુનાફિકનો ખોરાક ખાવું પીવું. ફર્માવ્યું કે સાલેહીન જેવો અદબ રાખનાર કરામતનુ મેદાન હાંસલ કરે છે, અને સિદીક઼ો જેવો અદબ રાખનાર દિલની રાહતની જગા પ્રાપ્ત કરે છે, પરંતું બેઅદબ હમેશાં બદનસીબ રહે છે. ફર્માવ્યું કે કુર્બનો અદબ દૂરના અદબ કરતાં અધિક મુશ્કેલ છે એટલા માટે કે નાવાકેફ લોકોના તો અલ્લાહ તઆલા ગુનાહે કબીરા પણ માફ કરી આપશે, પરંતું આરિફોના ગુનાહે સગીરાની પણ પૂછતાછ થશે. ફર્માવ્યું કે નફસની પયરવી કરનાર કદાપિ કુર્બે ઈલાહી હાંસલ નથી કરી શકતો. ફર્માવ્યું કે મને જહન્નમની આગમાં સળગવાનો એટલો ડર નથી જેટલો ખુદાની અદમે તવજ્જીહી (ખુદાની તવજ્જોહ ન થવા)થી ડરેલો રહુ છું. ફર્માવ્યું કે મુવહહિદો ચાર પ્રકારના હોય છે : પ્રથમ તે જેઓ સમય તથા સંજોગો બંને પર નજર રાખે છે. બીજા તે જેમની નજર આક઼ેબત (આખેરત) પર મંડાયેલી રહે છે. ત્રીજા તે જેઓ હક઼ીક઼તોનો મુશાહેદો (દર્શન) કરતા રહે છે. ચોથા તે જેમની નજરો સમક્ષ કેવળ મુસાબેહત (હરીફાઈ) રહે છે. ફર્માવ્યું કે રસૂલોનો અદના મર્તબો અંબિયાના આ'લા મર્તબાના બરાબર હોય છે, અને અંબિયાનો અદના મર્તબો મોમિનોના આ'લા મર્તબા બરાબર હોય છે. ફર્માવ્યું કે કેટલાક બંદાઓ એવા પણ છે જેમનો સંબંધ ખુદાની સાથે એ રીતે છે કે એમની આંખો તેના જ નૂરથી રોશન છે, તેમની હયાત તેના જ દમથી કાયમ છે અને આ સંબંધ તેમને યક઼ીનની શુધ્ધતા અને કાયમી નજરના કારણે હાંસલ થાય છે. અને કેમ કે તેઓ તેની જ જાતથી ઝિંદા છે એટલા માટે તેમને હજી સુધી મોત નથી આવ્યું. ફર્માવ્યું કે બેહતરીન છે તે ગૈરત (શરમ) જે મહોબ્બત તથા હમનશીનીના સમયે રહે. ફર્માવ્યું કે મોટાભાગે ગૈરતવાળાઓની આ કૈફિયત હોય છે કે ગૈરતની મુક્તિ અપાવવાના માટે કોઈ તેમને ક઼ત્લ કરી દે તો ક઼ાતિલને સવાબ મળે છે. ફર્માવ્યું કે જિંદગીનું બાકી રહેવું (ક઼યામ) ક઼લ્બે મહબ્બત, ગિર્યાએ મુશ્તાક, ઝિક્રે આરિફ, લિસાને મુવહહિદ અને બુલંદ ઈરાદાવાળાઓના નફસને ત્યજવાથી. અને હઝરત લેખક ફર્માવે છે કે જો કોઈ એ વાંધો ઉઠાવે કે લિસાને મુવહહિદ (તૌહીદ પર ઈમાન રાખનારની ઝબાન)થી કેવી રીતે સંબંધિત છે ? તો જવાબ એ છે કે મુવહહિદનું બાતિન (અંતર) તૌહીદથી ભરપુર હોય છે અને તેને ઝબાન હલાવવા સિવાય રજમાત્ર કોઈ ચીજની ખબર નથી રહેતી,

જેવો કે હઝરત બાયઝીદનો કૌલ છે કે હું ત્રીસ વરસથી બાયઝીદની શોધમાં છું પણ તે ક્યાંય નથી મળતો. અને સાહિબે તાઝીમના નફસથી જિંદગીનો કયામ એટલા માટે છે કે તેની જીભ તો ગુંગી થઈ જાય છે પરંતુ જાન બાકી રહે છે અને અહલે હુમમ (બુલંદ હોસલાવાળાઓ)ની જિંદગી એ છે કે જિંદગી નફસથી સદંતર અલગ થઈ જાય છે. અને જો તે આ આલમે હયઅત (Astronomy) સૂરજ ચાંદ તથા જમીનનું ચક્ર, ખગોળ શાસ્ત્ર)માં બોલી કાઢે તો તુરંત હલાક થઈ જાય. જેવું હદીષમાં આવેલુ છે કે, "મને અલ્લાહની સાથે એક સમય હાંસલ છે." એટલે કે એ સમયે ન તો હું હોઉં છું ન જિબ્રઈલ. પછી ફર્માવ્યું કે ઈલ્મના ચાર પ્રકાર છે : **૧.** ઈલ્મે મઅરેફત **૨.** ઈલ્મે ઈબાદત **૩.** ઈલ્મે અબૂદિયત **૪.** ઈલ્મે ખિદમત. ફર્માવ્યું કે મમલેકન (રાજ્ય, દેશ, સત્તા)નો દાવેદાર મહોબ્બતથી મેહરૂમ થઈ જાય છે. ............ફર્માવ્યું કે તવક્કુલ નામ છે ફાકાકશીમાં કોઈ સબબ પ્રતિ નજર ન કરવાનુ, અને મુતવક્કિલ (તવક્કુલ કરનાર) તે છે જે કેવળ ખુદા પર તવક્કુલ કરે. ફર્માવ્યું કે મઅરેફતના અરકાન ત્રણ છે : પ્રથમ હયબત (ડર), બીજી હયા, ત્રીજુ અમ્ન. અને હયાનો ભાવાર્થ એ છે કે જે કાંઈ પણ મળે તેને એવું સમજે કે મારા માટે આ જ બેહતર છે. ફર્માવ્યું કે એક જાહેરી તકવો છે જેમાં કેવળ અલ્લાહની હદો (સજાઓ) પર નજર રહે છે અને બીજો બાતિની તકવો એ છે કે ઈખ્લાસ તથા નિય્યત નજરો સમક્ષ રહે, અને તકવાની શરૂઆત મઅરેફત અને અંતિમ હદ તૌહીદ છે. ફર્માવ્યું કે જે ચીજને ખુદાએ બેહતર ફર્માવી છે તેના પર અડગ રહેવું અદબ છે. દરેક સમયનો મુરાકેબો સર્વ ઈબાદતોથી અફઝલ છે. ફર્માવ્યું, કલ્બો જિગરના ટુકડા થઈ જવાનું નામ શૌક છે પરંતુ શૌક મહોબ્બતથી ઉચ્ચતર છે, કેમ શૌક મહોબ્બતથી જ સર્જન પામે છે. ફર્માવ્યું કે હઝરત આદમ علیہ السلامની ખતા પર સોના ચાંદી સિવાય દરેક ચીજે નોહા ખ્વાની (ગમ તથા માતમનાં ગીત) કરી, અને જ્યારે અલ્લાહ તઆલાએ તેમની પૂછતાછ કરી તો અર્ઝ કરી કે અમે તારા નાફર્માનો પર નોહખ્વાની નથી કરી શકતાં, એટલા માટે અલ્લાહ તઆલાએ તેમને દરેક ચીજની કિંમત નિશ્ચિત કરી આપી, એટલે કે દરેક ચીજ રૂપિયા અશરફીથી જ ખરીદી શકાય છે. ફર્માવ્યું કે જાહેરમાં મખ્લૂકથી અને બાતિલમાં ખાલિકથી વાબસ્તગી ગોશાનશીનીથી બેહતર છે.

આપે મુરીદોને સવાલ કર્યો કે બંદાઓના મર્તબા કઈ ચીજથી બુલંદ થાય છે ? કોઈએ જવાબ આપ્યો સાઈમુદહર (સતત રોઝા રાખનાર) રહેવાથી, કોઈકે કહ્યું, સદા નમાઝમાં મશગૂલ રહેવાથી, કોઈએ કહ્યું કે મુજાહિદાત પર પાબંદી કરવાથી, કોઈકે કહ્યું, ખયરાત તથા સદકા જારી રાખવાથી, પરંતું આપે ફર્માવ્યું કે કેવળ તેને જ બુલંદ મર્તબા હાંસલ થાય છે જેના અખ્લાક ઉમદા હોય.

લોકોએ સમયના ખલીફાને આપના અધર્મી હોવાની શિકાયત કરી તો વઝીરે આપને બોલાવીને ભલુ બુરુ કહ્યું અને આપના ચામડાના મોજા કઢાવીને એના જ વડે એટલા પ્રમાણમાં મારપીટ કરી કે આપના પર બેહોશી છવાઈ ગઈ અને હોશ આવ્યા બાદ આપે તેના હક્કમાં એ બદદુઆ કરી કે અલ્લાહ તઆલા તારા હાથપગ તોડાવી નાખે. જેથી આપની વફાતના બાદ ખલીફાએ કોઈ જુર્મની સજામાં તેના હાથપગ કપાવી નાખ્યા ! એના પર અમુક બુઝુર્ગોએ એ વાંધો ઉઠાવ્યો કે આપે બદદુઆ ન કરવી જોઈતી હતી, બલ્કે એના હક્કમાં દુઆ કરતા. પરંતું અમુક બુઝુર્ગોએ એ જવાબ આપ્યો કે આપની બદદુઆનું કારણ એ હતું કે તે વઝીર મુસલમાનોના હક્કમાં ઘણો જ જાબિર તથા જાલિમ હતો. અને અમુક બુઝુર્ગ એવું કહે છે કે કઝા તથા કદરનો ફેંસલો એ જ હતો એટલા માટે આપે એને જાહેર કરી દીધો. પરંતું હઝરત લેખક ફર્માવે છે કે હકીકતમાં તે બદદુઆ નહીં બલ્કે એના હક્કમાં દુઆ હતી જેથી દુનિયાની બેઈજ્જતીથી નજાત પામીને શહાદતનો દરજો હાંસલ કરે અને આખેરતની સજાને બદલે દુનિયામાં જ સજા પૂરી થઈ જાય.

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

**કાર્યાલય** **હપ્તો : 33**

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. –*તંત્રી*

**હદીષ–૪૧** : તિર્મિઝીએ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યું, હું તેને પસંદ નથી કરતો કે કોઈની નકલ કરું, ભલે મારા માટે આટલું આટલું હોય. એટલે નકલ કરવું દુનિયાની કોઈ વસ્તુના મુકાબલામાં દુરૂસ્ત નથી થઈ શકતું.

**હદીષ–૪૨** : બયહકીએ શોઅબુલ ઈમાનમાં જાબિર તથા અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہماથી રિવાયત કરી કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યું, ગીબત ઝિનાથી પણ ખતરનાક વસ્તુ છે. લોકોએ પૂછયું, યા રસૂલુલ્લાહ ! ગીબત ઝિનાથી વધીને કેવી રીતે છે ? ફર્માવ્યું, પુરૂષ ઝિના કરે છે પછી તૌબા કરે છે. અલ્લાહ તઆલા તેની તૌબા કબૂલ ફર્માવે છે. અને ગીબત કરવાવાળાની મગફેરત નહી થાય જ્યાં સુધી કે તે માફ ન કરે જેની ગીબત કરી. અને અનસ رضی اللہ عنہની રિવાયતમાં છે કે ઝિના કરવાવાળો તૌબા કરે છે અને ગીબતવાળા માટે તૌબા નથી.

**હદીષ–૪૩** : બયહકીએ દાવતે ક઼બીરમાં અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ગીબતના કફ્ફારામાં એ છે કે જેની ગીબત કરી તેના માટે ઈસ્તિગફાર કરે અને કહે اَللّٰھُمَّ اغْفِرْلَنَا وَلَہٗ ઈલાહી ! અમને અને તેને બખ્શી દે.

**હદીષ–૪૪** : અબૂ દાઊદે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે માઈઝા અસ્લમી رضی اللہ عنہને જ્યારે રજ્મ (પથ્થરમારો) કરવામાં આવ્યો તો બે શખ્સો અંદરો અંદર વાતો કરવા લાગ્યા, એ કે બીજાને કહ્યું કે આ જુઓ અલ્લાહે તેના પર પડદો રાખ્યો હતો પરંતુ તેના નફસને ન છોડયો, કૂતરાની જેમ રજ્મ કરવામાં આવ્યો. હુઝૂર صلی اللہ علیہ وسلم સાંભળીને ચૂપ રહ્યા. થોડીવાર ચાલતા રહ્યા. રસ્તામાં મૃત્યુ પામેલ ગધેડો મળ્યો જેનો પગ ફેલાયેલો હતો હુઝૂર صلی اللہ علیہ وسلم તે બંનેવ શખ્સોથી ફર્માવ્યું જાવ ! મરેલા ગધેડાનો ગોશ્ત ખાવ ! તેમણે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! صلی اللہ علیہ وسلم આને કોણ ખાશે ? ઈર્શાદ ફર્માવ્યું, એ જે તમે પોતાના ભાઈની બેઈજ્જતી કરી તે આ ગોશ્ત ખાવાથી પણ સખ્ત છે. સોગંદ છે તેની જેના હાથમાં મારી જાન છે ! તે (માઈઝ) જન્નતની નહેરોમાં ડૂબકીઓ લગાવી રહ્યો છે.

**હદીષ–૪૫** : ઈમામ અહમદ વ નિસાઈ વ ઈબ્ને માજહ વ હાકિમે ઉસામા બિન શરીક

رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અલ્લાહના બંદાઓ ! અલ્લાહે હરજ (નુકસાન) ઉઠાવી લીધું પરંતું જે શખ્સ કોઈ મુસલમાન માણસને જુલ્મની રીતે બે ઈજ્જત કરે તે હરજમાં છે અને હલાક થયો.

**હદીષ-૪૬** : ઈમામ અહમદ વ અબૂ દાઊદ વ હાકિમે મિસ્વર બિન શુદ્દાદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સને કોઈ મુસલમાનની બુરાઈના કારણે ખાવાનું મળ્યું, અલ્લાહ તઆલા તેને એટલું જ જહન્નમથી ખવડાવશે. અને જેને મુસલમાનની બુરાઈ કરવાથી કપડુ પહેરવાનું મળ્યું અલ્લાહ તઆલા તેને જહન્નમનું એટલુ જ કપડુ પહેરાવશે.

**હદીષ-૪૭** : ઈમામ અહમદ વ અબૂ દાઊદે અબૂ બરઝહ અસ્લમી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તે લોકો જેઓ જીભથી ઈમાન લાવ્યા અને ઈમાન તેમનાં દિલોમાં દાખલ નથી થયું, મુસલમાનોની ગીબત ન કરો અને તેમની છુપાયેલી વાતોની શોધખોળ ન કરો એટલા માટે કે જે શખ્સ પોતાના મુસલમાન ભાઈની છુપાયેલી વસ્તુની શોધ કરે છે અલ્લાહ તઆલા તેની છુપાયેલી વસ્તુની શોધ કરશે, અને જેની અલ્લાહ શોધ કરે છે તેને બેઈજ્જત કરી દેશે ભલે તે પોતાના મકાનની અંદર હોય.

**હદીષ-૪૮** : ઈમામ અહમદ વ અબૂ દાઊદે અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે મને મેઅરાજ થઈ એક કૌમની પાસેથી પસાર થયો જેમના નખો તાંબાના હતા. તે પોતાના મોઢાને અને છાતીને નોચતા હતા. મેં કહ્યું, જિબ્રઈલ ! આ કયા લોકો છે ? જિબ્રઈલે કહ્યું, આ તેઓ છે જેઓ લોકોનો ગોશતને ખાય છે અને તેમની બેઈજ્જતી કરે છે.

**હદીષ-૪૯** : અબૂ દાઊદે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાનની દરેક વસ્તુઓ મુસલમાન પર હરામ છે, તેનો માલ અને તેની ઈજ્જત અને લોહી. આદમીને બુરાઈથી એટલું જ કાફી કે તે પોતાના મુસલમાન ભાઈને હકીર (તૂચ્છ) માને.

**હદીષ-૫૦** : અબૂ દાઊદે મુઆઝ બિન અનસ જોહની رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ મુસલમાન માટે કોઈ વાત કહે અને તેનો ઈરાદો ઐબ લગાડવાનો હોય તો અલ્લાહ તઆલા તે પુલસિરાત પર રોકશે જ્યાં સુધી એ વસ્તુથી ન નીકળે જે તેણે કહી.

**હદીષ-૫૧** : અબૂ દાઊદે જાબિર બિન અબ્દુલ્લાહ અને અબૂ તલ્હા બિન સહલ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાનની બેઈજ્જતી કરવામાં આવતી હોય અને જ્યાં બેઈજ્જતી કરી રહ્યા હતા ત્યાં એણે મદદ ન કરી એટલે કે તે ચૂપચાપ સાંભળતો રહ્યો અને તેને ન રોક્યો તો અલ્લાહ તઆલા તેની મદદ નહી કરે જ્યાં તેને પસંદ હોય કે મદદ કરવામાં આવે. અને જે શખ્સ મુસલમાનની મદદ કરશે એવા સમયે જ્યાં તેને બેઈજ્જતી અને બેઆબરૂ કરવામાં આવી રહ્યો હોય અલ્લાહ તઆલા તેની મદદ ફર્માવશે એવા સમયે જ્યાં તેને પસંદ છે કે મદદ કરવામાં આવે.

**હદીષ-૫૨** : શરહે સુન્નામાં અનસ رضی اللہ عنہ મરવી કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, જેના સામે તેના મુસલમાન ભાઈની ગીબત કરવામાં આવે અને તે એની મદદ કરી શકતો હોય તો મદદ કરે. અલ્લાહ તઆલા દુનિયા અને આખેરતમાં તેની મદદ કરશે, અને કુદરત હોવા છતાં તેની મદદ ન કરે તો અલ્લાહ તઆલા દુનિયા અને આખેરતમાં તેને પકડશે.

**હદીષ-૫૩** : બયહક઼ીએ અસ્મા બિન્તે યઝીદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ પોતાના ભાઈના ગોશતથી તેની ગીબતમાં રોકે એટલે કે જે મુસલમાનની ગીબત કરી રહ્યા હતા અને તેણે રોક્યા તો અલ્લાહ પર હક છે કે તેને જહન્નમથી છૂટકારો આપી દે.

**હદીષ-૫૪** : શરહે સુન્નામાં અબૂ દરદા رضی اللہ عنہથી મરવી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે મુસલમાન પોતાના ભાઈની આબરૂથી રોકે એટલે કે કોઈ મુસલમાનની બેઈજ્જતી થઈ રહી હતી અને તેને એ વસ્તુથી રોક્યો તો અલ્લાહ પર હક છે કે તેને જહન્નમથી આગથી બચાવશે, તે પછી આયતની તિલાવત કરી. وَكَانَ حَقًّا عَلَيْنَا نَصْرُ الْمُؤْمِنِيْنَ "મુસલમાનની મદદ કરવી આપણા પર હક છે."

*(સૂ. રૂમ, ૩૦/૪૭)*

**હદીષ-૫૫** : તિર્મિઝી વ અબૂ દાઊદે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એક મો'મિન બીજા મો'મિનનો આઈનો છે. મો'મિન મો'મિનનો ભાઈ છે, તેની વસ્તુઓને બરબાદ થતી બચાવો અને ગીબતમાં તેની હિફાઝત કરો.

**હદીષ-૫૬** : ઈમામ અહમદ વ તિર્મિઝીએ ઉક઼બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ એવી વસ્તુ જુએ જેને છુપાવવી જોઈતી હતી અને તેણે પડદો કરી દીધો એટલે છુપાવી દીધી તો એવો છે જેવું કે મવઉદ્દહ (એટલે જીવતા દાટેલા)ને જીવતો કર્યો.

**હદીષ-૫૭** : અબૂ નુઐમે મઅરિફામાં શબીબ બિન સઅદ બલવીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બંદાને કયામતના દિવસે તેનું દફતર (નામએ આમાલ) ખુલેલો મળશે એ તેમાં એવી નેકીયો પણ જોશે જેને કરી પણ નહીં હોય. અર્ઝ કરશે, હે રબ ! આ મારા માટે ક્યાંથી આવી ? મેં તેને કરી ન હતી ! તેનાથી કહેવામાં આવશે, આ તારી તે નેકીઓ છે જ્યારે તને ખબર ન હતી અને લોકોએ તારી ગીબત કરી હતી.

**હદીષ-૫૮** : તિર્મિઝીએ મુઆઝ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે પોતાના ભાઈના એવા ગુનાહ પર શરમ અપાવી જેનાથી તે તૌબા કરી ચૂકયો છે તો મરતા પહેલાં તે પોતે એ ગુનાહમાં ભેળવાઈ જશે.

**હદીષ-૫૯** : તિર્મિઝીએ વાષિલા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પોતાના ભાઈની શમાતત ન કરો એટલે તેની મુસીબત પર ખુશી જાહેર ન કરો કે અલ્લાહ તઆલા તેના પર રહમ કરશે અને તને એમાં સપડાવી દેશે.

**હદીષ-૬૦** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારી તમામ ઉમ્મત હિફાઝતમાં છે સિવાય મુજાહિરીન એટલે જે લોકો ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરે છે તે હિફાઝતમાં નથી, તેની ગીબત અને બુરાઈ કરવામાં આવશે. અને આદમીનું નીડર હોવુ એ છે કે રાતમાં કોઈ કામ કર્યું એટલે ગુનાહનું કામ કર્યું અને ખુદાએ તેને છુપાવ્યું અને સવારે પોતે કહે છે કે આજ રાતમાં મેં આ કર્યું. ખુદાએ તેના પર પડદો નાખ્યો હતો અને આ શખ્સ અલ્લાહ તઆલાના પડદાને હટાવી દે છે.

**હદીષ-૬૧** : તિબ્રાની વ બયહક઼ીએ બ રિવાયત બહઝ બિન હકીમ અને તેમણે પોતાના વાલિદથી અને તેમણે પોતાના દાદાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું ફાજિરના ઉલ્લેખથી બચો છો ? તેને લોકો ક્યારે ઓળખશે ? ફાજિરની ચર્ચા તે વસ્તુની સાથે કરો જે એનામાં છે જેથી કરીને લોકો તેનાથી બચે.

વધુ પેજ 19 પર..

મસ્અલા 10

# અંબિયા عليهم السلام ના તસર્રુફાત (અખત્યારો)

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં


અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી


**હદીષ–૧૮ :** સહાબીયે રસૂલ હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہની ગણના ફકીહ સહાબામાં થાય છે. ખૈબરની ફતહના વરસે ઈસ્લામથી પાવન થયા. વિવિધ ગઝવાતમાં શરીક થયા. આપ હુઝૂર સૈયદે આલમ ﷺ અને આપના સહાબાના એક સફરનો બનાવ વર્ણવતાં એ જાહેર છે કે એક સહાબી જુનુબી (ગુસ્લની હાજતવાળા) થઈ ગયા જે પાણીની ઉણપના કારણે ગુસલ ન કરી શક્યા, અને અન્ય સહાબીઓ તરસ્યા રહી ગયા. હવે એના બાદનો બનાવ એ જ સહાબીએ રસૂલના શબ્દોમાં સાંભળો :

"લોકોએ હુઝૂર ﷺને તરસની શિકાયત કરી તો હુઝૂર ત્યાં જ પડાવના માટે રોકાય ગયા અને "ફલાણા"ને બોલાવ્યો. અબૂ રજાઅ તેમનું નામ લેતા હતા પણ ઔફ ભૂલી ગયા, અને અલીને પણ બોલાવ્યા અને ફર્માવ્યું, તમે બંનેવ જાવ અને પાણી તલાશ કરો.

એ બંનેવ ચાલ્યા તો તેમને એક સ્ત્રી મળી જે પાણીથી ભરેલી બે પખાલો અથવા બે મોટા મશકોની વચ્ચે પોતાના ઊંટ પર બેસેલી હતી. એ હઝરાતે એ સ્ત્રીને પૂછયું, પાણી ક્યાં છે ? તેણીએ જણાવ્યું કે હું પાણીની પાસે કાલે આ જ સમયે હતી અને અમારા પુરૂષો પાછળ રહી ગયા. એ બંનેવે તેણીને કહ્યું, એવું છે તો ચાલ ! તેણીએ કહ્યું, ક્યાં ? બંનેવે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં. તેણીએ કહ્યું, તે જ જેમને સાબી કહેવામાં આવે છે ?! તે બંનેવે કહ્યું, હા ! તે જ જેમને તું સમજે છે એમની જ પાસે ચાલ. એ બંનેવ હઝરાત રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં તેણીને લાવ્યા અને બનાવ રજૂ કર્યો.

રાવીનું બયાન છે કે, તેણીને તેના ઊંટ પરથી ઉતારી અને નબી કરીમ ﷺએ વાસણ મંગાવ્યું અને એમાં બંને પખાલો અથવા મશકોના મુખેથી થોડુક પાણી રેડયું અને તેમનાં મુખ બાંધી દીધાં, અને એની નીચેનું સાંકડુ મુખ ખોલી દીધું અને લોકોમાં એલાન કરી આપ્યું કે પાણી પોતે પણ પીઓ અને જાનવરોને પણ પીવડાવો. તો જેને પીવુ હતું પીધું અને જેણે ચાહ્યું જાનવરોને પીવડાવ્યું. અને સૌથી છેવટમાં એક વાસણ પાણી તેને આપ્યું જેને જનાબતની હાલત થઈ ગઈ હતી અને ફર્માવ્યું, જાવ ! એને તમારા ઉપર વહાવી દો (નહાય લો) અને તે સ્ત્રી ઉભી ઉભી તે સૌ જોતી રહી જે તેણીના પાણી સાથે કરવામાં આવી રહ્યું હતું. અને ખુદાની કસમ ! જ્યારે એ મશકોથી પાણી લેવાનું બંધ કરવામાં આવ્યું તો અમને એવું જણાય રહ્યું હતું કે તે અત્યારે અધિક ભરેલા છે એની સરખામણીમાં કે જ્યારે એમનામાંથી પાણી લેવાનુ શરૂ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ નબી ﷺએ ફર્માવ્યું : આ સ્ત્રીના માટે કાંઈક જમા કરો ! તો લોકોએ તેના માટે અજવા, આટો, સત્તુ ખાવાનો સામાન એકઠો કરી આપ્યો. અને એક કપડામાં બાંધી આપ્યો અને તે સ્ત્રીને તેના ઊંટ પર સવાર કરી આપી અને ખાણાનું કપડુ તેની આગળ રાખી દીધું. હવે હુઝૂરે તેણીને ફર્માવ્યું, અમે તારા પાણીથી કાંઈ ઓછુ નથી કર્યું, હા ! અલ્લાહ જ તે છે જેણે અમને પાણી પીવડાવી આપ્યું.

ત્યારબાદ સ્ત્રી પોતાના ઘરવાળાઓ પાસે ગઈ.

કેમ કે તેને પહોંચવામાં મોડુ થઈ ગયું હતું જેથી ઘરવાળાંઓએ પૂછયું, હે ફલાણી ! તને કઈ ચીજે રોકી ? તેણીએ કહ્યું, આશ્ચર્યજનક વાત છે કે મને બે જણ મળ્યા અને મને તેમની પાસે લઈ ગયા જેમને સાબી કહેવામાં આવે છે, તો તેમણે આવું આવું કર્યું. ખુદાની કસમ ! (ક્યાં તો) તે શખ્સ આના તથા આના વચ્ચે સૌથી મોટો જાદૂગર છે. અને તેણીએ પોતાની વચલી અને કલમાની આંગળીઓ વડે ઈશારો કર્યો, એ બંનેવ આસ્માનની તરફ ઉઠાવી, તેણીની મુરાદ જમીન તથા આસ્માન હતી, અથવા તો તે યક઼ીનન ! અલ્લાહના બરહક્ક઼ રસૂલ છે. તે સ્ત્રીએ એક દિવસે પોતાની ક઼ૌમને કહ્યું, હું સમજુ છું કે એ લોકો તમને ઈરાદાપૂર્વક છોડી આપે છે તો શું હવે તમારે ઈસ્લામ કબૂલ કરવાનું આકર્ષણ છે ? ક઼ૌમે તેણીની વાત માની લીધી અને સૌ ઈસ્લામમાં દાખલ થઈ ગયા. *(સહીહ બુખારી, ૧/૪૯, કિતાબુત્તયમ્મુમ, મજલિસે બરકાત, મુબારકપુર, પેજ–૫૦૪, કિતાબુલ મનાક઼િબ, તથા સહીહ મુસ્લિમ, ૧/૨૪૦, કિતાબુસ્સલાત, મજલિસે બરકાત, મુબારકપુર)*

મુસ્લિમમાં فقرَّغَની જગાએ فَمَجَّ فِي العَزلَاوَين العُلْيَاوَين છે. અને બયહક઼ી તથા તિબ્રાનીમાં છે : فمضمض في الماء وأعاده في وأفواه الزادتين "પાણીમાં કોગળો કરીને મશકના મુખદ્વારમાં રાખી દીધું તેની બરકતથી પાણી બધાએ પીધું, જાનવરોને પીવડાવ્યું પણ ઓછુ ન થયું.

આ હદીષમાં સાબી શબ્દ આવ્યો છે એના બારામાં ઈમામ બુખારી બતાવી રહ્યા છે કે એનો અર્થ "એક દીનથી નીકળીને બીજા દીનમાં પ્રવેશનાર" છે. અરબના જાહિલો હુઝૂરે અક઼દસ ﷺને "સાબી" એના લીધે કહેતા હતા કે હુઝૂર ﷺએ કુરેશના મઝહબના બદલે દીને ઈબ્રાહીમી અપનાવ્યો હતો. *(નુઝહતુલ ક઼ારી)*

આ હદીષમાં એક ખાસ મુદ્દો એ છે કે એ સહાબિયા બીબીએ કુફ્રની હાલતમાં હુઝૂરે અક઼દસ ﷺની શાને અક઼દસમાં કોઈ ગુસ્તાખી નથી કરી બલ્કે અદબનો લેહાઝ રાખ્યો. હઝરત અલી رضی اللہ عنہને કહ્યું તો એવું કહ્યું, "તે જેમને સાબી કહેવામાં આવે છે." ખુદ તેણીએ સાબી નથી કહ્યું. એનો ફાયદો તેણીને એ મળ્યો કે ઈમાન નસીબ થયું. એનાથી જાણવા મળ્યું કે કાફિર પણ જો રબની બારગાહના મહબૂબોનો અદબ કરે છે તો એને ફાયદો પહોંચે છે.

આ હદીષ પાણીમાં સરવરે કાઈનાત ﷺના તસર્રુફ અને મોજિઝાની ઉઘાડી દલીલ છે.

**હદીષ–૧૯** : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક઼દસ ﷺએ (સુલહે હુદૈબિયાના મોકા પર) પોતાનો મુબારક હાથ છાગલ (ચામડાના પાણીના પાત્ર)માં નાખ્યો તો મુબારક આંગળીઓ વચ્ચેથી ઝરણાઓની જેમ પાણી જોશ મારવા લાગ્યું. તે ફર્માવે છેકે અમે સૌએ એ ઝરણાથી પાણી પીધું અને વુઝૂ કર્યું. હઝરત જાબિરને પૂછવામાં આવ્યું કે તમે લોકો કેટલા હતા ? ફર્માવ્યું, જો અમે એક લાખ પણ હોત તો સૌને કિફાયત કરતું, અમે પંદરસો હતા. *(સહીહ બુખારી, ૨/૫૯૮, કિતાબુલ મગાઝી, મજલિસે બરકાત, મુબારકપુર)*

આ હદીષે પાકથી સાબિત થયું કે સહાબાએ કિરામના માટે ઘણી જ મુશ્કેલ ઘડી હતી કે બધા જ તરસ્યા હતા અને ત્યાં પાણીની કોઈ વ્યવસ્થા ન હતી પણ અલ્લાહના મહબૂબ ﷺએ થોડા સરખા પાણીમાં પોતાની મુબારક આંગળીઓ રાખીને તેને રહમતનો દરિયો બનાવી દીધો જેનાથી પૂરો મજમો સૈરાબ (તૃપ્ત) થયો. અને પાણીની વિપુલતાની એ સ્થિતિ હતી કે જો એ હઝરાત એક લાખ પણ હોત તો સૈરાબ થઈ જાત. એની જ તર્જુમાની કરી છે એક આશિકે રસૂલ કે :–

***ઉંગલિયાં હૈં ફૈઝ પર ટૂટે હૈં પ્યાસે ઝુમકર***
***નદ્દિયાં પંજાબે રહમત કી હૈં જારી વાહ ! વાહ !***

આ યકીનન ! ઘણી મહાન મુશ્કિલકુશાઈ તથા ઘણો જ મહાન તસર્રુફ છે.

## ખાણામાં તસર્રુફની હદીષ

**હદીષ-૨૦** : હઝરત ઈસ્હાક બિન અબ્દુલ્લાહ બિન અબૂ તલ્હા રિવાયત કરે છે કે તેમણે હઝરત અનસ બિન માલિકને એવું ફર્માવતાં સાંભળ્યા કે હઝરત અબૂ તલ્હાએ (પોતાનાં પત્ની એટલે હઝરત અનસનાં વાલિદા) ઉમ્મે સુલૈમને કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺના અવાજમાં કમજોરી મેહસૂસ કરી છે. હું એવું સમજુ છું કે હુઝૂર ભૂખ્યા છે, તો શું તમારી પાસે કાંઈક ખાવાનું છે ? તેમણે અર્ઝ કરી, હા ! છે. પછી તેમણે જવને કેટલીક રોટલીઓ કાઢી અને એક ચાદરના એક હિસ્સામાં તેને લપેટીને મારા હાથની નીચે રાખી દીધી અને ચાદરનો બીજો હિસ્સો મને ઓઢાડીને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં મોકલ્યો.

હઝરત અનસ ફર્માવે છે કે હું તે ખાણુ લઈને ગયો. રસૂલુલ્લાહ ﷺ મસ્જિદમાં તશરીફ ફર્મા હતા અને આપની સાથે આપના સહાબા હતા. તો હું તેમની પાસે ઉભો થઈ ગયો. રસૂલુલ્લાહ ﷺએ મને પૂછયું કે શું તને અબૂ તલ્હાએ મોકલ્યો છે ? મેં કહ્યું, હા ! પૂછયું, ખાણુ લઈને મોકલ્યો છે ? મેં કહ્યું, હા ! તો રસૂલુલ્લાહ ﷺએ પોતાના સહાબાને ફર્માવ્યું, ચાલો ! (અબૂ તલ્હાના ઘેર) પછી હુઝૂર ચાલી નીકળ્યા અને મેં હુઝૂર ﷺથી પહેલાં જઈને હઝરત અબૂ તલ્હાને ખબર આપી કે હુઝૂર પોતાના સાથીઓ સાથે તશરીફ લાવી રહ્યા છે. તો હઝરત અબૂ તલ્હાએ પોતાનાં બીવીને કહ્યું, હે ઉમ્મે સુલૈમ ! રસૂલુલ્લાહ ﷺ પોતાના સાથીઓ સાથે ગરીબખાના પર તશરીફ લાવી રહ્યા છે અને આપણી પાસે તેમની ઝિયાફતના માટે કોઈ ચીજ નથી ! તો તેણીએ ફર્માવ્યું, અલ્લાહ વ રસૂલ જ બેહતર જાણે છે (કે એમાં શું મસ્લેહત છે.)

પછી અબૂ તલ્હા રસૂલુલ્લાહ ﷺના સ્વાગત માટે નીકળી પડયા અને આગળ વધીને સરકાર ﷺથી મુલાકાત કરી પછી હુઝૂરની સાથે પોતાના ઘરે આવ્યા.

રસૂલુલ્લાહ ﷺએ (હઝરત અનસનાં વાલિદાને) ફર્માવ્યું, હે ઉમ્મે સુલૈમ ! તારી પાસે જે કાંઈ ખાવાની ચીજ હોય તેને લાવ ! તો તેમણે તે જ રોટીઓ રજૂ કરી આપી. પછી સરકારના હુકમથી એ રોટીઓના ટુકડા કરવામાં આવ્યા અને ઉમ્મે સુલૈમ ઘી લાવ્યાં જે શાકની જગાએ કામ આવ્યું. પછી અલ્લાહ ﷻએ જે કાંઈ ચાહ્યું તે રસૂલુલ્લાહ ﷺએ એ ખાણા પર પઢયું. અને (અબૂ તલ્હાને કહ્યું કે :

★ દસ માણસોને અંદર આવવાની ઈજાઝત આપો. તેમણે ઈજાઝત આપી તો દસ માણસોએ આવીને તે ખાણુ ખાધુ અને ધરાઈ ગયા. એ લોકો બહાર ગયા.

★ તો સરકાર ﷺએ ફર્માવ્યું કે બીજા દસ માણસોને ઘરમાં બોલાવી લો. તો બીજા દસ માણસ આવ્યા અને તે પણ ખાયને ધરાઈ ગયા. એ લોકો બહાર નીકળ્યા.

★ તો હુઝૂરે ફર્માવ્યું, બીજા દસને બોલાવી લો, તો દસ બીજા બોલાવવામાં આવ્યા. એ હઝરાત પણ એ ખાણામાંથી લઈ લઈને ખાવા લાગ્યા, ત્યાં સુધી કે ધરાય ગયા. એ લોકો બહાર નીકળ્યા.

★ તો હુઝૂરે ફર્માવ્યું, અન્ય દસ સહાબીઓને અંદર આવવાની રજા આપો. તેમને ઈજાઝત મળી, તેઓ આવ્યા અને ખાવા લાગ્યા, ત્યાં

સુધી કે ધરાય ગયા. આ રીતે વારાફરતી સર્વ લોકોએ આવીને ખાણુ ખાધુ અને સર્વ લોકો ધરાઈ ગયા. એ લોકો સિત્તેર કે એંસી પુરૂષો હતા.

હઝરત ઉમ્મે સુલૈમે સરકારના માટે જવની થોડીક રોટીઓ છુપાવીને મોકલી હતી જેથી આપ તેને ખાય લે, અને શક્તિ યથાવત થઈ જાય, પણ સરકારે દો આલમ ﷺની રહમતે પોતાના સહાબાને છોડીને એકલા ખાવાનું પસંદ ન કર્યું અને દાવતે આમ કરી આપી.

રોટીના થોડાક ટુકડાઓ અને ઘી પર સરકાર ﷺએ કાંઈક પઢયું પછી અલ્લાહના હુકમથી એમાં એવી બરકત થઈ કે એંસી જેટલા લોકોએ એને ખાધુ અને ધરાય ગયા.

આ વિના શંકાએ હુઝૂર નબીયે મુજતબા ﷺનો તસર્રુફ તથા મોજિઝો છે.

## ખાણામાં તસર્રુફની બીજી હદીષ

**હદીષ-૨૧** : હઝરત જાબિર رضی اللہ عنہનું બયાન છે કે તેમના પિતાનુ મૃત્યુ થઈ ગયું અને તેમના માથે લોકોનું દેવુ હતું. તો હું નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે મારા પિતા પોતાના માથે લોકોનું કરજ છોડીને મૃત્યુ પામ્યા, અને મારી પાસે જે આવક છે તે બસ ખજૂરના બાગની ઉપજ છે જે કેટલાય વરસોમાં પણ તેમના કરજની માત્રાએ નથી પહોંચી શકતી. તો હુઝૂર મારી સાથે આવો જેથી કરજ માગનારા મારી સાથે સખત રીતે વાતચીત ન કરે.

હુઝૂર ﷺ (તશરીફ લઈ ગયા અને) ખજૂરના એક ઢગલાની આસપાસ ચાલીને દુઆ ફર્માવી, પછી બીજા ઢગલાની આસપાસ ફરીને દુઆ કરી અને તેના પર બેસી ગયા, અને ફર્માવ્યું, ખજૂર માપી માપીને કરજ માગનારાઓને આપો. તો તેનાથી સર્વ કરજ માગનારાઓનાં કરજ અદા થઈ ગયાં અને કરજના માલ જેટલી માત્રામાં ખજૂર બચી પણ ગયું.

કરજ એટલુ અધિક હતું કે બાગની કેટલાય વરસોની પેદાવાર પણ તેની અદાયગીના માટે અપૂરતી હતી પણ રહમતુલ લિલ્ આલમીન ﷺએ ઢગલા પર આસન જમાવીને આસ્માનથી બરકતોના ઉતરાણનો સંબંધ એની સાથે જોડી આપ્યો તો હવે ખૈરો બરકતનો ઉભરાતો સમંદર હતો કે જેમાંથી કેટલુય કાઢો કોઈ કમી ઉપસ્થિતિ ન થાય, બલ્કે અધિક વધારો થતો ચાલ્યો જાય. વરસો વરસની પેદાવારની માત્રા નીકળી આવ્યા બાદ પણ એટલુ બચેલુ રહ્યું જે વરસો વરસની પેદાવારથી હાંસલ થતું. આ ખજૂરોમાં સરકાર ﷺના તસર્રુફ (અખત્યાર)ની રોશન દલીલ છે. આપે ઢગલાઓની ચારેવ બાજુ પ્રથમ ચક્કર માર્યો જેથી બરકત એ વર્તુળની અંદર રહે, બહાર વાતાવરણમાં વિખેરાય ન જાય. *-(ક્રમશઃ)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૫૫૦/-** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

# રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

## (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)

**(હફતો : ૧૨)**

**ફારસી લેખક** : વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફતી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*الحمدللہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

### ★ મલામતી તબકો (વર્ગ) ★

મશાઈખે તરીક઼તની એક જમાઅતે મલામતનો તરીકો પસંદ કર્યો છે, કેમ કે મલામત (ભલુ બુરુ કહેવાની) માં ખુલૂસ તથા મહોબ્બતની ઘણી જ તાષીર અને કામિલ લિજ્જત છુપાયેલી છે, અને અહલે હક્ક઼ મખ્લૂક઼ની મલામતના માટે ખાસ છે. ખાસ કરીને મિલ્લતના બુઝુર્ગો અને રસૂલુલ્લાહ ﷺ કે આપ અહલે હક્ક઼ના પેશવા તથા ઈમામ છે. આપનાથી પહેલાં પણ સર્વ ખુદાના મહબૂબો પર જ્યાં સુધી હક્ક઼ની દલીલ નાઝિલ ન થઈ અને તેમને વહીથી સરફરાઝ કરવામાં આવ્યા ન હતા તે વખતે ખુદાની મખ્લૂક઼માં તે નેક નામ અને બુઝુર્ગ સમજવામાં આવતા હતા, પણ જ્યારે એમના સરમુબારક પર દોસ્તીની ખિલ્અત (ઈજ્જતનો લિબાસ) રાખવામાં આવી તો ખલ્ક઼ (મખ્લૂક઼, લોકો)એ તેમના હક્ક઼માં મલામત (ભલુ બુરુ કહેવાની)ની ઝબાન લાંબી કરી આપી. જેમ કે કોઈએ કાહિન (જ્યોતિષ), કોઈકે શાયર, કોઈકે મજનૂન અને કોઈકે જૂઠા સુધી કહ્યા. نعوذ باللہ من ھذہ الخرافات

અલ્લાહ તઆલાએ હક્કવાળાઓ અને મોમિનોની પ્રશંસામાં ફર્માવ્યું છે :–

وَلَا يَخَافُوْنَ لَوْمَةَ لَآئِمٍ ۭ ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ۭ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ

''અને કોઈ મલામકરનારા (ભલુ બુરુ કહેનારા) કરનારાની મલામતનો ડર ન રાખશે. આ અલ્લાહનો ફઝલ છે જેને ચાહે આપે, અને અલ્લાહ વુસ્અત (વિશાળતા)વાળો ઈલ્મવાળો છે.'' *(સૂ. માઈદા, ૫/૫૪)*

હક્ક઼ તઆલાનો દસ્તૂર એવો જ છે કે જેણે હક્ક઼ની વાત મોંઢેથી કાઢી તો સર્વ જહાને મલામત કરી. કેમ કે એવા બંદાના રહસ્યો મલામતમાં મશગૂલ થવાના કારણે છુપાં રહે છે. એ હક્ક઼ તઆલાની ગૈરત છે

કે તે પોતાના દોસ્તોને અન્યોને જોવાથી મેહફૂઝ રાખે છે જેથી દરેક શખ્સની આંખ તેના દોસ્તના હાલના જમાલ પર ન પડે. અને બંદાને એનાથી પણ મેહફૂઝ રાખે છે કે તે તેને જોવાની કોશિશ કરે અને તે પોતે પણ પોતાનો જમાલ ન જોઈ શકે, કેમ કે તે ઘમંડ તથા અભિમાનની મુસીબતમાં સપડાય જશે. એના કારણે લોકોને એમના પર મલામતના માટે નિયુક્ત કરી અને નફસે લવ્વામા (મલામત કરનારી ખાસિયત)ને તેમની અંદર છુપાવી દીધી જેથી તે જે પણ કરે તે એના પર મલામત કરે છે. જો તે બુરાઈ કરે તો તેને બુરાઈ પર મલામત કરે અને જો નેકી કરે તો ખામી પર. રાહે ખુદા આ જ તે અસલ કૌલ છે જેમાં કોઈ આફત અને આડ નથી, અને તરીકતમાં જે મુશ્કેલતર છે, એટલા માટે કે બંદો પોતે પોતાના ઘમંડમાં ન ફસાય જાય.

## ★ બડાઈ તથા ઘમંડનો પાયો ★

બડાઈ તથા ઘમંડ અસલમાં બે ચીજોથી પેદા થાય છે : (૧) લોકોના ઈજ્જત વધારવાથી અને તેમની પ્રશંસા તથા વખાણોથી. (૨) પોતાનાં કામો પર ખુશ થવાથી. પ્રથમ સ્થિતિમાં લોકો કેમ કે બંદાના કામોને પસંદ કરવા લાગે છે અને એના પર તેની પ્રશંસા તથા વખાણ કરે છે એટલા માટે માણસ ઘમંડ તથા ખુદ પરસ્તી (બડાઈ મારવામાં) વ્યસ્ત થઈ જાય છે.

અલ્લાહ તઆલા પોતાના ફઝ્લથી પોતાના દોસ્તો પર એ દરવાજાઓને બંધ કરી આપે છે જેથી તેમના મામલાઓ જો કે નેક હોય તેમ છતાં પણ તેને તેના શક્તિ તથા કુવ્વતની સરખામણીમાં તુચ્છ જ જણાય છે અને તે એને પસંદ નથી કરતો જેના લીધે ઘમંડથી મેહફૂઝ રહે છે. જેથી દરેક શખ્સ જે હક્કનો પસંદીદા હશે તેને લોકો પસંદ કરશે નહીં. અને જે પોતાના શરીરને રિયાઝત તથા મુજાહિદાઓ થકી તકલીફમાં મશગૂલ રાખશે તેને હક્ક તઆલા તકલીફ આપશે નહીં. જેમ કે શૈતાનને એ છતાં કે લોકોએ પસંદ કર્યો અને ફરિશ્તાઓએ પણ માન્યો અને તેણે પોતે પણ પોતે પોતાને પસંદ કર્યો પણ કેમ કે હક્ક તઆલાએ તેને પસંદ ન કર્યો એટલા માટે એ સર્વ કાંઈ એના માટે લઅનતનો સબબ બની ગયું. હઝરત આદમ علیہ السلامને ન ફરિશ્તાઓએ પસંદ કર્યા ન ઈબ્લીસ મલઊને અને ન તેમણે પોતે જ પોતાને પસંદ કર્યા, પણ અલ્લાહ તઆલાએ તેમને પસંદ કર્યા તો ફરિશ્તાઓએ નાપસંદીનો ઈઝહાર કરતાં કહ્યું : اَتَجْعَلُ فِيْهَا مَنْ يُّفْسِدُ فِيْهَا وَيَسْفِكُ الدِّمَآءَ "શું એવાને નાયબ કરીશ જે એમાં ફસાદ ફેલાવશે અને ખૂનરેઝી કરશે." (સૂ. બકરહ, ૨/૩૦) ઈબ્લીસે કહ્યું, رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا "હે અમારા રબ ! અમે અમારા પર જુલ્મ કર્યો." (સૂ. અઅરાફ, ૭/૨૩) પરંતુ જ્યારે હક્ક તઆલાએ હઝરત આદમ علیہ السلامને પસંદ કર્યા તો તેમના હક્કમાં ફર્માવ્યું : فَنَسِيَ وَلَمْ نَجِدْ لَهٗ عَزْمًا "તો તેમનાથી ભૂલ થઈ ગઈ, અમે તેમના તરફથી ઈરાદાપૂર્વકની નાફર્માની નથી પામી." (સૂ. તાહા, ૨૦/૧૧૫) આ રીતે હઝરત આદમ علیہ السلامને લોકોની નાપસંદીનો બદલો ખુદાની રહમતના સ્વરૂપમાં મળી ગયો, જેથી કાઈનાતની મખ્લૂક જાણી લે કે અમારો મકબૂલ (પ્રિય) લોકોનો મેહરૂમ હોય છે અને જે લોકોનો મકબૂલ હોય તે અમારો મેહરૂમ હોય છે. અને યકીની તૌર પર સૌને જાણ થઈ જશે કે ખુદાના દોસ્તોની ગિઝા (ખોરાક) લોકોની મલામત હોય છે કેમ કે એમાં કબૂલિયતના આષાર (નિશાનીઓ) છે.

અવલિયા અલ્લાહનો મઝહબ છે કે મલામત જ (રબથી) કુર્બ (નઝદીકી) તથા ઈખ્તેસાસ (ખાસ સંબંધ)ની નિશાની છે. જેવી રીતે લોકો લોકોમાં કબૂલિયતથી ખુશ થાય છે એ જ રીતે તેઓ મલામતથી પણ ખુશ રહે છે.

હદીષે કુદસી છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત

જિબ્રઈલના વાસ્તાથી અલ્લાહ તઆલાનો ઈર્શાદ ફર્માવ્યો કે اَوْلِيَائِيْ تَحْتَ قِبَائِيْ لَا يَعْرِفُهُمْ غَيْرِىْ اِلَّا اَوْلِيَائِيْ ''મારા અવલિયા મારી રહમતની ચાદરમાં હોય છે જેમને મારી સાથે અવલિયા જ ઓળખે છે.

## ★ મલામતના પ્રકારો ★

મલામતના ત્રણ પ્રકારો છે : એક એ કે તે સીધો ચાલે. બીજો એ કે તે ઈરાદો કરે. ત્રીજો એ કે તે તર્ક (ત્યાગ) કરે. પ્રથમ પ્રકારની સ્થિતિ એ છે કે એક શખ્સ કામ કરે છે અને દીની બાબતોમાં સંપૂર્ણ સાવધાની વર્તે છે અને મામલાઓમાં કાળજીપૂર્વક કામ લે છે, તેમ છતાં લોકો તેના પર મલામત કરે છે કેમ કે લોકોની એ સામાન્ય આદતો છે. પણ તે શખ્સ કોઈની પરવા નથી કરતો. બીજુ એ કે કોઈ શખ્સ લોકોમાં ઈજ્જતદાર તથા બુઝુર્ગીવાળો હોવાની સાથોસાથ એમનામાં મશહૂર પણ હોય અને તેનું દિલ ઈજ્જત પ્રતિ આકર્ષિત પણ હોય તેમ છતાં એ ચાહે કે તેમનાથી અલગ થઈને યાદે ઈલાહીમાં ગુમ થઈ જાય અને જાણી જોઈને એવો માર્ગ અપનાવે જેનાથી લોકો તેના પર મલામત કરે અને એવા અમલથી શરીઅતમાં પણ ખલેલ ન ઉપસ્થિત થાય પણ લોકો તેનાથી નફરત કરવા લાગે અને તેનાથી નફરતકર્તા થઈને જુદા થઈ જાય.

ત્રીજો પ્રકાર એ છે કે દિલમાં તો કુફ્ર તથા ગુમરાહીથી તબઈ (સ્વાભાવિક) નફરત ભરેલી હોય અને જાહેરી રીતે શરીઅતની પાબંદી ન કરે અને ખયાલ કરે કે મલામતી તરીક઼ા પર આવું કરી રહ્યો છું, અને આ મલામતનો તરીક઼ો એની આદત બની જાય, તેમ છતાં તે દીનમાં મજબૂત અને સીધા માર્ગે ચાલનાર હોય. પરંતું જાહેરી રીતે મલામતના હેતુથી, નિફાક઼ તથા રિયાના તૌર તરીકા પર દીનની વિરૂધ્ધ વર્તાવ કરે અને મખ્લૂક઼ની મલામતથી બેખૌફ હોય, તે દરેક સ્થિતિમાં પોતાના કામથી કામ રાખે ભલે લોકો તેને જે નામથી ચાહે પુકારે.

**હિકાયત** : હઝરત શયખ અબૂ તાહિર હરાક઼ી رحمۃ اللہ علیہ એક દિવસે ગધેડા પર સવાર થઈને બજારમાંથી પસાર થઈ રહ્યા હતા. એક મુરીદ લગામ પકડેલ સાથે હતો. કોઈએ પુકાર્યું કે જુઓ ! આ ઝિંદીક (અધર્મી) પીર આવી રહ્યો છે ! જ્યારે મુરીદે આ વાત સાંભળી તો તેની ઈરાદત (મુરીદી) તથા ગૈરતે જોશ માર્યો અને તેને મારવા માટે દોડયો. બજારવાળા જોશમાં આવી ગયા. હઝરત શયખે મુરીદને અવાજ આપ્યો અને ફર્માવ્યું, જો તેં ખામોશી અપનાવી તો એક નસીહત આમોઝ (બોધપાત્ર) ચીજ દેખાડીશ કે જેથી તું આ સખ્તીથી દૂર રહે. મુરીદ ખામોશ થઈ ગયો. જ્યારે ઘરે પરત આવ્યા તો મુરીદને ફર્માવ્યું, ફલાણી પેટી ઉઠાવી લાવો. તે લાવ્યો. એમાં ખૂબ જ અધિક પ્રમાણમાં પત્રો હતા જેમને લોકોએ હઝરત શયખના નામે લખ્યા હતા, તેમણે તેને કાઢયા અને મુરીદની સામે રાખીને ફર્માવ્યું, વાંચો શું લખ્યું છે ?! જે લોકોએ પત્રો મોકલ્યા હતા તેમણે તેમનામાં દરેક પત્ર પર અલ્ક઼ાબમાં કોઈએ શયખુલ ઈસ્લામ તો કોઈએ ઝકી, કોઈએ શયખ ઝાહિદ, કોઈએ શખયુલ હરમૈન વગેરે લખ્યું હતું. શયખે ફર્માવ્યું કે આ સૌ લકબો તથા ખિતાબો છે, મારું નામ નથી, જ્યારે કે હું કાંઈ પણ નથી. દરેક વ્યક્તિએ પોતાની માન્યતા પ્રમાણે જ્યારે મને સંબોધેલ છે, તો જો એ બિચારાએ પોતાની માન્યતા મુજબ કોઈ વાત કહી દીધી અને કોઈ અલ્ક઼ાબ આપી દીધા તો નારાજ થઈ જવાની કે અકડાઈ ઉઠવાની કોઈ જરૂરત નથી. આ રીતે જો મલામતમાં ઈરાદાપૂર્વક કોઈ આવો તરીકો અપનાવવા ચાહે અને ઈજ્જત તથા મર્તબા અને એ માન મોભો છોડવાનો ઈરાદો કરે જેના તે લાયક છે તો એની સ્થિતિ એ છે કે :

**હિકાયત** : એક દિવસ અમીરુલ મોમિનીન સૈયદના ઉષ્માન ઈબ્ને અફફાન رضی اللہ عنہ ખજૂરોના બાગથી એ હાલમાં તશરીફ લાવી રહ્યા હતા કે લાકડીઓનો ભારો આપના માથા મુબારક પર

રાખેલો હતો. જ્યારે કે આપ ચારસો ગુલામ ધરાવતા હતા. કોઈએ અર્ઝ કરી, હે અમીરુલ મોમિનીન ! આ શો હાલ છે ? આપે ફર્માવ્યું : اریدان اجرب نفسی મેં ચાહ્યું કે મારા નફસનો અનુભવ કરું. જો કે આ કામ મારા ગુલામ પણ કરી શકતા હતા પણ મેં ચાહ્યું કે મારા નફસની કસોટી કરું જેથી કરીને લોકોમાં જે મર્તબો છે એના કારણે આ નફ્સ કોઈ કામથી મને દૂર ન રાખે.

આ અષર (રિવાયત) સહાબા તરફથી મલામતની સાબિતીમાં બિલ્કુલ ઉઘાડી અને સ્પષ્ટ છે. એ જ અર્થમાં એક અન્ય બનાવ છે જે હઝરત ઈમામે આ'ઝમ સૈયદના અબૂ હનીફા رضی اللہ عنہથી સંબંધિત છે એનો ઉલ્લેખ ઈમામે આ'ઝમ رضی اللہ عنہના વર્ણનમાં આવશે. ઈન્શા અલ્લાહુ તઆલા.

હઝરત અબૂ યઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો બનાવ છે કે તે હજ કરીને પરત આવી રહ્યા હતા. કોઈ શહેરમાં શોર મચી ગયો કે હઝરત બાયઝીદ આવી રહ્યા છે, તો એ શહેરના સર્વ લોકો સ્વાગત માટે નીકળી આવ્યા કે માન સન્માન સાથે હઝરતને આપણા શહેરમાં લાવીએ. હઝરત બાયઝીદે જ્યારે લોકોની આગતા સ્વાગતાને જોઈ તો તેમનું દિલ પણ મશગૂલ થઈ ગયું અને તે યાદે હક્કથી દૂર રહેવાના કારણે પરેશાનીમાં મૂકાઈ ગયા. જ્યારે બજારમાં આવ્યા તો જબ્બાની બાંયથી એક રોટી કાઢીને ત્યાં જ ખાવા લાગ્યા. આ જોઈને સર્વ લોકો તેમનાથી નારાજ થઈ ગયા અને તેમને એકલા છોડીને ચાલ્યા ગયા. કેમ કે આ બનાવ રમઝાનુલ મુબારકમાં બન્યો હતો અને પોતે કેમ કે મુસાફિર હતા (અને મુસાફિરને રોઝો ન રાખવાની ઈજાઝત છે) એ વખતે પોતાના હમરાહી મુરીદને ફર્માવ્યું, જોયું ! શરીઅતના એક મસ્અલામાં લોકોએ મને અમલ કર્તા ન જોયો તો સૌ છોડીને ચાલ્યા ગયા !

(સૈયદ દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે) એ જમાનામાં મલામતની રવિશ અપનાવવા માટે કોઈક અયબયુક્ત અમલ કરવાની જરૂરત પડતી હતી અને એવી વાત જાહેર કરવી પડતી હતી જે પબ્લિકની મરજી તથા મિજાઝની વિરૂધ્ધ હોય. પરંતુ આજે જો કોઈ ચાહે કે તેને મલામત કરવામાં આવે તો બે રકાત નફલ શરૂ કરીને એને ખૂબ લાંબી કરી આપે અને પૂરા દીનની સંપૂર્ણ પયરવી શરૂ કરી આપે જેથી સર્વ લોકો તેને રિયાકાર તથા મુનાફિક કહેવા લાગે.

પરંતું જે ત્યાગના તરીકા પર મલામત અપનાવે અને કોઈ કામ શરીઅત વિરૂધ્ધ કરીને એવું કહે કે આ અમલ મેં મલામત હાંસલ કરવા માટે કર્યો છે તો એ ઉઘાડી ગુમરાહી છે, જાહેરી આફત તથા સાચી હવસપરસ્તી છે, કેમ કે આજકાલ એવા લોકો ખૂબ જ અધિક પ્રમાણમાં છે જેઓ લોકોના રદ કરવાની સ્થિતિમાં લોકોમાં સ્વીકાર્ય થવાના ઈચ્છુક છે. એટલા માટે એની જરૂરત છે કે તે પહેલાં લોકોમાં મકબૂલ (પ્રિય) બને પછી પોતાના કોઈ કૃત્યથી તેને નકારી કાઢે જેથી લોકો તેમને મરદૂદ ઠરાવી દે. નામકબૂલ (અપ્રિય) શખ્સના માટે દૂર કરવાનો ઈરાદો કરવો કબૂલિયત માટે એક બહાનુ હોય છે.

(હઝરત લેખક رحمۃ اللہ علیہ ફર્માવે છે કે) એકવાર મને બાતિલના દાવેદારોની મજલિસમાં બેસવાનો સંજોગ બન્યો. એમનામાંથી એક માણસથી કોઈક અયોગ્ય હરકત થઈ ગઈ પણ તેણે એ બહાનું દર્શાવ્યું કે મારો આ અમલ મલામત માટે હતો. એના પર કોઈએ કહ્યું, આ ઉઝર તથા બહાનુ બેહૂદા છે. મેં તેને જોયો કે ગુસ્સાના આવેશમાં તેનો શ્વાસ ફૂલી ગયો છે. ત્યારે મેં એને કહ્યું, હે શખ્સ ! જો મલામતમાં તારો દાવો દુરુસ્ત હતો તો આ માણસના વાંધા પર શોર મચાવવાનો શો મતલબ ? એ તો તારા મઝહબને મજબૂત કરે છે. જ્યારે તે તારી સાથે તારી રાહમાં મુવાફિકત (મળતાપણુ) કરે છે તો તારો એની સાથે ઝઘડો જ શું ? તને શા માટે ગુસ્સો આવે છે ? અને જે શખ્સ હક્ક વાતની દાવત આપે એના માટે દલીલ જરૂરી છે અને તે દલીલ રસૂલુલ્લાહ ﷺની સુન્નતની હિફાઝત છે. જ્યારે હું જાહેરમાં ફર્ઝોને ત્યજનાર જોઉં છું જ્યારે કે તું લોકોને એની તરફ બોલાવવા ચાહે છે તો તારો અમલ તને ઈસ્લામના વર્તુળથી બહાર કરી દે છે. *(ક્રમશઃ)*

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૧૧)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*
**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, ''મારા પર સર્વ લોકો કરતાં એહસાનો અબૂબક્રનાં છે. એ જ છે : امن الناس بر مولا ےما એમાં એ જ અજોડ છે. સિદીક઼ની આ અજોડતા તમને કેમ ન દેખાયી ?

એ લોકો સિદીક઼ે અકબર અને મૌલા અલી رضی اللہ عنہما માં ઈસ્લામ અપનાવવામાં અગ્રેસરીમાં તુલના કરીને બેસી ગયા પણ ઉલમાનું એ લખવું કે સિદીક઼ે અકબર તો સરકારના એલાને નબુવ્વતથી પહેલાં શામના વ્યાપારિક સફર દરમિયાન જ ઈમાન લઈ આવ્યા હતા. એ સમયે મૌલા અલી رضی اللہ عنہની વિલાયતે બા સઆદત પણ થઈ ન હતી. (તારીખુલ ખુલફા, પેજ–૩૦) એમાં સિદીક઼ે અકબર જ અજોડ છે. સિદીક઼ે અકબર رضی اللہ عنہનું આ અજોડપણુ આપને કેમ નજર ન આવ્યું ?!

અને છેવટમાં એ પણ જણાવો કે મુસ્તદરકમાં ઈમામ હાકિમ رحمۃ اللہ علیہએ હદીષ નફલ ફર્માવી કે અબૂબક્ર હુઝૂર ﷺના વઝીર હતા. આપ તેમનાથી દરેક મામલામાં મશવરો લેતા હતા. આપ ઈસ્લામમાં એમના ષાની હતા, ગારમાં એમના ષાની હતી, બદરના દિવસે અરીશમાં તેમના ષાની હતા, કબરમાં એમના ષાની છે, અને રસૂલુલ્લાહ ﷺ એમનાથી આગળ કોઈને સમજતા ન હતા. (મુસ્તદરક હાકિમ, હદીષ નં. ૪૪૬૩) સિદીક઼ની આ સર્વ અજોડતાઓ આપને કેમ ન દેખાયી ?!

એના પર પૂરી ઉમ્મતનો ઈજમાઅ છે કે સિદીક઼ે અકબર رضی اللہ عنہ સર્વ અવ્વલીન તથા આખરીનમાંથી વિલાયતમાં સૌથી અફઝલ છે. *(શરહે ફિક઼હે અકબર)*

બિલ્કુલ શક્ય છે કે કોઈની રાફઝિયતની રગ ફડકી ઉઠે અને અમારા પર મૌલા અલી رضی اللہ عنہની ખૂબીઓના ઈન્કારનો આરોપ લગાડી દે. બદગુમાની અને જાણીબુજીને આક્ષેપબાજી એ લોકોની આદત છે, જેથી અમે સ્પષ્ટ કરી દેવા ચાહીયે છીએ કે મૌલા અલી رضی اللہ عنہની વિશિષ્ટતાઓમાં આલે રસૂલ ﷺના જદ્દે અમજદ (દાદા) હોવું, સહાબામાં સૌથી બેહતર ફૈસલો કરવાવાળા (અક઼દાઉસ્સહાબા), સર્વ મોમિનોના મૌલા હોવાનું ખાસ એલાન ધરાવનાર, ખૈબરના દિવસે આપને ઝંડો અતા થવું, મસ્જિદ શરીફમાંથી જનાબતની હાલતમાં પસાર થવાની ઈજાઝતનું હોવું, لَا یُؤَدِّیْ عَنِّیْ اِلَّا اَنَا اَوْ عَلِیٌّ (મારા તરફથી આ પૈગામ કે જિમ્મેદારી અદા નહીં કરે પણ કયાં તો હું પોતે અથવા અલી)નું બહુમાન, اَنْتَ مِنِّیْ بِمَنْزِلَةِ هَارُوْنَ مِنْ مُّوْسٰی (તમને મારાથી તેજ નિસ્બત છે જે મૂસાને હારૂન સાથે હતી) નું

બહુમાન...વગેરે સામેલ છે. બલ્કે સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ આપની વિશિષ્ટતાઓની સંખ્યા તેર બતાવી છે. (તિબ્રાની અવસત, હદીષ–૮૪૩૨) જેમ કે અમે આપની વિશિષ્ટતાઓની વિગત પહેલા પેજ ઉપર વર્ણવી ચૂક્યા છીએ. આ વાતો આપની ફઝીલતનો મહાન સબૂત છે, પણ અફઝલિયતનો સબૂત નથી.

પરંતુ આપ (હઝરત અલી رضی اللہ عنہ)ના અગણિત ફઝાઈલ એવા પણ છે જેમને રાફઝીઓએ આપ رضی اللہ عنہ ની વિશિષ્ટતાઓ બનાવીને મશહૂર કરેલ આપેલા છે. અને આપણા ભોળા સુન્ની પણ તેહકીક઼ કર્યા વિના માથુ મારતા ચાલ્યા જાય છે. દા.ત. મશહૂર કરી દેવામાં આવ્યું છે કે કેવળ આપ رضی اللہ عنہ જ મૌલૂદે કા'બા (કાબામાં જન્મ પામનાર) છે, જ્યારે કે હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ પણ કા'બામાં પેદા થયા હતા. ઈમામ હાકિમ લખે છે : ''હઝરત મુસ્અબ ઈબ્ને અબ્દુલ્લાહ હકીમ ઈબ્ને હિઝામના વિશે વર્ણવે છે કે તેમનાં મા ઉમ્મે ફાખ્તા બિન્તે ઝુહૈર બિન અસદ બિન અબ્દુલ ઉઝ્ઝા હતાં. તેમણે હકીમને કા'બામાં જન્મ આપ્યો જ્યારે કે તે સગર્ભા હતાં ત્યારે તેમને કાબાના અંદરૂની હિસ્સામાં પેદાઈશનું દર્દ થયું તો હકીમને કા'બાની અંદર જ જન્મ આપ્યો. તેણીએ તેમને બગલમાં લઈ લીધા અને ઝમઝમના હોજ પાસે આવીને કપડાં ધોયાં. હકીમથી પહેલાં પણ કોઈએ કા'બામાં જન્મ લીધો ન હતો અને તેમના બાદ પણ કોઈ કા'બા પેદા ન થયું.'' *(મુસ્તદરક હાકિમ, ૬૧૪૬)*

આ વાત નકલ કર્યા બાદ ઈમામ હાકિમ رحمۃ اللہ علیہ લખે છે : હાકિમ કહે છે કે અંતિમ વાક્ત બોલવામાં મુસ્અબને વહેમ થયો. તવાતુર (સતત રિવાયતો) સાથે અખ્બાર (ખબરો) મૌજૂદ છે કે સૈયદના ફાતિમા બિન્તે અસદ رضی اللہ عنہا એ અમીરુલ મો'મિનીન અલી ઈબ્ને અબી તાલિબ کرم اللہ وجہہ الکریم ને કા'બાની અંદર જન્મ આપ્યો.

ઈમામ નવવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ લખે છે : હકીમ رضی اللہ عنہ કા'બામાં પેદા થયા, અને તેમના સિવાય કોઈનું કા'બામાં પેદા થવું નથી જાણવામાં આવ્યું. અને તે ખુદ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ ના બારામાં રિવાયત કરે છે કે તે કા'બામાં પેદા થયા એ રિવાયત ઉલમાની નજીક ઝઈફ છે. (તહઝીબુલ અસ્મા લિલ્નવવી, પેજ–૨૩૪) અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ લખે છે : શયખુલ ઈસ્લામે કહ્યું છે કે હઝરત હકીમ બિન હિઝામ સિવાય કોઈનું કા'બામાં પેદા થવું નથી જાણવામાં આવ્યું. અને મુસ્તદરક હાકિમમાં જે લખ્યું છે કે હઝરત અલી رضی اللہ عنہ કા'બામાં પેદા થયાં તે ઝઈફ છે. *(તદરીબુર્રાવી, ૨/૩૧૩)*

અબ્દુર્રહમાન મુહમ્મદ સઈદ મુશ્કી લખે છે : મને સૈયદના અલી رضی اللہ عنہ ના કા'બામાં પેદા થવાના બારામાં હદીષની કિતાબોમાં કોઈ ચીજ નથી મળી. બલ્કે હકીમ બિન હિઝામના કા'બામાં પેદા થવું સાબિત છે. હાકિમની અજાયબીઓમાંથી એક એ પણ છે કે તેમણે હઝરત હકીમ બિન હિઝામની કા'બામાં પેદા થવાવાળી રિવાયતના બાદ આ લખ્યું છે કે ''હઝરત અલીનું કા'બામાં પેદા થવું તવાતુરથી સાબિત છે.'' એવું હોવુ જોઈતુ હતું કે હાકિમ એ મુતવાતિર (સતત રિવાયત)ને પેશ કરતા .......આશ્ચર્ય છે હાકિમ પર જે તસાહુલ તથા તશીઅ (નરમી તથા ઢીલ આપવામાં અને શીઆ તરફ ઝુકાવ)માં મશહૂર છે, કે તેમણે આ તવાતુર (સતત રિવાયતો હોવા)નો દાવો કેવી રીતે કરી આપ્યો ? (અહાદીષે યહતજ બિહા અશિઆ, પેજ–૧૨૨) તદ્ ઉપરાંત હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ નું કા'બા શરીફમાં પેદા થવું અસંખ્ય કિતાબોમાં વર્ણન પામેલ છે. (દા.ત. સહીહ મુસ્લિમ, હદીષ નં. ૩૮૫૯,

મઅરિફતુસ્સહાબા લિ અબી નુઐમ, ૨/૭૦૧, અલ્ અઅ્લામ, ૨/૨૬૯, સિયરે અઅ્લામુન્નબલા, ૩/૪૬, નસ્બુર્રાયહ, ૨/૪, અલ અકમાલ ફી ઈસ્મિઆઉર્રિજાલ લિ સાહિબિલ મિશ્કાત, પેજ–૫૯૧, કિતાબુલ મુજ્જર, પેજ–૧૭૬, અલ અસાબા ફી તમીઝુસ્સહાબા લિ ઈબ્નિ હજર, પેજ ૩૯૭, તહઝીબુત્તહઝીબ, ૨/૧૮૨, ઈઝાલતુલ ખફા, ૨/૨૫૧, ફયઝુલ કદીર, ૨/૩૭) અમે કેવળ નકલ કરવા પર સંતોષ માન્યો છે અન્ય કોઈ વિવરણ નથી કર્યું. જાવ ! આસ્માને ઈલ્મો ફિક્રના તે ચમકતા તારાઓ પર જઈને ફત્વાબાજી કરો જેમનાં દષ્ટાંત કદી ન લાવી શકશો.

એ જ પ્રમાણે એ પણ મશહૂર કરી દેવામાં આવ્યું છે કે કેવળ મૌલા અલી رضی اللہ عنہ ઈલ્મનો દરવાજો છે. જ્યારે કે : فَبِاَيِّهِمُ اقْتَدَيْتُمُ اهْتَدَيْتُمُ (મારા સહાબા તારાઓની જેમ છે, તમે જેની પણ પયરવી કરશો હિદાયત પામશો) વગેરેથી સાફ જાહેર છે કે અન્ય સહાબા તથા અહલે બયત પણ ઈલ્મના દરવાજા છે. એમનામાંથી હઝરત અબૂબક્ર رضی اللہ عنہને ઈલ્મ તથા ફઝ્લના કારણે તમામ સહાબાના ઈમામ બનાવવામાં આવ્યા. (બુખારી, હદીષ–૬૭૮) હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ નબી કરીમ ﷺનો સર્વ ઈલ્મ પી લીધો. (મુસ્લિમ, હદીષ–૬૧૯૦, ૬૧૯૧, બુખારી, હદીષ–૮૨, ૩૬૮૧, ૭૦૦૬, ૭૦૨૭, ૭૦૩૨ તિર્મિઝી, હદીષ–૨૨૮૪, મુસ્તદરક, હદીષ–૪૫૫૨) હઝરત ઉબય ઈબ્ને કઅબ સૌથી મોટા કારી છે. હઝરત ઝયદ બિન ષાબિત સૌથી અધિક વારસાના ઈલ્મના નિષ્ણાત છે. હઝરત મઆઝ બિન જબલ સૌથી અધિક હલાલ તથા હરામનો ઈલ્મ ધરાવે છે મૌલા અલી رضی اللہ عنہ સૌથી મોટા કાઝી છે. આ સર્વ વાતો ખુદ નબી કરીમ ﷺએ વર્ણન કરી છે અને તિર્મિઝી, ૨/૨૧૯ પર મૌજૂદ છે. એ જ પ્રમાણે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ સૌથી મોટા હાફિઝુલ હદીષ છે. (બુખારી, હદીષ–૧૧૮, ૧૧૯) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماને દીનની ફિકહ તથા હિકમત અતા થઈ. (બુખારી, હદીષ–૭૫, ૧૪૩, ૩૭૫૬) અને આપ رحمۃ اللہ علیہ اَفْقَهُ النَّاسِ એટલે સર્વ લોકો કરતાં મોટા ફકીહ. નબી કરીમ ﷺએ લોકોને હુકમ આપ્યો કે અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદથી કુર્આન શીખો. (બુખારી, હદીષ–૩૭૬૦) હઝરત હુઝૈફા નબી કરીમ ﷺના હમરાઝ છે જેને એમનાં સિવાય કોઈ નથી જાણતુ. *(બુખારી, હદીષ–૩૭૬૧)* رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ

એટલા માટે મૌલા અલી કારી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ એ હદીષ બાબુલ ઈલ્મની શરહમાં લખ્યુ છે કે اَىْ بَابٌ مِنْ اَبْوَابِ الْعِلْمِ એટલે મૌલા અલી ઈલ્મના દરવાજાઓમાંથી એક દરવાજો છે જેથી બાબુલ ઈલ્મ હોવું મૌલાએ કાઈનાતની ફઝીલતનો સબૂત જરૂર છે પણ એ અફઝલિયતનો સબૂત નથી.

એ જ પ્રમાણે એ પણ મશહૂર કરી દેવામાં આવ્યું છે કે કેવળ અલીનો ચહેરો જોવું ઈબાદત છે. એ વાત એના સ્થાને સાચી છે, એમાં કોઈ શક નથી કે સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہ જ નહીં, બલ્કે સર્વ નબીઓ, સહાબીઓ તથા તાબઈન બલ્કે સર્વે અવલિયાનો ચહેરો જોવો ઈબાદત છે. એ શખ્સને આગ નથી સ્પર્શી શકતી જેણે નબી કરીમ ﷺને જોયા હોય, અથવા જેણે સહાબીને જોયા હોય. (તિર્મિઝી, હદીષ–૩૮૫૮ અલ હદીષ હસન) તો પછી મૌલા અલીના ચહેરાને જોવું ઈબાદત કેમ ન હોય ? પરંતું એ આપની જ વિશિષ્ટતા નથી. બીજુ કે હુઝૂરે કરીમ ﷺ સિદીકે અકબર અને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہماની તરફ જોતા હતા અને મુસ્કુરાતા હતા, અને તેઓ બંનેવ

હુઝૂર ﷺને જોઈને મુસ્કુરાતા હતા. (તિર્મિઝી, હદીષ–૩૬૬૮) કા'બાના તરફ જોવું પણ ઈબાદત છે. કુર્આન શરીફના સહીફામાં જોઈને પઢવું હજાર ગણો અધિક સવાબ ધરાવે છે. (શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, હદીષ–૨૨૧૮, મિશ્કાત, હદીષ–૨૧૬૭) મા બાપની તરફ મહોબ્બતની નજરથી કેવળ એકવાર જોવાથી મકબૂલ હજ્જનો સવાબ મળે છે. (મિશ્કાત, પેજ–૪૨૧, અલ હદીષ ઝઈફ) અને અલ્લાહના વલીની નિશાની જ એ છે કે જ્યારે એને જોવામાં આવે તો અલ્લાહ યાદ આવી જાય. (ઈબ્ને માજહ, હદીષ–૪૧૧૯) જેથી એમાં મૌલા અલી رضی اللہ عنہની ફઝીલત મૌજૂદ છે પણ એ આપની વિશિષ્ટતા નથી. આ સર્વ હદીષોમાં સરખાપણાનો સબબ કેવળ ઈબાદત છે, નહીં તો મકામ તથા મર્તબાનો ફરક પોતાના સ્થાને સિધ્ધ થયેલ છે.

એ પણ મશહૂર કરી આપવામાં આવ્યું છે કે કેવળ અલીનો ઝિક્ર જ ઈબાદત છે. જ્યારે કે હુઝૂર ﷺએ જેવી રીતે પોતાની નઅત સંભળાવવાનો હઝરત હસ્સાન رضی اللہ عنہને હુકમ કર્યો. એ જ રીતે એક દિવસ પૂછયું : قُلْتَ فِیْ اَبِیْ بَکْرٍ شَیْأً "શું તમે અબૂબક્રની મન્કબત લખી છે ?" તેમણે અર્ઝ કર્યું, જી હા ! ફર્માવ્યું, સંભળાવો ! હું સાંભળવા ચાહું છું. قُلْ حَتّٰی اَسْمَعَ તેમણે તે મન્ક઼બત સંભળાવી. (મુસ્તદરક હાકિમ, હદીષ–૪૪૬૭,૪૫૧૮) આ સિદીક઼ે અકબર رضی اللہ عنہની વિશિષ્ટતા છે. (મુસ્તદરક હાકિમ, હદીષ–૪૪૬૭, ૪૫૧૮) આ સિદીક઼ે અકબર

મુસ્તદરકમાં સૈયદના ઈબ્ને મસઊદ رضی اللہ عنہનો એક જબરદસ્ત ક઼ૌલ મૌજૂદ છે કે اِذَا ذُکِرَ الصَّالِحُوْنَ فَحَیَّھَلَا بِعُمَرَ "જ્યારે સાલેહીનનો ઝિક્ર (ચર્ચા) કરો તો ઉમરની વાત જરૂર કરો." (મુસ્તદરક હાકિમ, હદીષ–૪૫૭૮) ખુદ મૌલા અલી رضی اللہ عنہ ફર્માવે છે કે : اِذَا ذُکِرَ الصَّالِحُوْنَ فَحَیَّھَلَا بِعُمَرَ (તિબ્રાની અવસત, હદીષ–૫૫૪૯, તારીખુલ ખુલફા, પેજ–૯૪) બલ્કે સર્વ સાલેહીનના બારામાં ફર્માવ્યું કે, ذِکْرُ الصَّالِحِیْنَ کَفَّارَۃٌ "સાલેહીનનો ઝિક્ર (ઉલ્લેખ) ગુનાહોનો કફ્ફારો છે. (અલ જામિઉસ્સગીર, હદીષ–૪૩૩૧) જેથી આ હદીષમાં પણ મૌલા અલી رضی اللہ عنہની ફઝીલત મૌજૂદ છે પણ આ આપ رضی اللہ عنہની વિશિષ્ટતા નથી.

દામાદે રસૂલ (જમાઈ) હોવું પણ આપની ફઝીલત છે અને દરેકે દરેક બાળક જાણે છે કે એ આપ رضی اللہ عنہની વિશિષ્ટતા નથી, બલ્કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ આ પૂરી કાઈનાતમાં એકલી જ એવી વ્યક્તિ છે જેમને કોઈ નબીની બે સાહબઝાદીઓના પતિ થવાનો શરફ હાંસલ છે. હા ! એમાં એક પાસુ સૈયદતુન્નિસા علٰی ابیہا علیہا الصلوٰۃ والسلام ની પ્રતિથી વિશિષ્ટતાનું મૌજૂદ છે. એમાં કોઈ શંકા નથી અને એને અમે આપની વિશિષ્ટતાઓમાં વર્ણવી ચૂક્યા છીએ. –*(ક્રમશઃ)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૧૦૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# સિલએ રહમી (સગાં સાથે સારા સંબંધો)નુ વર્ણન

રજૂકર્તા : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ *(પ્રિન્સિપાલ : હેરા ઈંગ્લિશ સ્કૂલ–આમોદ)*

કુર્આન તથા હદીષમાં સિલએ રહમીનો હુકમ આપવામાં આવ્યો છે કે પોતાના સગા સંબંધીઓ સાથે સારા સંબંધ રાખો અને તેમની સાથે સંબંધ તોડશો નહીં. અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَ الَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْۢ بَعْدِ مِيْثَاقِهٖ وَ يَقْطَعُوْنَ مَاۤ اَمَرَ اللّٰهُ بِهٖۤ اَنْ يُّوْصَلَ وَ يُفْسِدُوْنَ فِي الْاَرْضِ ۙ اُولٰٓئِكَ لَهُمُ اللَّعْنَةُ وَ لَهُمْ سُوْٓءُ الدَّارِ ﴿۲۵﴾

અને જે લોકો અલ્લાહ સાથે કરેલા વચનને મજબૂત કર્યા પછી તોડી નાખે છે, અને જેને જોડવાનો અલ્લાહે હુકમ કર્યો છે તેને તોડી નાખે છે અને ધરતીમાં ફસાદ ફેલાવે છે, તેમના પર લાનત (ધિક્કાર) છે અને તેમના માટે ખરાબ ઘર છે."

*(સૂરએ રઅદ, ૨૫)*

اِنَّمَا يَتَذَكَّرُ اُولُوا الْاَلْبَابِ ﴿۱۹﴾ وَ الَّذِيْنَ يَصِلُوْنَ مَاۤ اَمَرَ اللّٰهُ بِهٖۤ اَنْ يُّوْصَلَ وَ يَخْشَوْنَ رَبَّهُمْ وَ يَخَافُوْنَ سُوْٓءَ الْحِسَابِ ﴿۲۱﴾

"નસીહત એ જ માને જે સમજદાર લોકો છે, તે લોકો જે અલ્લાહના વચનને પૂર્ણ કરે છે અને વાત પાકી કરી તોડતા નથી. અને જેમને જોડવાનો અલ્લાહે હુકમ કર્યો છે તેને જોડે છે, પોતાના રબનો ડર રાખે છે અને હિસાબની બુરાઈથી ભયભીત રહે છે. *(સૂરએ રઅદ : ૧૩/૧૯ થી ૨૧)*

وَاتَّقُوا اللّٰهَ الَّذِيْ تَسَآءَلُوْنَ "અને અલ્લાહથી ડરો, જેના નામે તમે એકબીજા પાસે માગો છો, અને સગા સંબંધીઓના હક્કોનું પણ ધ્યાન રાખો. *(સૂરએ નિસા : ૧)*

**ફાયદો** : ઈસ્લામી ભાઈઓ બહેનો ! આ આયતોમાં અલ્લાહ તઆલાએ સગા સંબંધીઓ સાથે સિલએ રહમી (સદવર્તાવ)નો હુકમ આપ્યો છે અને સંબંધ તોડવાને મોટો ગુનો ગણાવ્યો છે, પરંતુ અફસોસ ! આજકાલ પોતાનાઓથી દુશ્મની છે અને પારકાઓથી દોસ્તી છે.

## ★ હવે સિલએ રહમી વિશે કેટલીક હદીષો જણાવીએ ★

**(૧)** રહમતુલ્લિલ આલમીન ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ જ્યારે મખ્લૂકને પેદા કરી ત્યારે રિશ્તા (સગપણ) (કે એ પણ મખ્લૂક છે) ઊભું થયું અને અલ્લાહના દરબારમાં અર્ઝ કરી. અલ્લાહ તઆલાનો ઈર્શાદ થયો કે શું ચાહે છે ? તો રિશ્તા (સગપણ)એ કહ્યું, હું રિશ્તો (સંબંધ તોડવાવાળાથી તારી પનાહ માગુ છું. તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે શું તું તેના પર રાજી નથી કે જે તને જોડશે હું તેને જોડું અને જે તને તોડશે હું તેને તોડું ? રિશ્તા (સગપણ)એ કહ્યું, હા ! હું રાજી છું." અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : "તો એવું જ રહશે." *(બુખારી, મુસ્લિમ)*

**(૨)** નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે, રિશ્તો અલ્લાહના અર્શ સાથે વળગીને એ કહે છે કે, જે મને જોડશે અલ્લાહ તેને જોડશે અને જેમને તોડશે અલ્લાહ તેને તોડશે. *(બુખારી, મુસ્લિમ)*

**(૩)** હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે હું અલ્લાહ છું, હું રહમાન છું, રિશ્તાને મેં પેદા કર્યો છે અને તેને મારા નામમાંથી એક નામ આપ્યું છે, જેથી જે તેને જોડશે હું તેને જોડુ અને જે તેને તોડશે હું તેને તોડી નાખું." *(અબૂ દાઊદ)*

**(૪)** નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે "જે ઈચ્છે છે કે તેની રોજીમાં વધારો થાય અને તેની

ઉમરમાં મોડુ કરવામાં (લાંબી કરવામાં) આવે તો તેણે જોઈએ કે પોતાના સગા સંબંધીઓ સાથે સારો વ્યવહાર રાખે. *(બુખારી, મુસ્લિમ)*

**(૫)** નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે પોતાના વંશને એટલો શીખો કે જેનાથી સિલએ રહમી કરી શકો, કેમ કે સિલએ રહમી પોતાના લોકામાં (સંબંધીઓમાં) મહોબ્બતનું કારણ છે, જેનાથી માલમાં વધારો અને ઉમર લાંબી થશે. *(તિર્મિઝી શરીફ)*

**(૬)** નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "જે વ્યક્તિ ઈચ્છે છે કે તેની ઉમર લાંબી થાય, રોજીમાં વધારો થાય અને ખરાબ મૃત્યુથી બચી જાય, તેણે જોઈએ કે અલ્લાહથી ડરે અને સગા સંબંધીઓ સાથે સારો વ્યવહાર કરે." *(મુસ્તદરક)*

**(૭)** નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "સગા સંબંધીઓ સાથે સંબંધ તોડનાર વ્યક્તિ જન્નતમાં દાખલ નહીં થાય." *(બુખારી, મુસ્લિમ)*

**(૮)** નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "જે સમાજમાં સંબંધ તોડનાર લોકો હોય તેમના પર અલ્લાહની રહમત ઉતરતી નથી."

**(૯)** હબીબે ખુદા ﷺએ ફર્માવ્યું, સિલએ રહમી કરનાર તે નથી કે જે ફક્ત સારા વર્તનના બદલામાં સારો વર્તાવ કરે, પંરતુ સાચો સિલએ રહમી કરનાર તો તે છે કે જયારે પેલી બાજુથી તોડી નાખવામાં આવે છે અને આ જોડે છે. *(બુખારી શરીફ)*

**(૧૦)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે એક વ્યક્તિએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારા કેટલાક સગા સંબંધીઓ એવા છે કે હું તેમની સાથે સારો વ્યવહાર કરું છું, પરંતુ તેઓ મારા સાથે ખરાબ વર્તન કરે છે. હું તેમની સાથે ભલાઈ કરું છું અને તેઓ મને દુઃખ આપે છે. (બુરાઈ કરે છે) અને હું તેમની સાથે નમ્રતાથી વર્તુ છું અને તે મારી સાથે અજ્ઞાનતાભર્યું વર્તન કરે છે. આપે ઈર્શાદ ફર્માવ્યો. જો તું એવુ જ કરતો રહીશ જેમ તું કહી રહ્યો છે તો તું તેમને ગરમ રાખ ફેંકાવે છે, અને જ્યાં સુધી આ રીતે સારો વ્યવહાર કરતો રહીશ ત્યાં સુધી અલ્લાહ તરફથી તારી મદદ ચાલુ રહેશે." *(મુસ્લિમ, શરીફ)*

**(૧૧)** હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે કે તેઓ રસૂલુલ્લાહ ﷺની મુલાકાત માટે ગયા. મેં જલ્દીથી હુઝૂર ﷺનો હાથ પકડી લીધો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે ઉકબા ! દુનિયા અને આખિરતનું ઉત્તમ આચરણ (અખ્લાક) એ છે કે જે તારા સાથે સંબંધ તોડે, તું તેની સાથે સંબંધ જાળવી રાખ અને જે તારા પર જુલમ કરે તેને માફ કરી દે, અને જે ઈચ્છે કે તેની ઉમર લાંબી થાય અને રોજીમાં બરકત (વધારો) થાય તો તે પોતાના સંબંધીઓ સાથે સિલએ રહમી કરે. *(મુસ્તદરક)*

**ફાયદો** : અલ્લાહના રસૂલ ﷺએ બધા પુરૂષો અને સ્ત્રીઓને પોતાના સગા સંબંધીઓ સાથે સારો વ્યવહાર કરવાનો હુકમ આપ્યો છે. પરંતુ આપણા સૌની હાલત એ છે કે પોતાના સંબંધીઓ સાથે દુશ્મની અને પારકાઓ સાથે દોસ્તી છે. વધુ પડતી બહેનો એવી ફરિયાદ કરે છે કે પેલા સંબંધીઓ અમારી સાથે સંબંધ સારો નથી રાખતા એટલે અમે પણ તેમની સાથે સંબંધ રાખતા નથી.

પરંતુ હદીષ શરીફમાં સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે જો સંબંધીઓ જુલ્મ અને ખરાબ વર્તન કરે તો પણ તેમની સાથે સારો વ્યવહાર કરવો જોઈએ. એમાં જ અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ રાજી થાય છે, રોજીમાં બરકત થાય છે અને આયુષ્યમાં વધારો થાય છે.

એટલા માટે મુસલમાન પુરૂષો અને સ્ત્રીઓને જોઈએ કે પોતાના સગા સંબંધીઓ સાથે સારો સંબંધ જાળવે, જો કોઈ સંબંધ તૂટી ગયો હોય તો પહેલ કરીને તેમને મળવુ જાઈએ, તેમની ખબર લેવી જોઈએ, સંબંધીઓને વારે તહેવારે હદિયો અને ભેટો આપે, તેમને કોઈ કામમાં જરૂરત છે તો તેમના કામમાં મદદ કરે, તેમની ખબર લેવી જોઈએ તેમની સાથે સલામ દુઆ દ્વારા સંબંધ મજબૂત બનાવવો જોઈએ, તેમનાથી વાતચીત કરે અને તેમની સાથે નરમી અને મહેરબાની સાથે પેશ આવે. *(હવાલો : નૂરાની ઝેવર કામિલ, ભાગ-૧ થી ૪)*

# શું આશૂરાની દુઆ માટે કોઈ સનદ છે ખરી ?

**કાર્યાલય**

*અસ્સલામુ અલૈકુમ વરહમતુલ્લાહિ વબરકાતુહ !*

આશૂરાની દુઆ અંગેની પ્રચલિત માન્યતા કે જે કોઈ તેને પઢશે તે આખા વર્ષ સુધી મૃત્યુ પામશે નહીં, તેના વિશે ધાર્મિક વિદ્વાનો અને અધિકૃત મુફતીઓ શું કહે છે ? શું એની કોઈ હકીકત છે કે નહીં ?

*(પ્રશ્નકર્તા : અબ્દુલ્લાહ હુબ્લી, કર્ણાટકા)*

વઅલયકુમ સલામ વરહમતુલ્લાહિ વ બરકાતુહ

**અલ્જવાબ** : આ દુઆ અને તેની અન્ય ફઝીલતો કેટલાક ઉર્દૂ પુસ્તકોમાં લખેલી છે, જેમ કે જન્નતી ઝેવર, પેજ–૧૦૫, ઈસ્લામિક પબ્લિશર દ્વારા પ્રકાશિત, મજમૂઆ વઝાઈફ ૧૦૬, મકતબા રિઝવિયા, કરાચી વગેરે દ્વારા પ્રકાશિત, પરંતુ આ પુસ્તકોમાં કોઈ સંદર્ભનો ઉલ્લેખ નથી.

અમારા સંશોધન મુજબ, આ દુઆને પાયાવિહોણી કહેવું અને તેની આ ફઝીલત સનદ વિનાની છે એવું કહેવું યોગ્ય નથી, અલ્લામા સૈયદ બકરી બિન સૈયદ મુહમ્મદ શત્તા દમયાતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ફતહુલ્ બારીમાં કહેવામાં આવ્યું કે, ''આશૂરાના દિવસે જે શબ્દો પઢવામાં આવે છે તે હૃદયને મૃત્યુથી બચાવે છે, તે છે : سبحان اللہ مل المیزان દુઆએ આશૂરા છેવટ સુધી. અને અલ અજહૂરના બે વિદ્વાનોએ કહ્યું,

حسبی اللہ ونعم الو کیل نعم المولی ونعم النصیر

''જે કોઈ આશૂરાના દિવસે કહે છે, ''મારા માટે અલ્લાહ પૂરતો છે, અને તે શ્રેષ્ઠ કાર્યકર્તા છે, હા, તે રક્ષક છે, અને તે શ્રેષ્ઠ મદદગાર છે.'' તો અલ્લાહ સર્વશક્તિમાન તેને તે વર્ષના અનિષ્ટથી બચાવશે. અને તૌફીક અલ્લાહ તરફથી. *(એઆનતુત્તાલિબીન, વોલ્યુમ ૨, પૃષ્ઠ ૨૬૭, દારે ઈહયાઉલ કુતુબ, અલ–અરબિયા)*

અમીરુસ્સગીર અલ્લામા અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન મુહમ્મદ સનબાવી માલિકી رحمۃ اللہ علیہ કહે છે : અમને મળેલી વસ્તુઓમાં અને સૈયદી અલી અલ–અજહૂરીએ જે ઉલ્લેખ કર્યો છે તેમાં આશૂરાના દિવસે આ દુઆ સાત વખત પઢવી, અને જે કોઈ તેનું પાલન કરે છે તે જે વર્ષે તેને પઢશે તે વર્ષે મૃત્યુ પામશે નહીં. અને જો તેનું મૃત્યુ નજીક હશે, તો તે તેને પઢી શકશે નહીં. તે આ છે : سبحان اللہ مل المیزان દુઆએ આશૂરા છેવટ સુધી. (મુસલસલ આશૂરા, પેજ–૧૧, જામિઅતુલ અંબાર) વળી શેખ અલ–અજહૂરીએ તેમના પુસ્તક અલ–જવાહિરમાં સૈયદી સૈયદ મુહમ્મદ જે અલ મદઉગૌતલ્લાહ તરીકે જાણીતા છે, તેમણે કિતાબુલ જવાહિરમાં કહ્યું છે કે જે કોઈ આશૂરાના દિવસે સિત્તેર વખત કહે છે :

حسبی اللہ ونعم الو کیل نعم المولی ونعم النصیر

અમારા માટે અલ્લાહ પૂરતો છે, અને તે શ્રેષ્ઠકર્તા, શ્રેષ્ઠ માલિક અને શ્રેષ્ઠ મદદગાર છે. ''અને પછી નીચેની દુઆ સાત વખત પઢે તે તે વર્ષે મૃત્યુ પામશે નહીં. અને જો તેનું મૃત્યુ નજીક હોય, તો તે વાંચી શકશે નહીં. તે આ છે سبحان اللہ مل المیزان દુઆએ આશૂરા છેવટ સુધી.

*(હવાલો : દારુન્નજ્મ પેજ–૩૫, બૈરૂત)*

અલ્લામા અલી બિન અબ્દુર્રહમાન અજહૂરી મિસ્રી માલિકી رحمۃ اللہ علیہ ના હવાલાથી જાણવા મળ્યું કે આ દુઆના આ વિશેષ ગુણોનો ઉલ્લેખ હઝરત ગૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہએ કર્યો હતો, જે તેમની કિતાબ

''જવાહિરે ખમ્સા''માં નોંધાયેલ છે.

હઝરત શૈખ ગ્વાલિયરી رحمۃ اللہ علیہ કહે છે : જે કોઈ આશૂરાના દિવસે આ દુઆ સાત વખત પઢશે તો ઈન્શા અલ્લાહ ! તે એ વર્ષે મૃત્યુના આઘાતથી સુરક્ષિત રહેશે, અને જે વર્ષે તે મૃત્યુ પામશે, તે તેને વાંચી શકશે નહીં. આ દુઆ છે : سبحان اللہ مل المیزان દુઆએ આશૂરા છેવટ સુધી. *(જવાહિરે ખમ્સા દારુલ ઈશાઅત, કરાચી, પેજ–૭૨)*

અને જવાહિરે ખમ્સાના અધિકૃત દરજ્જાને સાબિત કરવા માટે એટલુ પૂરતુ છે કે સરકાર આ'લા હઝરત મુહક્કિકે બરેલ્વી رحمۃ اللہ علیہએ તેને ઉમદા અને ઉત્તમ પુસ્તકનું બિરૂદ આપ્યું છે. આપ ફર્માવે છે : ''જવાહિરે ખમ્સા એક ખૂબ જ મહત્વપૂર્ણ અને અધિકૃત પુસ્તક છે.'' *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૨૩, પૃષ્ઠ ૧૭૮, રઝા ફાઉન્ડેશન)*

અલ્લામા આરિફ બિલ્લાહ શેખ મુહમ્મદ બિન ખતીરુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ (વફાત : ૯૭૦ હિજરી) કહે છે : ''અને એ પણ, જે કોઈ આશૂરાના દિવસે આ દુઆ સાત વખત પઢશે તે એ વર્ષે મૃત્યુ પામશે નહીં, અને જો તેનું મૃત્યુ નજીક આવશે, તો તેને તે વાંચવાની તક આપવામાં આવશે નહીં. سبحان اللہ مل المیزان દુઆએ આશૂરા છેવટ સુધી. *(જવાહિરે ખમ્સા પેજ–૩૩, દારુલ કુતુબિલ ઈલ્મિયા)*

સારાંશ કે **આશૂરાની દુઆ અને તેની ઉપરોક્ત ફઝીલત અધિકૃત છે,** જો કે, આ ફઝીલતની નિસ્બત હઝરત સૈયદુના ઈમામ ઝૈનુલ આબિદીન رحمۃ اللہ علیہ પ્રતિ કરવામાં આવે છે તે સાબિત નથી, જેથી આ ફઝીલતનું વર્ણન કરવામાં કોઈ વાંધો નથી, પરંતું તેને સૈયદુના ઈમામ ઝયનુલ આબિદીન رحمۃ اللہ علیہ પ્રતિ સંબંધિત કરવામાં ન આવે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર : (મુફતી) મુહમ્મદ શકીલ અખ્તર કાદરી બરકાતી**

واللہُ اَعْلَمُ وَ رَسُوْلُہٗ اَعْلَم عَزَّ وَجَلَّ وَ صَلَّی اللہُ تَعَالٰی علیہ وسلم

**–મુહમ્મદ રઝા મર્કઝી**

*(ખાદિમુત્તદરીસ વ ઈફતા : અલ જામિઅતુલ કાદરિયા નજમુલ ઉલૂમ, માલેગાંવ) (–શરઈ અદાલત વોટ્સ–એપ ગ્રુપ)*


**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાનાં લેટેસ્ટ પ્રકાશનો**

- ❑ **રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ** *(અઝ : હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી–મુબારકપુર)*
- ❑ **હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર એક નજર** *અઝ : હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہ*
- ❑ **મિર્આતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ–૬)
- ❑ **પાંચ નબવી નસીહતો :** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરી)*
- ❑ **ગુલદસ્તાએ સીરતુન્નબી ﷺ** *(અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી)*
- ❑ **૧૫૦૦ મી મીલાદુન્નબી નિમિત્તે મીલાદુન્નબી ﷺ વિશેષાંક** *(બરકાતે ખ્વાજા મંથલી લેખ સંગ્રહ)*
- ❑ **ઈઝરાઈલની હકીકત ઈતિહાસના આઈનામાં** *(બરકાતે ખ્વાજા મંથલી લેખ સંગ્રહ)*

**(સર્વ કિતાબોના સંપાદક / અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**:: અમારા આગામી પ્રકાશનો ::**

- ❑ **મિર્આતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ–૭ તથા ૮)
- ❑ **મઆરિજુન્નબુવ્વત** (સીરતે રસૂલ ﷺ પર કિતાબ) ❑ **ઈસ્લામી અખ્લાક તથા આદાબ** વગેરે

**નોંધ :** રૂા. ૧૦૦૦/– ભરી અંજુમનના મેમ્બર થનારને વરસભર છપાતી કિતાબો ડાયરેક્ટ મળતી રહેશે. (સંપર્ક નં. : ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ફ઼ઝાઈલે અહલે બૈત
## અને અમુક બનાવટી રિવાયતો

કાર્યાલય

અલ્લાહ તઆલાએ આ કાઈનાતમાં અસંખ્ય તથા અગણિત મખ્લૂકને પેદા ફર્માવી અને પછી તેમાં શરાફત તથા બુઝુર્ગીનો સુનેહરો તાજ ઈન્સાનોના માથે સજાવ્યો અને એહસાન પર એહસાન એ કે અક્કલ અને સમજની ન ખત્મ થનાર નેઅમત અતા ફર્માવી જેનાથી બીજી મખ્લૂક મેહરૂમ છે. પરંતુ ઈન્સાનોના વચ્ચે ઈન્સાન હોવાની દષ્ટિએ કોઈ ફઝીલત ન રાખી. એવી જ રીતે ઈન્સાન બીજી મખ્લૂકો ઉપર એક સર્વોત્તમ શાન ધરાવે છે તે એ છે કે ઈન્સાની સમાજમાં સામૂહિક્તા અને કૌટુંબિક જીવન પદ્ધતિનો ખયાલ છે જે બીજા પ્રાણીઓમાં નથી જોવા મળતો, પરંતુ છતાંય વ્યક્તિને વંશ અને ખાનદાનની બુનિયાદ પર શર્ફ અને બુઝુર્ગી પ્રાપ્ત નથી બલ્કે અલ્લાહ તઆલાએ કુર્આને મજીદમાં શરાફત અને બુઝુર્ગીની બુનિયાદ તક્વા અને પરહેઝગારી ઉપર રાખેલ છે. અલ્લાહનો ઈર્શાદ છે, "બેશક ! અલ્લાહ તઆલાની બારગાહમાં તમારામાં ઈજ્જતવાન એ છે જે તમારામાં સૌથી વધુ પરહેઝગાર છે." *(સૂરએ હુજુરાત)*

અને હજ્જતુલ વિદાઅના મોકા ઉપર સમાનતાનો સબક આપતાં ફર્માવ્યું, આજથી કોઈ અરબીને કોઈ અજમી (અરબની સિવાય) ઉપર કોઈ ગોરાને કોઈ કાળા ઉપર કોઈ ફઝીલત નથી. પરંતુ આ ધરતી ઉપર અમુક વ્યક્તિઓ એવી પણ છે જેમને વંશની બુઝુર્ગી પણ પ્રાપ્ત છે અને ખાનદાની શરાફત પણ, જેમને શારીરિક પવિત્રતા પ્રાપ્ત છે તો રૂહાની પાકીઝગી પણ, જેની ગવાહી જાતે કુર્આને મજીદ આપી રહ્યું છે :–

**انما یرید الله لیذھب عنکم الرجس اھل البیت**

"હે નબી (ﷺ)ના ઘરવાળાઓ ! અલ્લાહ તઆલા ચાહે છે કે તમારાથી નાપાકીને દૂર ફર્માવી દે અને તમને ખૂબ ખૂબ પાક ફર્માવી દે." *(પા. ૨૨, રૂ. ૧)* અને રસૂલે અકરમ ﷺએ એક ઠેક ઠેકાણે અહલે બૈતની મહોબ્બતની પ્રેરણા આપી અને તેમનાથી દુશ્મની અને વેર ઉપર ખૌફનાક અને ભયભીત કરનાર ઈર્શાદ ફર્માવ્યા. તેમનાથી મહોબ્બતને ઈમાનની નિશાની ઠરાવી દીધી અને તેમના દામનથી વાબસ્તા રહેવાને નજાતનો માર્ગ ઠરાવી દીધો તો આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો કે, "મારી અહલે બૈત હઝરત નૂહ علیہ السلامની નાવડીની જેમ છે, જે તેમાં સવાર થઈ ગયો તે નજાત પામી ગયો."

સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*અહલે સુન્નત કા હૈ બેળા પાર અસ્હાબે હુઝૂર*
*નજમ હૈં ઔર નાવ હૈ ઈતરત રસૂલુલ્લાહ ﷺ કી*

### અહલે બૈત કોણ છે ?

મોહક્કિકે અલલ ઈત્લાક હઝરત અલ્લામા શાહ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની વિખ્યાત કિતાબ "મદારેજુન્નબુવ્વત"માં લખે છે કે અહલે બૈત વિશે થોડાક કથનો છે. કદીક એ લોકો ઉપર અહલે બૈતનો ઉચ્ચાર થાય છે જેમના ઉપર સદકો હરામ છે. તેઓ, આલે અલી, આલે જાફર, આલે આકીલ, અને આલે અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે, અને કદીક તેમાં રસૂલુલ્લાહ ﷺની ઔલાદ અને આપની પવિત્ર બીવીઓનો પણ સમાવેશ થાય છે. અને કદીક ખાસ હઝરત સૈયદા ફાતિમા, ઈમામ હસન, ઈમામ હુસૈન અને હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین મુરાદ હોય છે એટલા માટે કે તેમનામાં ફઝીલત વધુ છે.

અહલે બૈતના સંબોધનમાં આ તફસીરી કથનો વચ્ચે વર્ગીકરણ આ રીતે છે કે બૈતના ત્રણ પ્રકારો છે : એક છે બૈતે નસબ, બીજું છે બૈતે સુકના અને ત્રીજુ બૈતે વિલાદત.

તો આ રીતે હઝરત અબ્દુલ મુત્તલિબની ઔલાદ "અહલે બૈતે નસબ" છે અને અજવાઝે મુતહ્હરાત "અહલે બૈતે સુકના" અને આપની ઔલાદ "અહલે બૈતે વિલાદત" છે. અને સૈયદના અલી મુર્તઝા ભલે ને ઔલાદમાંથી નથી પરંતુ હઝરતે સૈયદા ફાતેમાના વસીલાથી "અહલે બૈતે વિલાદત"થી મળેલ છે.

હદીષ શરીફમાં આવ્યું છે કે, "હું તમારામાં બે એવી વસ્તુઓ છોડી રહ્યો છું કે જો તમોએ તેને મજબૂતીની સાથે પકડી રાખી તો કદાપિ ગુમરાહ નહીં થાવ : (૧) અલ્લાહની કિતાબ (૨) મારા અહલે બૈત. તો હવે વિચારો કે એ બંનેવમાંથી તમે કોનો ક઼ાનૂન ભંગ કરી શકો છો. અને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "આલે મુહમ્મદ ﷺને ઓળખવું જહન્નમની આગથી નજાતનો માર્ગ છે અને આલે મુહમ્મદ ﷺથી મહોબ્બત રાખવી પુલસિરાતથી ગુઝારે છે અને આલે મુહમ્મદ ﷺથી અક઼ીદત અઝાબે ઈલાહીથી અમાન છે." અને ઓળખવાથી મુરાદ તેમનો દરજ્જો અને મર્તબો ઓળખવો છે કે હુઝૂર ﷺથી તેમને શું નજદીકી પ્રાપ્ત છે ? અને જ્યારે તેમની નિસ્બતને જેને અલ્લાહ તઆલાએ નાઝિલ ફર્માવી છે, ઓળખી લીધી તો પછી માલૂમ થઈ જશે કે કેવી રીતે તેમના વિરુદ્ધ કરવાથી ગુમરાહી લાઝિમ આવે છે, અને તેમનો એહતેરામ તથા પૈરવી કરવાથી ગુમરાહી અને અઝાબથી નજાત મળે છે.

ઉમર બિન અબી સલમા رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે આયતે કરીમા **رحمة الله وبركاته اهل البيت** નાઝિલ થઈ તો તે વખતે હુઝૂર ﷺ સૈયદા ઉમ્મે સલમા رضی اللہ عنہاના ઘરે તશરીફ ફર્મા હતા તે વેળા હુઝૂર ﷺએ સૈયદા ફાતિમા, હસન અને હુસૈન رضی اللہ عنہمને બોલાવ્યાં અને તેઓને એક ચાદરમાં છુપાવીને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, હે ખુદા ! આ છે મારાં અહલે બૈત. અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم, હુઝૂર ﷺની પીઠ મુબારક પાછળ ઉભા હતા. એક રિવાયતમાં છે કે હઝરાતે હસન અને હુસૈનને ગોદમાં લીધા અને એક હાથ વડે હઝરત અલી અને બીજા હાથ વડે હઝરત ફાતિમા رضی اللہ عنہاને પકડયાં અને પોતાની સાથે મિલાવીને અર્ઝ કરી, હે ખુદા ! આ મારાં અહલે બૈત છે, એમને નાપાકીથી દૂર કરી ખૂબ પાક અને સુથરાં બનાવ.

મુફસ્સિરોનો આમાં મતભેદ છે કે આયતે કરીમામાં અહલે બૈતથી કોણ મુરાદ છે. વધુ પડતા મુફસ્સિરોની રાય છે કે તેનાથી મુરાદ હઝરત ફાતિમા, હઝરત હસનૈન કરીમૈન અને હઝરત અલી છે. જેમ કે કેટલીક રિવાયતો પુરવાર કરી રહી છે, પરંતુ ઈન્સાફનો તકાઝો એ છે કે તેમાં અજવાઝે મુતહ્હરાત (બીવીઓ) પણ સામેલ છે, એટલા માટે કે આયતે કરીમાનો શાને નુઝૂલ અને તેનું આગળ પાછળનું વર્ણન અજવાઝે મુતહ્હારતના વિષયમાં છે. જેવી રીતે અલ્લાહ તઆલાના ઈર્શાદમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلامનાં બીવી પણ સામેલ છે. ઈર્શાદે બારી તઆલા છે :–

**رحمة الله وبركاته اهل البيت** *(સૂરએ હૂદ)* અને જેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મારા અહલે બૈતમાંથી કોઈ એક સાથે દુશ્મની નહીં રાખશે, પરંતુ એ જ જેને અલ્લાહ તઆલા જહન્નમમાં દાખલ કરશે. અને હુઝૂર ﷺનું એ ચારેવ પવિત્ર જાનોને બોલાવી અને તેમને આગોશમાં લઈ તેમને ચાદર શરીફમાં છુપાવી આ દુઆ માંગવી : **اللهم ان هولاء اهل بيتى** "હે ખુદા ! આ મારાં અહલે બૈત (ઘરવાળા) છે." આમાં અઝવાજે મુતહ્હરાતનો સમાવેશ, નાપાકીથી દૂર કરવાની ફઝીલત અને પાકી અને સફાઈમાં તેમના સમાવેશમાં કોઈ તફાવત નથી. વધુ હઝરત જરીરની રિવાયત જે સૈયદા ઉમ્મે સલમા رضی اللہ عنہاથી મરવી છે તેમાં તે ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું પણ આપના ઘરવાળાઓમાંથી છું ?! ફર્માવ્યું, તમે પણ ભલાઈ પર છો.

એ જ રીતે આયતે કરીમા :–

**قل لا اسئلكم عليه اجرا الا المودة فى القربىٰ**

આ આયતે કરીમાની તફસીરમાં પણ મતભેદ છે. જેમ કે રિવાયતમાં છે કે જ્યારે આયતે કરીમા નાઝિલ થઈ તો સહાબાએ કિરામે પૂછયું, **من اهل قرابتك** આપનાં ઘરવાળાં કોણ છે ? ઈર્શાદ ફર્માવ્યો, "અલી,

ફાતેમા અને તેમનાં બંનેવ ફરઝંદો رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ છે." પરંતુ સત્ય એ જ છે કે તેમાં હુઝૂર ﷺના બધાં ઘરવાળાંઓ સામેલ છે અને એ બધા ઘરવાળાઓમાં આ ચાર (અલી, ફાતિમા, હસન, હુસૈન) ફઝીલતવાળાં છે, અને બાકી તેમના થકી સામેલ છે.

## અમુક બનાવટી રિવાયતોની ઓળખાણ

ઉપરોક્ત રિવાયત અહલે બૈતના ફઝાઈલ ઉપર દલીલ પૂરી પાડે છે એના સિવાય ઘણી બધી રિવાયતો મૌજૂદ છે જેનાથી અહલે બૈતની અઝમત અને બુઝુર્ગી પુરવાર થાય છે. નિ:શંક ! આ તે પાક રૂહો અને પવિત્ર જાતો છે જેની અઝમત અને મર્તબાનો આપણે જાતે સાચો અંદાઝો નથી લગાડી શક્તા. અગણિત હદીષો છે જે આ બાબતે આપણી રહનુમાઈ કરતી નજર આવે છે. આપણે અહલે સુન્નત વ જમાઅત તેમનાથી મહોબ્બત પણ કરીએ છીએ અને અક઼ીદત પણ રાખીએ છીએ અને તેઓના ફઝાઈલ અને સદ્‌ગુણો બયાન કરવા માટે મેહફિલોની વ્યવસ્થા કરીએ છીએ. ખાસ કરીને મોહર્રમ શરીફમાં ઠેર ઠેર મેહફિલો કરીને શોહદાએ કર્બલાથી મહોબ્બત અને પ્રેમનો સુબૂત પેશ કરીએ છીએ. પરંતુ અમુક નામના આલિમો અલ્લાહ ﷻ અને તેના હબીબ ﷺથી નીડર થઈ ઓછા જ્ઞાનના લીધે અમુક એવી રિવાયતો બયાન કરે છે જે એકદમ નિંદનીય તથા કુખ્યાત હોય છે, અને અમુક તો એવી હોય છે જેના વિશે વિશ્વસનીય મુહદ્દિષોએ મનઘડ઼ત (બનાવટી) હોવાનો હુકમ લગાડયો છે. જ્યારે **રાફઝીઓએ અહલે બૈતની ફઝીલતમાં "ત્રણ લાખ હદીષો" બનાવટી ઘડ઼ી કાઢી છે.** *(હવાલો : મુક઼દમા જામેઉલ અહાદીષ)*

તો આવી સ્થિતિમાં જરૂરી અને અનિવાર્ય છે કે રિવાયતોની તહક઼ીક઼ કરી લેવામાં આવે. આપણા સમક્ષ અહલે બૈતની ફઝીલત એવી જ રીતે સર્વ માન્ય છે જેમ કે બપોરનો સૂરજ, પરંતુ જે રિવાયતો સાબિત નથી તેના અસ્વીકૃત હોવામાં પણ કોઈ શક નથી.

અલ્લામા હાફિઝ ઈબ્ને કષીર અલ્ બિદાયા વન્નિહાયામાં લખે છે : "શીઆ હઝરાતે આશૂરાના દિવસ વિશે અતિશયોક્તિથી કામ લીધુ છે, અને એ બાબતે તેઓએ ઘણી બધી જૂઠી હદીષો ઘડ઼ેલી છે." અને અમુક લીટીઓ પછી અલ્લામા ઈબ્ને કષીર લખે છે : "આના સિવાય ઘણી બધી જૂઠી હદીષો છે, અને બનાવટી હદીષો છે જેમાંથી કોઈ પણ સાચી નથી." *(ભાગ : ૫, પેજ : ૬૧૨)*

હુસૈન મુહમ્મદ યૂસુફ પોતાની કિતાબ "સૈયદો શબાબે અહલિલ્ જન્નત"માં "અલ્ બિદાયહ્ વન્નિહાયહ્"નું લખાણ નક઼લ કરીને લખે છે, "સંક્ષિપ્ત ખુલાસો એ છે કે આ બધી નકામી વાતો અને બકવાસથી હઝરત ઈમામ હુસૈનની શાન અને દરજ્જો ન ઘટશે અને ન વધશે. એટલા માટે આવી હદીષો મક઼બૂલ (સ્વીકૃત) તથા મરદૂદ (અસ્વીકૃત) હોવા બાબતે અમુક સિદ્ધાંતો અને નિયમો લખવામાં આવે છે જે આ બાબતે મદદગાર થશે."

હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક઼ક઼ અમજદી رحمۃ اللہ علیہ "મક઼ાલાતે શારહે બુખારી"માં હદીષના સહીહ તથા ઝઈફ બાબતે ચર્ચા કરતાં લખે છે : હસન પછી ઝઈફનો દરજ્જો છે, એનો પરિચય એ છે કે હદીષે સહીહમાં જે શર્તો માન્ય છે એમાંથી સંપૂર્ણ અથવા અમુક ન હોય એની ત્રણ કક્ષાઓ છે : ઝઈફ બઝઅફે અખફ તે કે જેના રાવી વિશે ભેળસેળ અથવા કમજોર બુદ્ધિ જેવા હલકા આક્ષેપો હોય. પછી ઝઈફ બઝઅફે ખફીફ, જેમ કે રાવીનું જૂઠો અને ફાસિક઼ હોવું વગેરે જેવા સખ્ત આક્ષેપો હોય. ત્રીજી ઝઈફ બ ઝઅફે શદીદ કે બિલ્કુલ હદીષ જ ન હોય, બલ્કે કોઈ નીડરે બનાવટ કરેલ હોય. "ઝઈફ બઝઅફે અખફ" પુરાવા પામીને હસન લિગૈરિહી બલ્કે સહીહ લિ ગૈરિહીની મંઝિલ સુધી પહોંચી જાય છે.

એના આ પ્રમાણે સાત પ્રકારો છે :–

(૧) સહીહ લિ ઝાતિહી (૨) સહીહ લિ ગૈરિહી (૩) હસન લિ ઝાતિહી (૪) હસન લિ ગૈરિહી (૫) ઝઈફ બઝઅફે અખફ (૬) ઝઈફ બ ઝઅફે ખફીફ (૭) ઝઈફ બ ઝઅફે શદીદ એહલે મૌઝૂઅ (બનાવટી રિવાયત)

પ્રથમ ચારેવ પ્રકારની હદીષો અહકામ, સીરત અને ગઝવાત, ફઝાઈલ અને સદ્‌ગુણો સર્વમાં દલીલ માટે માન્ય છે. પાંચમો પ્રકાર શવાહિદ અને મુતાબેઆત

વગેરેમાં સ્વીકાર્ય છે. અને જો પુરાવો પામી હસન લિ ગૈરિહી અથવા સહીહ લિ ગૈરિહીના મર્તબા સુધી પહોંચી જાય તો અહકામમાં પણ ભરોસાપાત્ર છે. છટ્ઠી સૂરત અહકામમાં અસ્વીકૃત છે પરંતુ સીરત અને ગઝવાતમાં, ફઝાઈલ અને સદ્‌ગુણોમાં સહમતિ સાથે સનદ પામેલ છે. સાતમી સૂરત ન હદીષ છે અને ન કોઈ તેનો એ'તેબાર છે.

ત્યારબાદ જો મુહદ્દિષ કોઈ હદીષને મૌઝૂઅ (બનાવટી) કહે તો તુરંત એ હુકમ નથી લગાડી શક્તા કે તેનું મતન (મૂળ લખાણ) પણ મૌઝૂઅ છે, બલ્કે તેની છાનબીન જરૂરી છે. એટલા માટે કે કદી હુકમ સનદના બનાવટી હોવા બાબતે પણ લાગે છે. પરંતુ તે હદીષ અધિક તરીક઼ાઓથી રિવાયત પામેલ હોય, ભલે ને તે હદીષ ઝઈફ પણ હોય પરંતુ તેનો મતન (મૂળ લખાણ) સ્વીકૃત ગણાશે.

અલ્લામા અબ્દુલ હકીમ શાહજહાંપૂરી મતન અને સનદમાં અહકામના ફર્ક વિશે લખે છે : રાવી (રિવાયત કરનાર)નું કમજોર તથા નિંદનીય હોવાનો સંબંધ સનદથી થાય છે. હદીષના મતનનો હુકમ બીજા લક્ષણોના એતેબારથી થાય છે. એટલા માટે કે શક્ય છે કે કોઈ સહીહ હદીષને કોઈ બનાવટી રાવી રિવાયત કરે તો એ સનદના એતેબારથી તો એ હદીષ બનાવટી કહેવામાં આવશે, પરંતુ જાતે તે હદીષને મૌઝૂઅ કહેવામાં નહીં આવે, અલ્બત્ત જ્યારે કોઈ હદીષની સનદમાં કોઈ બનાવટી રાવી હોય અને એ હદીષનું મતન બીજા કોઈ તરીક઼ાથી સાબિત ન હોય તો તે હદીષ મોઝૂઅ કહેવામાં આવશે. તેનું ઉદાહરણ એ છે કે અલ્લામા શમ્સુદીન ઝહબી "મિઝાનુલ એઅ્તેદાલ"માં બયાન કરે છે કે હઝરત ઈમામ અહમદ બિન હંબલે :–

**عن ابراهيم بن موسى المزروى عن مالك عن نافع عن ابن عمر رضى الله عنهما حديث طلب العلم يفسه** (છેવટ સુધી)

આ હદીષને બનાવટી ઠરાવી છે. અલ્લામા ઝહબી ફર્માવે છે કે આ હદીષ આ સનદના માધ્યમથી મૌઝૂઅ છે, નહીં તો જાતે હદીષ બીજા ઝઈફ તરીક઼ાઓથી સાબિત છે.

આના સિવાય પણ અમુક હદીષોને મુહદ્દિષો ઝઈફ માને છે અને કહે છે :–

**هذا حديث موضوع بهٰذا الا سناد** તો જો આ હદીષ અથવા એના સિવાય કોઈ હદીષ જેને કોઈ મુહદ્દિષ મૌઝૂઅ (બનાવટી) કહી હોય અને તે હદીષ અધિક સનદોથી મરવી હોય તો એ ઝઈફ પણ કેમ ન હોય તેનું મતન (મૂળ લખાણ) મક઼બૂલ હશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧)*

## મૌઝૂઅ (બનાવટી) રિવાયત–૧

આ બાબતે એ રિવાયત જે વર્તમાન યુગની દરેક કિતાબમાં મૌજૂદ છે અને લોકો તેને સત્ય માની બયાન પણ કરે છે તે એ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે હું સરકાર ﷺની પાસે બેઠો હતો આપની જમણી બાજુ સરકાર ﷺના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ અને આપની ડાબી બાજુ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ બેઠા હતા. સરકાર કદીક હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہને બોસો આપતા તો કદીક હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہને બોસો આપતા. એ દરમ્યાન હઝરત જિબ્રઈલ علیہ السلام વહી લઈને તશરીફ લાવ્યા. તેમના ગયા પછી સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મારી પાસે જિબ્રઈલ આવ્યા અને કહ્યું, હે મુહમ્મદ ! ﷺ આપના રબે આપને સલામ કહ્યા છે અને આપના બંનેવ સાહબઝાદાઓમાંથી એકને પાછા માગે છે. તો સરકાર ﷺ બંનેવ તરફ જોઈ રડવા લાગ્યા. પછી ફર્માવ્યું, ઈબ્રાહીમના ઈન્તેકાલ પર માત્ર મને ગમ થશે અને હુસૈનના ઈન્તેકાલથી હઝરત અલી અને હઝરત ફાતિમા અને મને પણ ગમ થશે. તો સરકાર ﷺએ ઈબ્રાહીમના બદલામાં હુસૈનને પસંદ ફર્માવ્યા.

ઈમામ જલાલુદ્દીન સિયૂતી પોતાની કિતાબ "અલ્લઆવીલ મસ્નૂઅહ ફી અહાદીષિલ મૌઝૂઅહ"માં આ હદીષ નક઼લ કર્યા બાદ ફર્માવે છે :–

**موضوع : والآفية فيه من النقاش وشيخه هوابن صاعد وقد دلسته وماذاك الالشر۔**

એના પછી લખે છે :–

وقال الدار قطنی : الحدیث باطل وحسبه وقع للنقاش موضو عاعلی ابی محمد بن صاعد فظنه من صحیح حدیثه وانه سمع منه فروا.......

આપ તેઓ એવા મુહદ્દિષ છે જેમને ખાતિમુલ હુફ્ફાઝ કહેવામાં આવે છે. **જ્યારે તે કોઈ હદીષ વિશે કહે કે આ હદીષ બનાવટી છે તો યક઼ીનન ! તેમનું કહેવું ભરોસાપાત્ર છે.** કેમ કે તેઓ જ્યારે કોઈ હદીષ વિશે મૌઝૂઅ અથવા ઝઈફ હોવાનું કહે છે તો ઘણી છાનબીન અને સોચ વિચારથી જ હુકમ લગાડે છે. ઈબ્ને જવઝીની જેમ મુતસાહિલ (ગફલત વર્તનાર) નથી કે કોઈ રાવીને કમજોર અથવા કુખ્યાત પામ્યા તો મૌઝૂઅ કહી દીધું, બલ્કે જે હદીષોને ઈબ્ને જવઝીએ પોતાની કિતાબ ''મૌઝૂઆત''માં મૌઝૂઅ ઠરાવી તો ઈમામુલ હુફ્ફાઝે તેની ઘણી સારી પકડ ફર્માવી છે અને ઘણી બધી હદીષો વિશે એ વાતનુ સુબૂત પેશ કર્યું છે કે તે હદીષો બીજા તરીક઼ાથી (સનદ)થી ઝઈફ છે પરંતુ મોઝૂઅ (બનાવટી) નથી. એવી જ રીતે એ હદીષ જે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની સનદથી મરવી છે ફર્માવે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :

اذا کان یوم القیمة نادی مناد من وراء الحجاب یااهل الجمع عضوا ابصارکم عن فاطمة بنت محمف حتی تمر (છેવટ સુધી)

ભાવાર્થ : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે ક઼યામતનો દિવસ હશે તો એક પર્દાની ભીતરથી પોકારનાર પુકારશે, હે અહલે મેહશર ! પોતાની નજરોને ઝુકાવી લો જેથી હઝરત ફાતિમા બિન્તે મુહમ્મદ صلی اللہ علیہ وسلم પસાર થઈ જાય ત્યાં સુધી કે હઝરત ફાતિમા رضی اللہ عنہا પસાર થઈ જશે. ઈમામ મનાવીએ કહ્યું કે હકીમ અબૂ અબ્દુલ્લાહે આ હદીષને ઈમામે મુસ્લિમની શર્ત ઉપર સહીહ બતાવી છે. તો હાફિઝ શમ્સુદ્દીન ઝહબીએ કહ્યું :

لا بل والله موضوع والعباس راوية قال الدار قطنی : کذاب

નહીં, બલ્કે **ખુદાની ક઼સમ ! આ હદીષ મૌઝૂઅ (બનાવટી) છે,** અને અબ્બાસ જે આ હદીષના રાવી છે તેના માટે ઈમામ દારેકુતની ફર્માવે છે તે જૂઠો છે. અલ્લામા સિયૂતિએ તેમની પકડ કરી તેના પુરાવા પેશ કર્યા જેનાથી સાબિત થાય છે કે મતન મૌઝૂઅ નથી. ''હદીષ'' **اختلاف امتی رحمة** ''ને જ્યારે ઘણી બધી તપાસ અને છાનબીન પછી પણ ન પામી શક્યા તો એ ન કહ્યું કે મૌઝૂઅ છે. બલ્કે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ પોતાના રિસાલા ''સફાએહુલ લજૈન ફી કવનિત્તસાફેહિ બિ કફ્ફીલ્ યદૈન''માં લખે છે : ઈમામ જલાલુદ્દીન સિયૂતી જેવા હાફિઝે જલીલે કિતાબ જામે સગીરમાં ઝિક્ર ફર્માવી અને તેનો હવાલો ન બતાવી શક્યા કે કયા મુહદ્દિષે પોતાની કિતાબમાં રિવાયત કરી છે. અમુક આલિમોના નામ લખી જેમણે વગર સનદે પોતાની કિતાબોમાં લખી દીધી છે કે શક્ય છે કે એ હદીષના હાફિઝોની અમુક કિતાબોમાં રિવાયત કરવામાં આવી હોય જે આપણા સુધી ન પહોંચી હોય.

આ ચર્ચાથી આપની છેલ્લા દરજ્જાની કાળજીનો અંદાજો ખબર પડે છે. મુહદ્દિષ જ્યારે કોઈ રિવાયતને બનાવટી બતાવે તો માનવું પડશે કે સૌ પ્રથમ તેમણે પુરાવાઓની તપાસ કરી હશે અને ન મળવાની સ્થિતિમાં બનાવટી હોવાનો હુકમ લગાડયો હશે.

અને બીજી હદીષ જે આયતે કરીમા :– **ویطعمون الطعام علیٰ حبه مسکینا ویتیما واسیرا** ના શાને નુઝૂલ વિશે મુફસ્સિરોએ બયાન કરી છે.

## મૌઝૂઅ (બનાવટી) રિવાયત–૨

એક વેળા હઝરાત હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما બીમાર પડી ગયા અને સહાબાએ કિરામ તેમની ખબર લેવા માટે ગયા. કોઈએ તેમનાથી મશ્વેરો આપ્યો કે હે અલી ! کرم اللہ تعالیٰ وجہہ الکریم તમે નઝર કેમ નથી માની લેતા કે જો અલ્લાહ તઆલા તેમને શિફા આપે તો આપ નઝર પૂરી કરશો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ રોઝા રાખવાની નઝર માની. અલ્લાહ તઆલાએ શિફા આપી. હવે નઝર પૂરી કરવાનો સમય આવી ગયો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ઘરમાં રોઝો ઈફ્તાર કરવા માટે કોઈ વસ્તુ ન હતી.

જેથી આપ શમઉન યહૂદીને ત્યાં તશરીફ લઈ ગયા અને ત્રણ સાઅ જવ કર્ઝ રૂપે અથવા મજદૂરી રૂપે લઈ આવ્યા. સવારે સર્વ ઘરવાળાઓએ રોઝો રાખ્યો. હઝરત સૈયદાએ એક સાઅ જવ પીસ્યા અને તેની પાંચ રોટીઓ બનાવી. સાંજે નમાઝ પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તશરીફ લાવ્યા તો બધા ઘરવાળા રોઝો ઈફતાર કરવા માટે બેઠા. અચાનક દરવાજા પર કોઈએ દસ્તક આપી અને કહ્યું, હું મિસ્કીન છું ! ભૂખો છું ! આપે બધી રોટીઓ ઉઠાવી તેને આપી દીધી અને જાતે બધા પાણી પીને સૂઈ ગયાં. આ ઘટના સતત ત્રણ દિવસો સુધી ચાલતી રહી. ત્રણ દિવસ અને રાત સતત ભૂખથી બાળકોની હાલત કમજોર થઈ ગઈ. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તેમને લઈ બારગાહે રસૂલ صلی اللہ علیہ وسلمમાં હાજર થયા. હુઝૂર બધાને લઈને સૈયદા ફાતિમા رضی اللہ عنہાના ઘરે તશરીફ લાવ્યા. જોયું કે કમજોરીના સબબથી સૈયદા પણ એક ખૂણામાં બેઠેલાં છે. હુઝૂર صلی اللہ علیہ وسلم ઘણા પરેશાન થયા. હઝરત જિબ્રઈલ علیہ السلام સૂરએ દહરની આ આયતે કરીમા લઈને હાજર થયા.

**પરંતુ સંશોધકોએ આ રિવાયતને કૃબૂલ કરવાનો ઈન્કાર કર્યો છે. તેઓ કહે છે કે આ (હદીષ) રિવાયત તથા દિરાયત (સમજ) બંનેવ રીતે સહીહ નથી.** અલ્લામા કર્તબીએ ઘણી વિસ્તારથી તેના પર ટીકા કરી છે. તેઓ કહે છે કે જો ફકીર આવ્યો હતો તો તેને એક રોટી આપી દેવામાં આવતી અને બાકીની પાંચેવ હઝરાત ખાઈ લેતા. એવી જ રીતે બીજા અને ત્રીજા દિવસે પાંચેવ રોટીઓ આપવામાં કોઈ કારણ નજર નથી આવતું. વધુમાં નાના બાળકો હજુ મુકલ્લફ (બંધાયેલાં) નથી અને હજુ હમણા બીમારીથી શિફા પામ્યાં છે, તેમને સતત ત્રણ રોઝા રાખવાની ઈજાઝત આપવી શરીઅતની દષ્ટિએ જાઈઝ નથી. એટલા માટે અલ્લામા કર્તબી લખે છે કે આ હદીષ મનઘડત અને ઝઈફ છે. *(હવાલો : તફસીરે ઝિયાઉલ કુર્આન, ભાગ–૫, પેજ–૪૪૪)*

હુસૈન મુહમ્મદ યૂસુફ "સૈયદો શબાબે અહલિલ જન્નત"માં લખે છે કે ખતીબ શરબીની એ "અસ્સિરાજુલ મુનીર" ભાગ–૪, પેજ–૩૭૬માં લખ્યું છે :–

**فقال : وما رواه البيضاوی تبعا لز مخسری عن ابن عباس ان الحسن والحسين (رضی الليه عنهما مر ضا) ثم ذكر بقية القصة باختصار، من نذر الصيام، واعداد الطعام وغير ذلك، ثم قال عن كل ذلك : انه (حديث موضوع)**

અને એ પણ કે હુસૈન બિન મુહમ્મદે એ જ કિતાબમાં લખ્યું છે કે અલ્લામા કસ્તલાનીએ પોતાની કિતાબ "ઈર્શાદુસ્સારી લિ શરહિલ બુખારી" ભાગ–૭, પેજ–૩૭૪માં લખ્યું છે કે **આ હદીષ બે કારણોથી બાતિલ છે.** પ્રથમ એ કે સૂરએ દહ્ર પછી સૂરએ હશ્ર નાઝિલ થઈ અને સૂરએ દહ્રનો નુઝૂલ સૂરએ હશ્ર પછી છે. તો તેનો મતલબ એ થયો કે તે વેળા હઝરત હસન ૯ મહિનાના પણ ન હતા અને હઝરત હુસૈન પેદા પણ ન થયા હતા. તો હઝરત હુસૈન અને તેમના મોટા ભાઈ જે હમણા નવ મહિનાના પણ ન હતા તેઓ કઈ રીતે ત્રણ દિવસ ખાધા પીધા વગર રોઝાદાર રહ્યા ?!

અને બીજુ કારણ એ છે કે તે હદીષના પ્રારંભમાં છે કે હઝરાતે હસ્નૈન કરીમૈનને શિફા મળી ગયા પછી આ ઘટના થઈ. અહલે બૈતના ઘરમાં કાંઈ ન હતું જેથી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم શમ્ઊન યહૂદીને ત્યાં ગયા અને તેની પાસેથી ત્રણ સાઅ જવ લઈને આવ્યા. ત્યારબાદ અલ્લામા કસ્તલાની ફર્માવે છે કે શું હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمને કર્ઝ લેવા માટે યહૂદી જ મળ્યો ! શું અકાબિર સહાબાએ કિરામ મૌજૂદ ન હતા ? જ્યારે કે સહાબીઓમાં અમુક તો ઘણા માલદાર હતા તેઓ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمની જરૂરત પૂરી કરી શકતા હતા, પણ અહીંયાં મામલો એકદમ ઓપોઝિટ છે. જ્યારે અકૃલ તથા નકૃલ બંનેવ રીતે આ હદીષનું બનાવટી હોવું સાબિત થઈ ગયું તો વધુ શક્યતા એ છે કે મુસલમાનોના દિમાગને બગાડવા માટે યહૂદીઓએ એને ઘડી લીધું છે. અને અહલે બૈતે અત્હાર પર પોતાની બડાઈ સાબિત કરવા માટે બનાવટ કરી છે કે યહૂદી ન હોત તો ફાતિમાના સાહબઝાદાઓ હલાકૃ થઈ ગયા હોત. (નઊઝુબિલ્લાહ !)

*(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક, જાન્યુ.–માર્ચ, ૨૦૧૦)*